देवानंद सुवर्णांक

*** દેવાનંદ સુવર્ણાંક ***

શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ
ગોપીપુરા, સુરત તરફથી
ભેટ

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફન્ડ

બડેખાંનો ચકલો. ગોપીપુરા,

સુરત.



પ્રકાશક :
ચોકસી મોતીચંદ મગનભાઈ
શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ
બડેખાનો ચકલો, ગોપીપુરા, સુરત

અનુક્રમણિકા



ગુજરાતી લેખ સંગ્રહ વિભાગ પહેલો.

ગુજરાતી લેખ સંગ્રહ ભાગ બીજો

હિન્દી વિભાગ

અંગ્રેજી વિભાગ



THE LATE
SHETH DEVCHAND LALBHAI JAVERI.

BORN 1853 A. D. SURAT. DIED 13th JANUARY 1906 A. D., BOMBAY.



श्रेष्ठी देवचन्द लालभाई जहवेरी.

जन्म १९०९ वैक्रमाब्दे
कार्तिकशुक्लैकादश्यां (देवदीपावलीदिने)
सूर्यपूरे.

निर्याणम् १९६२ वैक्रमाब्दे
पौषकृष्णतृतीयायाम् (मकरसंक्रान्तितिथौ)
मोहमयीनगर्याम्.

આમુખ

अर्हन्तं तमहं वंदे, सर्वाज्ञानतमोपहं ।
प्रवृत्ता यन्मुखाद् देवी, द्वादशाङ्गी सरस्वती ॥

પરમ વંદનીય અર્હન્ત ભગવાનના વદનકમલમાંથી જન્મ પામી, પ્રાતઃસ્મરણીય ગણધર મહાત્માઓ વડે વિવિધતાને પામી, અનેક પ્રકારના અર્થ વડે ગંભીર બનેલી અને શ્રીમાન મુનિપુંગવો વડે ધારણ કરાયેલી અને વિકાસને પામતી એવી શ્રુતગંગાને શાસ્ત્રકારોએ મોક્ષના અગ્રદ્વાર તુલ્ય, વ્રત અને ચારિત્રરૂપ ફળવાળી, જ્ઞેય ભાવને વ્યક્ત કરવામાં દીપક સમાન અને સમસ્ત લોકને વિષે અદ્વિતીય સારભૂત વગેરે વિશેષણોથી બીરદાવી છે. એવી શ્રુતગંગાની પૂરા પચાસ વર્ષથી પરમપૂજ્યભાવે અનન્ય સેવા કરનારી શ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ નામની સંસ્થાની સુવર્ણ જયંતિ નિમિત્તે પ્રસિદ્ધ થતાં સ્મૃતિગ્રંથના આમુખ રૂપે બે શબ્દો લખવાનું મને સૂચન થયું એ મારું સદ્‌ભાગ્ય છે.

ભારતવર્ષમાં જ્ઞાનની મહત્તા તો પરાપૂર્વથી ચાલતી આવી છે. બ્રાહ્મણ તેમજ શ્રમણ પરંપરામાં જ્ઞાનનો મહિમા અનેક પ્રચલિત સૂત્રોમાં વણી લેવામાં આવ્યો છે. "જ્ઞાનના જેટલું બીજું કંઈ પણ આ લોકમાં પવિત્ર નથી," "જ્ઞાન વિના મુક્તિ નથી," "પહેલું જ્ઞાન ને પછી ક્રિયા," "જ્ઞાન રૂપી દીવાકરને મારા અનેકશઃ નમસ્કાર" ઇત્યાદિ અનેક વાક્યો જ્ઞાનની ઉપાસનાના દ્યોતક છે. બન્ને પરંપરામાં જ્ઞાનની પ્રાપ્તિ એ જ સાધકોનું ઐહિક ધ્યેય રહેતું. શ્રમણ ભગવાન શ્રી મહાવીરનું તપ બીજું કંઈ જ નહિ પરંતુ કેવળજ્ઞાનની પરમ શોધ જ હતું અને એ શોધના ફલસ્વરૂપ જે પ્રાપ્તિ થઈ તે જ કાલાંતરે શ્રુત અને આગમ રૂપે પરિણમી.

શરૂ શરૂમાં આ શ્રુત અને આગમ કેવળ કંઠસ્થ કરાઈ ગુરુદ્વારા શિષ્યને પરંપરામાં પ્રાપ્ત થતા આવ્યા, પરંતુ પુસ્તકારૂઢ થતાં, પવિત્ર જ્ઞાનના દ્યોતક અને સંરક્ષક એવા પુસ્તકોની બહુમાન પૂર્વક સાચવણી થવા માંડી અને આ સાચવણી અનેક ભંડારોના રૂપમાં પરિણમી. આજે પણ નૈસર્ગિક અને યાવની હુમલાઓ થવા છતાં જૈનોનું વિશાળ ધર્મસાહિત્ય અનેક ભંડારોમાં હજીયે સાચવેલું રહ્યું છે, પરંતુ ખેદની વાત એ છે કે જ્યારે પ્રાચીન અને મધ્યકાળમાં સાધન સમૃદ્ધિનો આજના પ્રમાણમાં ખૂબ જ અભાવ હોવા છતાં શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરીશ્વર, શ્રી હેમચંદ્રાચાર્ય તથા ઉ. શ્રી યશોવિજયજી જેવાં અધ્યાત્મ સાહિત્ય સૃષ્ટિના જ્યોતિર્ધરો થઈ ગયાં, ત્યારે આજે સાધન ઉપકરણની અનેક પ્રકારની પ્રચુરતા અને સગવડ હોવા છતાં એવા પ્રકારના વિશિષ્ટ અભ્યાસી દૃશ્યમાન પણ થતાં નથી. જ્ઞાનોપકરણની કેવળ સ્થૂલ અને બાહ્ય પૂજા કરવામાં રચ્યોપચ્યો રહેતો આપણો સાધુ તેમજ ગૃહસ્થવર્ગ "સ્વાધ્યાય" રૂપ અભ્યંતર તપની સાચી ઉપાસના આદરી જ્ઞાનને અપનાવે એ આજના સમયમાં ખાસ જરૂરી છે. નવા ક્ષણજીવી અને અલ્પોપયોગી સાહિત્ય પાછળ નાણાં, સમય અને શક્તિનો વ્યક્તિગતરૂપે દુર્વ્યય કરવા કરતાં, સાચા આધ્યાત્મિક જ્ઞાનનો ઉદ્ધાર કરતી સંસ્થાને વિકસાવવામાં સમાજ સંગઠીત થઈ કાર્ય કરે તો સમાજને અમૂલ્ય અને અપ્રાપ્ય પુસ્તકોની પ્રાપ્તિ થાય અને પરિણામે એવી કેન્દ્રસ્થ સંસ્થા ઉદ્‌ભવે કે જેનો લાભ દેશ પરદેશના જૈન અને જૈનેતર વિદ્વાનો લઈ શકે.

આજે જગતને સાચા આધ્યાત્મિક જ્ઞાનની વિશેષ જરૂર છે. કેવલ પૌદ્‌ગલિક જ્ઞાનના વિકાસથી જગતને સાચી શાંતિ, શસ્ત્રસંન્યાસ અને યુદ્ધવિરામની પ્રાપ્તિ થવાની નથી. 'જીવ' તત્ત્વના સાચા જ્ઞાન વિનાનું

કેવળ "અજીવ" તત્ત્વનું જ્ઞાન અધૂરું જ રહેશે અને જ્યાં સુધી આવી પરિસ્થિતિ રહેશે ત્યાં સુધી પ્રાણી વચ્ચે કેવળ સ્વાર્થાંધતા જ જન્મશે અને કદાપિ સદ્‌ભાવ અને સંપ નહિ પ્રવર્તે એ પરિસ્થિતિને સુધારવા માટે તો આધ્યાત્મિક જ્ઞાનનો જ પ્રચાર કરવો રહ્યો.

એવા સાચા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર કરવામાં શ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડે છેલ્લા પચાસ વર્ષમાં અમૂલ્ય ફાળો આપ્યો છે અને એના પરિમિત ફંડના પ્રમાણમાં સમાજને જે સાહિત્ય પીરસ્યું છે તે એના સંચાલકો માટે એક ગૌરવપ્રદ વસ્તુ છે. સંસ્થા તરફથી પ્રકાશિત કરવાના પુસ્તકોની પસંદગીમાં પણ ધોરણ અત્યંત ઊંચું રહ્યું છે અને પરિણામે સમાજને ઘણા શિષ્ટ ગ્રન્થોનો અનન્ય લાભ પ્રાપ્ત થયો છે.

આ સંસ્થાએ સો ઉપરાંત ઉચ્ચ કક્ષાના ગ્રન્થોનું સંશોધન કરાવી મુદ્રિત કર્યાં છે. સંશોધનના કાર્યમાં ત્રેવીસ જેટલી વ્યક્તિઓ સહાયભૂત થઈ છે. તેમાં પણ પચાસ ટકા ઉપરાંત પુસ્તકોનું સંશોધન એક જ વ્યક્તિએ કર્યું છે અને એ વ્યક્તિ તે આ સંસ્થાના મૂળ સ્થાપક અને સંયોજક આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. એ મહાપુરુષનો તો આ પ્રસંગે જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

આ સ્મૃતિગ્રન્થમાં વિદ્વાન લેખકોના લેખ ઉપરાંત અનેક ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ એની સૂચી ઉપરથી સુવિદિત થાય છે. આજ સુધીમાં, આ સંસ્થાનો અનેક મુનિ-મહારાજો, ગૃહસ્થો, સંસ્થાઓ અને ભંડારોએ ઉપયોગ કર્યો છે. પ્રકાશિત પુસ્તકોમાં સંસ્કૃત, અર્ધ માગધી અને ગુજરાતી પુસ્તકો વિશેષ છે, એકેક પુસ્તકો અંગ્રેજીમાં પણ છે. એ સર્વ પુસ્તકોની યાદી તેમજ ગુર્જર કવિઓ કૃત ગ્રસાદિની પણ યાદી આપી છે અને તે તે વિષયોના અભ્યાસીને ઘણી જ મદદ રૂપ થઈ પડશે. લેખ સામગ્રી જેવી જોઈએ તેવી અને તેવા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ નથી. આ સંસ્થાનો ઉપયોગ અનેક વ્યક્તિઓએ કર્યો છે, તેઓ આ સંસ્થા પ્રત્યેનું તેમનું ઋણ અનેક વિષયોને સ્પર્શતા વિદ્વદ્‌ભોગ્ય લેખો મોકલી અદા કરી શક્યા હોત. કાર્યકર્તાઓની ધગશ અને ઉત્સાહ હોવા છતાં એમને નિરુત્સાહી અને નિરાશ થવું પડે એવી ઉદાસીનતા તો વિદ્વદ્‌વર્ગે ન જ રાખવી ઘટે, છતાં જે જે વિદ્વાનોએ લેખો મોકલી સહકાર આપ્યો છે તે પ્રશંસનીય અને અભિનંદનીય છે.

આ સંસ્થાના ઉત્પત્તિ, અસ્તિત્વ અને વિકાસમાં શ્રી દેવચંદ લાલભાઈના કુટુંબે જે તનમન અને ધનથી સેવા કરી ભોગ આપ્યો છે એ ખરેખર અત્યંત અનુમોદનીય છે. એમાં પણ આ સંસ્થા પ્રત્યેનો શ્રી જીવણચંદ સાકરચંદનો અતુટ પ્રેમ અને તેમાંથી ઉદ્‌ભવેલી એમની સંસ્થાની કરેલી ઉત્તમ સેવાનો આ પ્રસંગે ખાસ ઉલ્લેખ કરવો ઘટે. સંસ્થાની પ્રગતિમાં એમનો હિસ્સો જેવો તેવો નથી. હાલના કાર્યકરોનો ઉત્સાહ પણ તીવ્ર છે છતાં તેઓ સમાજના અને ખાસ કરીને વિદ્વાનોના સંપૂર્ણ સહકાર વગર પોતાની ઉચ્ચલક્ષી ભાવનાઓને મૂર્તસ્વરૂપ આપી શકતા નથી. નિઃસ્વાર્થભાવે એઓ સમાજની સેવા કરતાં હોઈ સમાજે પણ, એમને તન, મન અને ધનથી એમના કાર્યમાં સહાય આપવી જ રહી.

આવી અત્યંત ઉપયોગી કાર્ય કરનારી સાહિત્યોપાસક સંસ્થાને, સેવાભાવી કાર્યકરો, ધર્મશ્રદ્ધાળુ સજ્જનો અને અધ્યાત્મપ્રેમી વિદ્વદ્‌વર્ગ તરફથી હજીએ સારો સહકાર, પ્રેરણા અને ઉત્તેજન મળે એ આશા સાથે, સંસ્થાને ઉત્તરોત્તર પ્રગતિ ઈચ્છી, કાર્યકરોને સંસ્થાના વિકાસના ક્ષેત્રમાં પૂરેપૂરો આવશ્યક સહયોગ મળી સફળતા પ્રાપ્ત થાય એમ પ્રાર્થી, વિરમું છું.

પ્રસન્નમુખ સુરચંદ બદામી

પ્રકાશકીય અને સંપાદકીય
સંયુક્ત નિવેદન

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડનો ઇતિહાસ અને સાહિત્ય સંબંધી દિવ્યદર્શન

સંસ્થાની સ્થાપના

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીનું સંવત ૧૯૬૪ નું ચાતુર્માસ લાલબાગના ઉપાશ્રયમાં થયું હતું. સુરતમાં પ્રથમ પગલાં કર્યા બાદ મુંબઈમાં પણ તેમનું આગમન પ્રથમ વાર જ થયું હતું. સુરતમાં એમના પ્રથમ આગમન દરમ્યાન શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી સાથે એમનો સંસર્ગ થયો હતો અને તે સમયમાં શેઠ ગુલાબચંદ સુરતના એક જાણીતા સુશિક્ષિત ધર્મિષ્ઠ કુટુંબના ધનાઢ્ય નબીરા હતા. તેમને સાહિત્ય તેમજ કેળવણીનો શોખ હતો. શ્રી અને સરસ્વતી એ બંનેના તેઓ કૃપાપાત્ર બન્યા હતા. તેમણે જીવન દરમિયાન લક્ષ્મીનો સદુપયોગ કર્યો હતો.

શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ

પૂજ્ય આચાર્યશ્રીએ એમને ભાવનગરમાં ચાલતી શ્રી જૈનધર્મપ્રસારક સભાના જેવી પ્રકાશન સંસ્થા સુરતમાં સ્થાપવાનું સૂચન કર્યું. અને એ ઉદારાત્મા શેઠશ્રીએ તે તરત સ્વીકારી લીધું. પોતાના સદ્દગત પિતાની પાછળ ખરચવાની રૂપિયા એક લાખની યોજના હતી, તેમાંથી રૂપિયા પંચાવન હજાર નિર્દેશ પ્રમાણે ખર્ચ્યા અને બાકી રહેલા પીસ્તાલીશ હજારની રકમથી તેમણે ઉપર્યુક્ત સૂચન મુજબની સંસ્થાની સ્થાપના કરી અને એ રકમમાં રૂ. ૨૫,૦૦૦ અંકે પચીસ હજાર પોતાની તરફથી ઉમેર્યા તેમજ બાકીના રૂ. ૩૦,૦૦૦ અંકે ત્રીસ હજાર એમના કુટુંબીજનોએ ઉમેરવાથી એ સંસ્થા માટેનું કાયમી ફંડ પૂરા એક લાખ રૂપિયાનું કર્યું. આ સંસ્થાનું નામ ‘ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ ’ રાખવામાં આવ્યું.

ટ્રસ્ટી–મંડળની રચના

તે પછી તેમણે ટ્રસ્ટ કરીને કાયમી મંડળ રચ્યું અને તેમાં કુટુંબના તે વખતના વડીલ શેઠ નગીનભાઈ ઘેલાભાઈ ઝવેરીને મેનેજિંગ ટ્રસ્ટી નીમ્યા. આદ્ય ટ્રસ્ટી તરીકે કામ કરનાર પૈકી શેઠ જીવણચંદ સાંકરચંદ આજે હયાત છે અને આ ઉજવણી મહોત્સવમાં તેઓ સહર્ષ સક્રિય ભાગ લઈ રહ્યા છે, એ ઉભય માટે તેમજ લાગતાવળગતા સૌ કોઈ માટે આનંદનો વિષય છે.

ફંડની સેવાનું ક્ષેત્ર

ઉપર્યુક્ત સંસ્થાને અસ્તિત્વમાં લાવવા અગ્રગણ્ય ભાગ ભજવનાર આચાર્યશ્રીની મુખ્ય ભાવના ફંડ તરફથી પ્રાચીન પ્રસિદ્ધ થનાર આચાર્યોની કૃતિઓને પુસ્તકોમાં પ્રધાન સ્થાન આપવાની હોવાથી પ્રકાશન માટે વિક્રમ સંવત ૧૯૫૦ પહેલાંની કૃતિઓ પૂરતી મર્યાદા બાંધી અને જૈનોના જુદા જુદા ફિરકાઓનું સાહિત્ય જુદું જુદું હોવાથી એ પ્રકાશનમાં શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મને લગતી કૃતિઓ પૂરતી મર્યાદા બાંધી જુદા જુદા ફિરકાઓ વચ્ચે ઘર્ષણ થાય નહિ અને એક માન્યતાનું પ્રતિપાદન થઈ શકે એવો ઉદ્દેશ રાખીને ઉપર મુજબની મર્યાદા નક્કી કરવામાં આવી હતી.

સંશોધકો માટે વિશાળ ક્ષેત્ર

આ સંસ્થામાં પોતે એકલા જ કામ કરે એવી સંકુચિત ભાવના આચાર્યશ્રીની નહોતી તેથી તેમણે જે કોઈ મુનિમહારાજ અગર ઇતર વિદ્વાન એમાં સહકાર આપવા ઇચ્છતા હોય તેમનો સહકાર લેવાની પ્રેરણા ફંડના વહીવટદારોને આપી હતી. વિદ્વાન મુનિરાજો અને ઇતરજનોએ એ પુસ્તકોના પ્રકાશનમાં ઠીકઠીક સહકાર આપી કામ કર્યું છે, તેની સાક્ષી એ સંસ્થા તરફથી અત્યાર પહેલાં પ્રકાશનો પૂરી પાડે છે. એ ફંડમાંથી લગભગ રૂપિયા ૨ા લાખનો વ્યય પ્રકાશનમાં કરવામાં આવ્યો છે અને પાંચ લાખના પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

પ્રકાશન સાથે સંગ્રહ

પુસ્તક પ્રકાશનની સાથે પુસ્તકસંગ્રહનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. દરેક ધર્મના અને નીતિપોષક તેમજ બુદ્ધિવર્ધક વિષયોનાં પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ઘણાં લાંબા સમય સુધી એ સંગ્રહાલયમાંનાં પુસ્તકોનો ઉપયોગ 'રેફરન્સ' પૂરતો કરાતો હતો, પરંતુ હાલ કેટલાક સમયથી એ સંગ્રહાલયનો ઉપયોગ જાહેર પ્રજા પણ લઈ શકે તેવા ઉદાત્ત હેતુથી પ્રેરાઈને ફંડના ટ્રસ્ટીઓએ એને લાયબ્રેરી એટલે કે પુસ્તકાલયનું રૂપ આપીને જાહેર પ્રજાને એના વાચનનો લાભ આપવા માંડ્યો છે. અને જાહેર પ્રજા પણ એનો સારો લાભ લઈ રહી છે. એ સંગ્રહાલયમાં હજારો પુસ્તકો છે અને કેટલાંક પુસ્તકો તો અન્યત્ર અપ્રાપ્ય છે.

આદર્શ પુસ્તકાલય

આ પુસ્તકાલયમાં અનેક સંસ્થાઓનાં પ્રકાશનો ઉપલબ્ધ થાય છે અને એમાં જરૂરી નવાં પ્રકાશનો ઉમેરવાની અમારી ભાવના ચાલુ છે. અમારી હાર્દિક ઇચ્છા સુરત ખાતે એક આદર્શ સુસજ્જ મધ્યવર્તી પુસ્તકાલય બનાવવાની છે. પ્રકાશન સંસ્થાઓ પોતાનાં પ્રકાશનો આ સંસ્થાને ભેટ મોકલે એવી એમને અમારી નમ્ર વિનંતિ છે. વાચકોને પણ આ પુસ્તકાલયનો વધુ ને વધુ લાભ લેવાની અમારી હાર્દિક વિનંતિ છે.

બદલામાં પુસ્તકો આપવાલેવાની પ્રવૃત્તિ
(Exchange of Books)

આજે ઘણી સંસ્થાઓ 'એક્ષ્ચેન્જ ઓફ બુક્સ'ની પ્રવૃત્તિનો સ્વીકાર કરતી રહી છે અને અમે પણ એ પદ્ધતિ સ્વીકારી છે. જે સંસ્થાઓ અમને પોતાનાં પુસ્તકો મોકલશે તેમને અમે અમારાં પ્રકાશનો આપીશું.

પ્રચાર-યોજના

અગાઉના સમયમાં ચાતુર્માસ દરમ્યાન વિદ્વાન મુનિમહારાજઓને ચોમાસામાં પોતાનો સંગ્રહ એક ગામથી બીજે ગામ લઈ જવો પડતો હતો. આજે એ ફેરફારી ઓછી થઈ છે. અમે આ સ્થળેથી લાગતા-વળગતા સૌ કોઈને વિનંતિ કરીએ છીએ કે તમે તમારા સંગ્રહો અમુક 'સેન્ટરો'માં મૂકો અને ભંડારો સ્થાપો.

જ્ઞાનખાતાના દ્રવ્યની વ્યવસ્થા

ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનખાતાની ઊપજ થાય છે. તેમાંથી દરેક ગામે ભંડારો સ્થપાય તો જ્ઞાનપરબો દ્વારા દરેક જિજ્ઞાસુ વ્યક્તિને લાભ મળી શકે. દરેક સ્થાનોના જ્ઞાનખાતાઓમાં હજારો જમા હોય છે તે રકમનો ઉપયોગ કરવા ટ્રસ્ટીઓએ કટીબદ્ધ થવું ઘટે.

અભ્યાસ માટે સગવડો (એક અભ્યાસક્રમ નક્કી કરવો જરૂરી છે.)

દરેક મુખ્ય શહેરમાં મુનિઓનાં ચાતુર્માસ થાય છે ત્યાં જો સારા લાયક વિદ્વાનો રોકી મુનિઓ માટે યોગ્ય અભ્યાસનો પ્રબંધ કરાય તો વ્યવસ્થિત અભ્યાસ વધતો જાય અને અભ્યાસની પ્રગતિ રૂંધાતી

અટકી જાય. આજે તો સુરતમાં શરૂ કરેલો અભ્યાસ ચાતુર્માસ અર્થે પાટણ જવાનું થતાં બદલાય અગર તો એક પંડિતને કાયમ સાથે રાખવા પડે તેવી પદ્ધતિ છે. તેમાં પરિવર્તન થાય અને યુનિવર્સિટીની માફક અમુક નક્કી કરેલા અભ્યાસક્રમમાં વિદ્વાનો તૈયાર થાય તો આપણો સમાજ સારા વિદ્વાન મુનિઓ મેળવવા ભાગ્યશાળી થાય. આજે આ બાબત ખૂબ જરૂરી છે. આપણો નૂતનશિક્ષિત યુવાનવર્ગ મુનિમહારાજોનાં વ્યાખ્યાનો સાંભળવાથી દૂર થતો જાય છે અને સાચી ધર્મભાવનાથી વંચિત થતો જાય છે, તે સ્થિતિ ટાળવાને આમ કરવાનું બહુ જરૂરી લાગે છે. આજે પણ શક્તિશાળી વિદ્વાન વ્યાખ્યાનકાર નૂતન શિક્ષિત યુવાનવર્ગને ઠીકઠીક આકર્ષે છે એટલું જ નહિ પણ વિદ્વાન જૈનેતરો પણ એમનાં વ્યાખ્યાનોનો સારો જેવો લાભ લે છે. આ સંબંધમાં આપણા દરેક સમુદાયના વિદ્વાન મુનિરાજોનો સંપર્ક સાધી એમની સલાહ સૂચના ધ્યાનમાં લઈ ચોક્કસ અભ્યાસક્રમ નક્કી કરાય અને એ દિશામાં આગળ પ્રગતિ કરાય એની આજે અનિવાર્ય જરૂર છે. એવી રીતે નક્કી થયેલા અભ્યાસક્રમ મુજબનાં પુસ્તકો પ્રકાશન સંસ્થાઓ પૂરાં પાડી શકે તેમ પણ થવું જોઈએ. અમારી સંસ્થા આવા કાર્યમાં જરૂરી સક્રિય સહકાર આપશે જ.

આજે પ્રગટ થતાં પ્રકાશનો

આજે બહાર પડતાં પ્રકાશનો તરફ નજર કરીએ તો માલુમ પડે છે કે મોટે ભાગે અભ્યાસ માટે જરૂરી અને નિત્યનિયમોનાં પુસ્તકોનું પ્રકાશન થાય છે અને તેનું સારું વેચાણ થાય છે.

વાચકોને નવલકથાઓનો ભારે શોખ હોય છે અને તેમાં જૈન કથાસાગર અને કથાનુયોગ જેવાં પુસ્તકો મુખ્ય હોય છે. વ્યાખ્યાનોનો સંગ્રહ પણ સારા પ્રમાણમાં છપાય છે. અને એવાં પુસ્તકો પણ ઠીકઠીક પ્રમાણમાં વેચાય છે અને વંચાય છે. વિદ્વાન મુનિરાજોનાં બોધપ્રદ વ્યાખ્યાનો સરળ અને ગુજરાતી ભાષામાં આકર્ષક સ્વરૂપમાં બહાર પડે છે અને લોકો તેનો સારો લાભ લે છે.

આજે આપણી બહુમૂલ્યવંતી પ્રાચીન વિદ્દદ્‌ભોગ્ય કૃતિઓનાં સરળ અને સુગમ્ય ભાષાંતરો થવાની જરૂર છે. વિદ્દદ્‌ભોગ્ય સાહિત્યના વાચકોની સંખ્યા દિન પર દિન ઘટતી જાય છે. ભારત સરકારે બિનસાંપ્રદાયિકત્વનાં સિદ્ધાન્ત અપનાવવાને લીધે શાળાઓમાંથી અને કોલેજોમાંથી ધાર્મિક શિક્ષણને રૂખસદ આપવામાં આવી છે અને તે તે સંપ્રદાયના અનુયાયીઓને સરળતાથી સમજાય એવાં પુસ્તકોનો અભાવ સાલે છે.

આજની પ્રકૃતિમાં વિદ્વાનો અભ્યાસકોને યોગ્ય સાહિત્યમાં વિવરણ શક્ય તેટલું વધુ સ્પષ્ટ કરતા જાય છે. તેથી મૂળ ગ્રંથોનું ગાંભીર્ય સમજાવું મુશ્કેલ બને છે. મૂળ ગ્રંથોનુ ગાંભીર્ય સમજાવા માટે વધુ જ્ઞાન મેળવવાનુ જરૂરી છે. સારાં સુગમ્ય ભાષાંતરો થવાથી ગાંભીર્ય સમજવાનું સરળ થાય છે.

વિદ્વદ્‌ભોગ્ય સાહિત્યની પ્રણાલિકા

અમારી સંસ્થાએ આજસુધી વિદ્દદ્‌ભોગ્ય સાહિત્ય પ્રકાશનની યોજના વિચારી છે. અપ્રગટ આગમના ગ્રંથોનું પ્રકાશન ચાલુ છે. આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ આગમવિભાગમાં સુંદર પ્રકાશન કર્યું છે. તેનું પુનઃ પ્રકાશન કરવાની અમારી યોજના નથી, પરંતુ તેઓશ્રી તરફથી જે બાકી રહ્યું છે તેનું પ્રકાશન કરી નવીન ચૂર્ણિઓ, વૃત્તિઓ, અવચૂરિઓ અને દીપિકા સમાજ સમક્ષ મૂકવાની અમારી અભિલાષા છે. શાસનદેવો અમારી એ અભિલાષા પૂર્ણ કરો એવી એમને અમારી પ્રાર્થના છે.

સાહિત્યસેવાનું સર્વોત્તમ ક્ષેત્ર

આજે સમાજના ઉત્કર્ષ માટે અનેક ક્ષેત્રો છે, તેમાં અમારું ક્ષેત્ર સાહિત્યસેવાનું છે. સાહિત્ય એ નિર્મળ જળ છે. એ નિર્મળ જળનું પાન કઈ રીતે કરવું તે વિચારવા યોગ્ય છે. અને પાનારે કેટલી રીતે

એ જળપાન કરાવવું તે પણ વિચારવા યોગ્ય છે. આજે કેટલાય વિદ્વાનો સાહિત્યના નિર્મળ જળને પોતાના દુષ્ટ વિચારોથી કલુષિત કરી સમાજને ખોટા પ્યાલા આપી ઉન્માર્ગે લઈ જઈ રહ્યા છે તે સામે લાલબત્તી ધરવાનું પણ જરૂરી છે. ઉત્સૂત્રભાષી બનવું એ એક ખૂબ મોટું પાપ છે. જૈન શાસ્ત્રોએ એ વાત પોકારી પોકારીને ફરી ફરી કહી છે એથી અટકવાનું આજના જૈનસમાજ માટે ખૂબ જ આવશ્યક છે.

પુસ્તકોદ્ધાર ફંડની વિશિષ્ટતા

શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો અડધી કિંમતે વેચાય છે એ એની વિશિષ્ટતા છે. અને એ અંગે આવતી અડધી ખોટ ફંડ ભોગવે છે. એ રીતે ભોગ આપવા દ્વારા એ ફંડ સમાજને સસ્તું અને શ્રેષ્ઠ કોટિનું સાહિત્ય પૂરું પાડે છે.

ગામેગામ જ્ઞાનભંડારોની સ્થાપના

ગામેગામના જ્ઞાનભંડારોને સમૃદ્ધ કરવાના ખ્યાલથી ટ્રસ્ટીએ અમે લગભગ રૂપિયા ૧૫,૦૦૦ અંકે પંદરહજારની કિંમતનાં અમારાં પ્રકાશનો તેમને ભેટ તરીકે આપ્યાં છે. એની યાદી આ સાથે જોડેલ છે. અમારી ભાવના દરેક મુનિશ્રીના ચાતુર્માસનાં સ્થાનોમાં ભંડારો સ્થાપવાની છે. આમ થાય તો ચાતુર્માસ દરમિયાન મુનિશ્રીઓ એ ભંડારોનો લાભ લઈ શકે અને જ્ઞાનપિપાસુઓને આપી શકે. આજે ઘણા ભંડારો મોજૂદ છે. અને જ્યાં ન હોય ત્યાં સ્થાપવાની જરૂર છે.

સંશોધન કેન્દ્ર (Research Institution)

અમારી ભાવના પુના અને અમદાવાદની માફક સુરત ખાતે સંશોધન કેન્દ્ર સ્થાપવાની છે. સંશોધન કરનારાઓને પૂરતી સગવડો મળી રહે તેવું સુસજ્જ પુસ્તકાલય આપણે બનાવવું જોઈએ અને એની સાથે સાથે તેઓ નિશ્ચિંતતાથી સંશોધનનું કાર્ય કરી શકે તેવી દરેક પ્રકારની સગવડ તેમને માટે કરી આપવી જોઈએ. આમ થાય તો જ એ સંશોધન કેન્દ્રમાં કામ કરનારા ઉપયોગી કાર્ય કરી શકે અને એવા સંશોધન કેન્દ્ર પ્રત્યે આકર્ષાય. આ સંબંધમાં શ્રી કુલચંદભાઈ હરિચંદ દોશી મહુવાકરનો " ભારત જૈન જ્ઞાન વિહાર " શિર્ષક લેખ ઘણો મનનીય અને અનુકરણીય છે.

સગવડનો પ્રકાર

સુરતમાં ઘણી ધર્મશાળાઓ છે. તેમાં તેમને ઉતરવાની સગવડ આપી શકાય અને અન્ય ખર્ચ માટે પુરસ્કાર તરીકે આર્થિક સહાય આપી શકાય અને એ સહાય પુસ્તક પ્રકાશનમાં મજરે મળી શકે. સારી કામગીરી માટે પારિતોષિકો પણ આપવાનો પ્રબંધ કરી શકાય.

સાગરજીની અપ્રગટ કૃતિઓ

આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજની અનેક કૃતિઓ લગભગ ૨૨૦ અપ્રગટ છે. તે છપાવવાનો યોગ્ય પ્રબંધ કરવાની જરૂર છે. એ કૃતિઓ અમારી સંસ્થાએ મુકરર કરેલ સમય બહારની હોવાથી અમારું ટ્રસ્ટ તે છપાવી શકતું નથી. આમ હોવાથી અમે "શ્રી જૈન આનંદ પુસ્તકાલય "ના કાર્યવાહકોને તેમની અપ્રગટ કૃતિઓ છપાવવાનો યોગ્ય પ્રબંધ કરવાની નમ્ર સૂચના કરીએ છીએ. તેઓશ્રીના સમુદાયમાંના અનેક વિદ્વાન મુનિરાજો પણ સ્વતંત્ર રીતે સાહિત્ય સેવા કરી રહ્યા છે. તેમનું પણ અમે આ કાર્ય પરત્વે લક્ષ ખેંચીએ છીએ. એ કૃતિઓ પ્રગટ થાય તો જૈન સમાજને ઘણો લાભ થાય તેમ છે. એમની વિદ્વત્તા માટે બે મત નથી. જૈન સમાજને એમની એ મહામૂલ્યવંતી કૃતિઓનો લાભ જલદી મળે તેમ કરવાનું જરૂરી છે.

સુરતના ભંડારોનું એકમ (The Central Library)

પાટણમાંના એકેએક જ્ઞાનભંડારને એકત્ર કરી એક વ્યાપક ભંડાર કલિકાળસર્વજ્ઞ આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરિજીના પુનીત અભિધાનશ્રી અંકિત કરીને 'સેન્ટ્રલ લાયબ્રેરી' સ્થાપવામાં આવી છે. એની વ્યવસ્થા પણ બહુ સુંદર રીતે થઈ રહી છે. જો સુરતના અલગ અલગ એવા નાના ભંડારોનું પાટણની જેમ એકમ કરી તેને 'સેન્ટ્રલ લાયબ્રેરી'નું સ્વરૂપ અપાય તો જૈન સમાજને ઘણો લાભ થાય તેમ છે. આજે એવા નાના ભંડારોમાંથી વાચકોને પુસ્તકો વાંચવા આપવાની કોઈ યોગ્ય વ્યવસ્થા નથી. એવા ભંડારો પોતાની માલિકી, ભંડારનું નામ વગેરે કાયમ રાખીને ફક્ત વાચકોને પુસ્તકો આપવા માટેની કેંદ્રિત વ્યવસ્થા માટે સેન્ટ્રલ લાયબ્રેરી જેવી સંસ્થા ઊભી કરાય તેમાં પોતાનો સાથ પૂરાવે તે ઇચ્છનીય છે. સુરતમાં ૧૩,૦૦૦ હસ્તલિખિત પ્રતોની યાદી પ્રગટ થઈ છે. એ બધી પ્રતોનો કુલ ૧૨ જુદા જુદા ભંડારોમાં સંગ્રહ કરાયેલ છે. લગભગ દરેક ઉપાશ્રયમાં જુદા જુદા સમુદાયના મુનિરાજોનાં સંગ્રહના પુસ્તકોનાં કબાટો નજરે પડે છે. એ બધાનું એક એકમ કરી 'સેન્ટ્રલ લાયબ્રેરી' જેવું કેન્દ્રિત પુસ્તકાલય કરાય અને તેનો લાભ વાંચનારાઓને આપવાનો પ્રબંધ કરાય તો વધતી જતી વાચનભૂખના સમયમાં જૈન સમાજની ઉપયોગી સેવા કરવાની તક સાંપડશે અને તેથી સારું જેવું પુણ્ય ઉપાર્જન થવા ઉપરાંત જ્ઞાનપરબમાં ભાગીદાર બન્યાનો સંતોષ માણવાનું ભાગ્ય પ્રાપ્ત થશે.

ઉપકાર અને આભાર

છેવટમાં સદ્ગત શેઠ ગુલાબચંદ દેવચંદ જેઓએ સૂર્યપુરને સાહિત્યક્ષેત્ર બનાવી પોતાના પિતાશ્રીનું કાયમી સ્મારક સુરત ખાતે સ્થાપી સૂર્યપુરને સાહિત્યક્ષેત્રમાં અગ્રસ્થાને સ્થાપ્યું છે, તે માટે અને અનેક જૈન ગ્રંથોનું પ્રકાશન કરીને, ભેટ આપીને, પ્રચાર કરીને આ ફંડને અનન્ય સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે તે માટે તેમનું અમો જેટલું સ્મરણ કરીએ અને ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

આ દેવાનંદ સુવર્ણાંક માટે જે જે આચાર્યદેવો, મુનિપુંગવો, શ્રદ્ધાસંપન્ન શ્રાવક બંધુઓ વગેરેએ સમયનો સદ્ઉપયોગ કરી મનનીય લેખો લખી મોકલ્યા છે, તે બધાનો આ અંકના પ્રકાશકો હાર્દિક આભાર માને છે. વિશેષમાં આ અંકને સમૃદ્ધ બનાવવામાં જે જે વ્યક્તિઓએ ફાળો આપ્યો છે તે સર્વેનો પણ અત્રે આભાર માનવામાં આવે છે. આ અંક માટેના નિવેદનમાં અનેક સાહિત્ય વિષયોનો સ્પર્શ કરવામાં આવ્યો હતો તેમજ તેને અંગેના લેખો પણ માગવામાં આવ્યા હતા, છતાં ઘણા લેખકોએ તે વિષયોનો ખ્યાલ નહિ કરી, જુદા જુદા વિષયો ઉપર લેખો મોકલી આપ્યા છે. આ લેખો પણ ઉપયોગી હોવાથી તેમજ લેખકોનો સહકાર જરૂરી હોવાથી અમોએ એને યોગ્ય સ્થાન આપ્યું છે. અને દરેક લેખકનો અમો આ તકે ઉપકાર માનીએ છીએ.

અનેક વિષયોના લેખો અમોને મળ્યા છે. લેખકોના મંતવ્યો તેઓના અંગત છે. અમારી સંસ્થાને તેઓના વિચારો સાથે સંમત સમજવી નહિ.

દીલગીરીની નોંધ

આ ફંડના આદ્ય મેનેજિંગ ટ્રસ્ટી શેઠ નગીનભાઈ ઘેલાભાઈ જેઓ આ ફંડના સ્થાપક કુટુંબના વડીલ હતા અને જેઓની હસ્તક દશ વર્ષમાં ૫૬ ગ્રંથો પ્રકાશિત થયા હતા તેઓ તથા તેઓના સહ ટ્રસ્ટીઓ તરીકે શેઠ કેશરીચંદ રૂપચંદ, ફૂલચંદ કસ્તુરચંદ, અમરચંદ કલ્યાણચંદ, મંછુભાઈ સાકરચંદ, નેમચંદ અભેચંદ, સાકરચંદ ખુશાલચંદ વગેરે ટ્રસ્ટીઓ દેવગત થયા છે, તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને તેઓએ પોતાની હયાતી દરમ્યાન પોતાની બુદ્ધિનો સદ્ઉપયોગ આ ફંડની કાર્યવાહીમાં આપ્યો હતો જેને અંગે ટ્રસ્ટીઓ તરફથી અમો તેઓનો ઉપકાર માનીએ છીએ.

અંકના સુધારાનું સૂચન

લેખ સંગ્રહ પા. ૮ આચાર્ય કીર્તિવિજયસૂરિને બદલે કીર્તિસાગરસૂરિ સમજવું.

પા. ૫માં શ્રી જયન્તિલાલ દવે ભાઈશંકર નામ સાથે પ્રો. વંચાવું

પા. ૪૪માં ખુલાસો સંશોધન વિભાગ.

નં. ૧૦ ઠાણાંગ દીપીકા નામથી સંશોધક બાકી છે.

નં. ૧૨ આચારાંગ તત્ત્વાગમાવચૂર્ણિ લક્ષ્મીકલ્લોલ સંશોધક તરીકે ઉપાધ્યાય કૈલાસસાગરજી ક્ષમાસાગરજીને સોંપવામાં આવ્યું છે.

નં. ૧૪ પ્રશ્ન વ્યાકરણ દીપિકા આચાર્ય રામસૂરિ ડેલાવાળાને સોંપવામાં આવ્યું છે.

નં. ૧૫ જીવાભિગમ હરિભદ્રીય સંશોધક બાકી છે.

પ્રકાશિત ગ્રંથો પૈકી

પિંડનિર્યુક્તિ	૪૪	જુદા જુદા ટીકાકારોની કૃતિઓનું પુનઃ પ્રકાશન થશે.
દશવૈકાલિક	૪૭	
જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ	૫૨–૫૪	
ઉત્તરાધ્યયન	૩૩–૩૬–૪૧	

(૧) મહાનશ્રુતધરોના ચરિત્રો તેમની કૃતિઓ વગેરે સંબંધમાં અમોએ લેખો માગ્યા હતા. તેમજ અમોને અનેક મુનિઓ તરફથી લેખો પણ મલ્યા છે ચરિત્રો અન્યત્ર ઘણા વિસ્તારથી લખાયા છે. જેથી એ વિભાગ અમોએ જુદો છપાવવા વિચાર્યું છે. એને અંગે અગાઉ છપાયેલા લેખો પણ જોવાના રહે છે જેથી લખાયેલ ચરિત્રમાં વિચારભેદને સ્થાન રહે નહિ.


(૨) આગમવિસ્તારઃ જે ગ્રંથોના નામો અમોએ ગ્રંથ પ્રકાશનની નવીન યોજનામાં દાખલ કર્યાં છે, તેના સંશોધકોને ખ્યાલ આવી શકે તે માટે અન્યત્ર છપાશે

કેશરીચંદ હીરાચંદ ઝવેરી
સૂચવનાર

મોતીચંદ મગનભાઈ ચોકસી
વગેરે ટ્રસ્ટીઓ

મહાન શ્રુતધરો

(૧) શ્રી મહાવીરનિર્વાણ પછીના શ્રુતધરો	
(૨) ભદ્રબાહુસ્વામી	મુનિશ્રી હરિભદ્રવિજયજી
(૩) સિદ્ધસેન દીવાકરજી	,, પં. ધુરંધરવિજયજી
(૪) દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ	,, પં. સુશીલવિજયજી
(૫) હરિભદ્રસૂરિજી	,, ભદ્રગુપ્તવિજયજી
(૬) ઉમાસ્વામીજી	,, રૂચકવિજયજી
(૭) નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજી	,, પં. બેચરદાસજી
(૮) આ. હેમચંદ્રસૂરિજી	શ્રી ફતેહચંદ ઝવેરચંદ
(૯) આ. મલ્લધારી હેમચંદ્ર	મુનિશ્રી જ્ઞાનવિજયજી
(૧૦) ઉ. યશોવિજયજી	ઉપાધ્યાય દેવેન્દ્રસાગરજી
(૧૧) આ. આનંદસાગરસૂરિજી	શ્રી કંચનવિજયજી
(૧૨) કવિચક્રવર્તી શ્રીપાલ	શ્રી દર્શનવિજયજી ત્રિપુટી



श्रीमदानन्दसागरसूरीश्वराः ।

ભગવાન મહાવીરનાં નમસ્કાર કાવ્યો

સંચયકાર : શ્રી હીરાચંદ સ્વરૂપચંદ

नमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स ।

શ્રમણુ ભગવાન મહાવીરને નમસ્કાર હો.

ભગવાન મહાવીર કોણુ હતા? તેમને ભગવાન શા માટે કહે છે? મહાવીર શા માટે કહે છે? તેમણે કયાં કયાં મહાન કાર્યો કર્યાં એ સર્વે આપ સારી રીતે જાણો છો, એટલે એ વસ્તુની વિચારણા બાજુ પર છોડી દઈને માત્ર મહાન પૂર્વાચાર્યોએ તેમની જે સ્તુતિ કરી છે તેનું વિવેચન કરીશું.

અનેક મહાન પૂર્વાચાર્યોએ અનેક ગ્રંથોમાં આદિમાં શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરી છે તેનું યતકિંચિત યથાશક્તિ યથામતી નમ્રપણે વિવેચન કરી મારી લેખીનીને ધન્ય બનાવવા પ્રયત્ન કરું છું.

मंगलं भगवान् वीरो मंगलं गौतमप्रभुः ।
मंगलं स्थूलिभद्राद्या जैनधर्मोऽस्तु मंगलम् ॥१॥

અર્થ—'**અષ્ટમંગલ પૂજન વિધિ**'માં શાસ્ત્રકાર–ગ્રંથકાર–મહારાજા ભાવમંગલની સ્થાપના કરતાં લખે છેઃ શ્રી વીર ભગવાન મંગલ છે, શ્રી ગૌતમસ્વામીજી મંગલરૂપ છે, સ્થુલિભદ્ર આદિ મુનિ મંગલરૂપ છે અને જૈન ધર્મ પણુ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ભાવ મંગલ છે. (૧)

नमो दुर्वाररागादि–वैरीवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥२॥

અર્થ—વિશ્વવંદ્ય કલિકાળસર્વજ્ઞ ભગવંત **હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી** મહારાજ '**યોગશાસ્ત્ર**'ની રચના કરતાં થકાં મંગલાચરણને વિષે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ 'જેમણે રાગ–દ્વેષ આદિ અંતરંગ શત્રુઓની સેનાને મારી નાખી છે, જેઓ પૂજાવાને યોગ્ય છે, જેઓ યોગીઓના નાથ છે તે શ્રી વીર પરમાત્મા તમારું રક્ષણુ કરો, અને તેમને નમસ્કાર થાઓ. (૨)

पन्नगे च सुरेंद्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेष–मनस्काय श्रीवीरस्वामिने नमः ॥३॥

અર્થ—બીજા શ્લોકમાં લખે છે : કૌશિક સર્પે દ્વેષ બુદ્ધિથી ભગવાન મહાવીરના ચરણુને દંશ દીધો, કૌશિક ગોત્રમાં ઉત્પન્ન થયેલ ઇંદ્રે ભક્તિભાવ વડે પ્રશસ્ત રાગની બુદ્ધિથી ભગવાન મહાવીરના ચરણુને સ્પર્શ કર્યો.

દંશ દેનાર ચંડકૌશિક સર્પ ઉપર જેમને દ્વેષ નથી, ભક્તિભાવ વડે પ્રણુામ કરનાર ઇંદ્ર ઉપર જેમને પ્રેમ નથી, બન્નેની ઉપર જેમને સમભાવ છે તે શ્રી વીર પરમાત્માને મારો નમસ્કાર થાઓ. (૩)

कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं वंदे श्रीज्ञातनंदनम् ॥४॥

અર્થ—વિશ્વવંદ્ય કળિકાળ સર્વજ્ઞ ભગવંત **હેમચંદ્રાચાર્યજી** '**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**'ની

રચના કરતાં 'પરિશિષ્ટ પર્વ'માં મંગલાચરણને વિષે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ— કલ્યાણરૂપી વૃક્ષને ઉગવાને માટે જે બગીચા સમાન છે, જ્ઞાનરૂપી ગંગા નદીના ઉદ્‌ભવસ્થાન માટે જે હિમાચલ પર્વત સમાન છે, વિશ્વરૂપી કમળને ખીલવવાને માટે જે સૂર્ય સમાન છે તે જ્ઞાતપુત્ર શ્રી મહાવીરને હું નમસ્કાર કરું છું. (૪)

पांतु वः श्रीमहावीर-स्वामिनो देशनागिरः ।
भव्यानामांतर-मल-प्रक्षालनजलोपमाः ॥५॥

અર્થ—'પરિશિષ્ટપર્વ'ના મંગલાચરણમાં આગળ લખે છેઃ—ભવ્ય જનોના હૃદય-મંદિરમાં જામી ગયેલા કામ, ક્રોધ, વિષય, કષાય, મોહ, મમતા, રાગ, દ્વેષ, કુડ, કપટ આદિ આંતરિક મળને દૂર કરવા માટે જેમની વાણી પાણી-જળ-સમાન છે તે ભગવાન મહાવીર તમારું રક્ષણ કરો. (૫)

अनन्तविज्ञानमतीतदोषमबाध्य-सिद्धान्तममर्त्यपूज्यम् ।
श्रीवर्धमानं जिनमाप्तमुख्यं स्वयम्भुवं स्तोतुमहं यतिष्ये ॥६॥

અર્થ—વિશ્વવંદ્ય કળિકાળસર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યસૂરિજી 'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા' નામના ગ્રંથમાં ભગવાન મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં મંગલાચરણને વિષે લખે છેઃ

'જેમનું વિજ્ઞાન અનન્ત છે, જેમના દોષ નાશ પામ્યા છે, જેમના સિદ્ધાન્તો અબાધ્ય છે, જેઓ દેવોને પણ પૂજ્ય છે, જેઓએ રાગ-દ્વેષને જીત્યા છે, ડાહ્યા પુરુષોમાં જે મુખ્ય છે, જે સ્વયંભુ છે એ શ્રી વર્ધમાનસ્વામીની સ્તુતિ કરવાનો હું પ્રયત્ન કરીશ. (૬)

अगम्यमध्यात्मविदामवाच्यं वचस्विनामक्षवतां परोक्षम् ।
श्रीवर्धमानाभिधमात्मरूप-महं स्तुतेर्गोचरमानयामि ॥७॥

અર્થ—કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય 'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા'માં વર્ધમાન પરમાત્માની સ્તુતિની રચના કરતા મંગલાચરણને વિષે લખે છેઃ—હું હેમચંદ્રસૂરિ અધ્યાત્મવેત્તાઓને અગમ્ય તથા નિષ્પાપ, વાક્‌પટુ, વાણીવિલાસી અને નિપુણ પંડિત એવા પુરુષોને અવાચ્ય, અગમ્ય, તેમજ ચર્મચક્ષુવંત પ્રાણીઓની દૃષ્ટિને અગોચર એવું શુદ્ધાત્મરૂપ, ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીનું અદ્‌ભુત સ્વરૂપ સ્તુતિ-ગોચર કરું છું અર્થાત્ તે પરમાત્માના ગુણનું વર્ણન કરવાને યત્કિંચિત્ પ્રયત્ન કરીશ. (૭)

सिद्धार्थभूशासननन्दनेन चिद्व्यूहदेवांघ्रिपनन्दनेन ।
ताप-व्यपोहोत्तम-चन्दनेन विकासितं विश्वमनिन्दनेन ॥८॥

અર્થ—શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ સાહેબ 'ઉપદેશપ્રાસાદ'માં શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ—શ્રી સિદ્ધાર્થ રાજાના રાજ્યને આનંદ આપનારા, મનના વ્યૂહ એટલે વિચારણારૂપ રચનારૂપી કલ્પવૃક્ષના સમૂહમાં નંદનવન જેવા, તાપને દૂર કરવામાં ચંદન સમાન અને વિશ્વના માણસોના મનને ખુશ કરનારા શ્રી મહાવીર પ્રભુને હું નમસ્કાર કરું છું. (૮)

श्रीमत् वीर जिनेश रवि मिथ्यातम हरतार ।
विघन हरन मंगल करन वंदू वृष करतार ॥९॥

અર્થ—દિગમ્બર સંપ્રદાયના શ્રી કુંદકુંદાચાર્ય 'અષ્ટપાહુડ' નામના ગ્રંથમાં મંગલાચરણ કરતાં શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન, વિઘ્ન હરનાર, મંગલના કરનાર અને ધર્મના કરનાર શ્રી વીરપ્રભુ જય પામો કે જેઓ જ્ઞાનાદિ લક્ષ્મી યુક્ત છે. (૯)

जयइ जग जीव जोणी वियाणओ जगगुरु जगानंदो ।
जगनाहो जग बंधो जयइ जगप्पीयामहो भयवं ॥
जयइ सुयाणं पभवो तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरुलोगाणं जयइं महप्पा महावीरो ॥१०॥

અર્થ—**શ્રીદેવર્ધિગણી ક્ષમાશ્રમણ 'નંદીસૂત્ર'**ની રચના કરતાં થકાં મંગલાચરણને વિષે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ જગતમાં ઉત્પન્ન થતી ચોરાશી લાખ જીવાયોની જાણનારા, જગતના ગુરુ, જગતને આનંદ આપનારા (શ્રી વીર પરમાત્મા) જય પામો. જગતના નાથ, જગતના બંધુ, જગતના પિતા, મહા ઠકુરાઈવાળા ભગવાન જય પામો. જેઓએ સૂત્રોને ઉત્પન્ન કર્યા છે, અપચ્છીમ–છેલ્લા તીર્થંકર છે તે શ્રી વીર પરમાત્મા જય પામો. જેઓ જગતના ગુરુ છે તે મહાત્મા મહાવીર જય પામો. જય પામો. (૧૦)

आसाद्य यद्वाक्यरसं बुधानां पियूषपानेऽपि भवेद् घृणैव ।
नमाम्यहं विश्वजनीन-वाचं वाचंयमेन्द्रं जिन-वर्धमानम् ॥११॥

અર્થ—ન્યાયવિશારદ મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજ **'વૈરાગ્ય-કલ્પલતા'**માં મંગલાચરણમાં શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ જેમની વાણી–સુધાનું પાન કર્યા પછી દેવોને અમૃતના પાનમાં–દેવોના દિવ્ય, અલૌકિક ભોગવિલાસમાં પણ ઘૃણા ઉત્પન્ન થાય છે, વળી જેમની વાણી વિશ્વને આનંદ આપનારી છે, જેઓ સાધુઓમાં ઈંદ્ર સમાન છે, જેઓએ રાગ–દ્વેષને જીતી લીધા છે એવા શ્રી વર્ધમાન–વીર પરમાત્માને હું નમસ્કાર કરું છું. (૧૧)

श्रीवीरं क्षीरसिन्धूदकविमलगुणं मन्मथारिप्रघातं ।
सानन्दं चन्द्रभूत्याऽमृतवचनरसं दत्तदृक्कर्णबोधम् ।
श्रीपार्श्वं विघ्नवल्लीवनदलनविधौ विस्फुरत्कान्तिधारं ।
वन्देऽहं भूरी भक्त्या त्रिभुवनमहितं वाङ्मनः काययोगैः ॥१२॥

અર્થ—કોઈ એક ઠેકાણે પૂર્વાચાર્ય લખે છેઃ ક્ષીર સમુદ્રના પાણી જેવા જેમના નિર્મલ ગુણ છે, કામદેવરૂપી શત્રુનો જેણે નાશ કર્યો છે, જેઓ પોતાની વાણી–સુધાથી જગતના જીવોને ચન્દ્રના કિરણની માફક શાંતિ અને આનંદ આપે છે અને જેઓએ પોતાના વચનામૃતથી જગતના જીવોની દષ્ટિ અને કાનને બોધ આપ્યો છે તે શ્રી વીર પરમાત્માને હું ભક્તિભાવે વંદન કરીને વચનયોગ અને કાયયોગથી નમસ્કાર કરું છું. એ જ શ્લોકમાં આગળ લખે છેઃ વિઘ્નરૂપ વેલલતાઓના વનને બાળી નાખવાને જેઓ અગ્નિ સમાન છે, વિસ્ફુરિત–આશ્ચર્યજનક કાન્તિને ધારણ કરનારા, ત્રણ જગતના લોકો વડે પૂજાયેલા, શ્રી પાર્શ્વનાથ ભગવાનને ભક્તિભાવથી વચનયોગ, મનોયોગ અને કાયયોગથી હું નમસ્કાર કરું છું. (૧૨)

सदा योगसात्म्यात्समुद्भूतसाम्यः, प्रभोत्पादित-प्राणी-पुण्य-प्रकाशः ।
त्रिलोकीश वंद्यस्त्रिकालज्ञनेता, स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥१३॥

અર્થ—સંસ્કૃતના પ્રખર પંડિત, વિક્રમરાજા–પ્રતિબોધક, સંમતિતર્ક નામના ન્યાયના ગ્રંથના અને કલ્યાણમંદિર સ્તોત્રના રચયિતા શ્રી સિદ્ધસેન દીવાકરસૂરીશ્વરજી મહારાજ **'વર્દ્ધમાનદ્વાત્રિંશિકા'** નામના ગ્રંથની રચના કરતાં મંગલાચરણને વિષે લખે છેઃ—

ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થયેલા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ યોગના તાદાત્મ્યપણાના અનુભવથી જેમનામાં હમેશાં સમપણું રહેલું છે, જેઓએ કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રભાથી પોતાના શાસનમાં રહેલ પ્રાણીઓને ધર્મનો ઉદ્યોત કર્યો છે, જેઓ દેવેંદ્ર, ભૂમેંદ્ર અને ચમરેંદ્રને વાંદવા યોગ્ય છે, જેઓ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનવાળા પુરુષોના સ્વામી છે એવા સામાન્ય કેવળજ્ઞાનીઓમાં ઇંદ્ર સમાન શ્રી વીર પરમાત્મા એ જ એક મારી ગતિ થાઓ. (૧૩)

जयति सततोदयश्रीः वीरजिनेश्वरोऽभिनवभानुः ।
कुवलय-बोधं विदधति यद्‌गवां विलासा विभोर्यस्य ॥१४॥

શાસ્ત્રકાર મહારાજ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી 'શ્રાદ્ધવિધિ' નામના ગ્રંથની રચના વખતે, મંગલાચરણ કરતા, ભાવ-મંગલની સ્થાપના કરતાં, શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ—

જેમની શોભા સતત ઉદયને પામે છે, જેઓ નવા સૂર્ય સમાન છે તે વીર પરમાત્મા કે જેમની વાણીરૂપી કિરણોના વિલાસથી પૃથ્વીરૂપી કમળ (ભવ્યજનો) ખીલે છે એટલે કે બોધ પામે છે તે શ્રી વીર પરમાત્મા જય પામો. (૧૪)

कृताऽपराधेऽपि जने कृपामंथरतारयोः ।
ईषद्‌-बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥१५॥

અર્થ—૧૪૪૪ ગ્રંથના પ્રણેતા સમર્થ શાસ્ત્રકાર મહારાજા સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'અનેકાન્ત જયપતાકા' નામના ગ્રંથની રચના વખતે મંગલાચરણ કરતાં ભાવ-મંગલની સ્થાપના કરતાં શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ—

અપરાધ કરેલા મનુષ્યો ઉપર પણ અનુકંપાથી મંદ થયેલી કીકીવાળાં અને અશ્રુથી ભીંજાયેલા શ્રી મહાવીર પ્રભુના નેત્રોનું કલ્યાણ થાઓ. (૧૫)

सर्वेषां वेध-सामाद्यमादिमं परमेष्ठिनम् ।
देवाधिदेवं सर्वज्ञं श्रीवीरं प्रणिदध्महे ॥१६॥

અર્થ—ગુર્જરરાષ્ટ્રાધિપ મહારાજાધિરાજ કુમારપાળ પ્રતિબોધક, 'સિદ્ધહેમ' આદિ અનેક ગ્રંથોના રચયિતા, વિશ્વવંદ્ય, કલિકાળસર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ સાહેબ, ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત્ર' ગ્રંથની રચના કરતાં મંગલાચરણને વિષે ભાવ-મંગલની સ્થાપના કરતાં 'પરિશિષ્ટ-પર્વ'માં 'સકલાર્હત્સ્તોત્ર'ની રચનામાં શાસનઅધિપતિ, પરમ કૃપાળુ, પરમ તારક, ચોવીસમા અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં લખે છેઃ—

સર્વ જ્ઞાનીઓમાં (કેવળજ્ઞાનીઓમાં) શ્રેષ્ઠ, પરમેષ્ઠીઓમાં પ્રથમ સ્થાને બિરાજમાન, દેવોના પણ દેવ, અને સર્વજ્ઞ એવા શ્રી મહાવીરસ્વામીનું અમે ધ્યાન ધરીએ છીએ. (૧૬)

★

॥ श्रीपञ्चपरमेष्ठिस्तुतिः ॥

(ललित-वृत्तम्)

सुरकदम्बकैः कीर्तितकमं,
विमलकेवलज्ञानभास्करम् ।
निरुपमश्रियं तत्त्वदर्शनं,
सततमाश्रये तीर्थनायकम् ॥ १ ॥

सकलकर्मणां संक्षयं व्यधात्,
शुचितरं शुभध्यानमाश्रितः ।
शिवनिकेतनं सिद्धिकारकं,
परमनिर्वृतं सिद्धमर्चये ॥ २ ॥

विजितवादिनं बोधदायकं,
भविकपङ्कजोद्बोधभास्करम्,
चरणचर्चितं भूषितं गुणै-
रभिनुवेऽन्वहं सूरिशेखरम् ॥ ३ ॥

अभिरतः श्रुताराधने गुणी,
मुनिकदम्बकोद्देशनाप्रदः ।
लघयिता जगत् तेजसाऽखिलं,
भुवि विराजतां वाचकोत्तमः ॥ ४ ॥

व्रतजपादिषु प्रोद्यतः सदा,
शमदमादिभी राजितो गुणैः ।
परमकारणं मुक्तिशर्मणः,
किमु मुनिर्न किं श्लाध्यतास्पदम् ॥ ५ ॥

श्रीश्रुतदेवतास्तुतिः ॥

शरदिन्दुमनोहराननां,
जिनवक्त्राम्बुजवासिनीं मुदा ।
मतिदां जडतापहारिणीं,
श्रुतदेवीं समुपास्महेऽमलाम् ॥ १ ॥



श्रीआगमोद्धारकाष्टकम् ॥

पुरे कपडवञ्जाख्ये, श्राद्धमगनलालसूः ।
शासनरक्षणार्थं तु, यमुनाकुक्षिदीपकः ॥ १ ॥
हेमचन्द्रः समुत्पन्नः, शशीवाभासयद्भुवम् ।
पित्रोः पवित्रसंस्काराद् बालोऽयं संस्कृतः सदा ॥ २ ॥ युग्मम्

અર્થ—કપડવંજ નામના નગરમાં શ્રેષ્ઠી મગનલાલ અને શ્રીયમુનાદેવીના પુત્ર તરીકે શ્રી હેમચંદભાઈ શાસનની રક્ષા માટે ઉત્પન્ન થયા જેમણે ચદ્રમાની જેમ પૃથ્વીને પ્રકાશિત કરી.જેઓ માતાપિતાના પવિત્ર સંસ્કારથી સંસ્કારી હતા. (૧-૨)

प्रौढबुद्धिर्वशी ज्ञानी, विवेकी निर्भयः सदा ।
झवेरसागरस्यास-न्ने गुरोर्वाग्मिनो मुदा ॥ ३ ॥
प्रपेदे संयमं श्रेष्ठं, हेमचन्द्रो जितेन्द्रियः ।
आनन्दसागरो नाम्ना विख्यातो वीरशासने ॥ ४ ॥ युग्मम्

અર્થ—પ્રૌઢ બુદ્ધિવાળા, ઈન્દ્રિયોને વશ કરનાર, જ્ઞાનવાળા, વિવેકશીલ, હમેશાં નિર્ભય, જિતેન્દ્રિય એવા હેમચદભાઈએ, વિદ્વાન શ્રી ઝવેરસાગરજી મહારાજની પાસે ઉત્તમ સંયમને ગ્રહણ કર્યું અને શ્રી વીર-શાસનમાં 'આનન્દસાગર'ના નામથી પ્રસિદ્ધ થયા (૩-૪)

गीतार्थसार्वभौमस्य, शैलानाधिपबोधकः ।
सूर्याऽऽगममन्दिरयोः, श्रीतपागच्छभूषणः ॥ ५ ॥
विपक्षपक्षकक्षस्य, नाशहेतु हुताशनः ।
व्यजेपोत्पुरुषार्थैः स्वै-र्नैकशासन दूषकान् ॥ ६ ॥ युग्मम्

અર્થ—ગીતાર્થશિરોમણિ, શૈલાનાનરેશને પ્રતિબોધ કરનાર, ('સુર્યપુર' તથા પાલીતાણામાં) આગમ-મંદિરનું નિર્માણ કરાવનાર, તપાગચ્છમાં ભૂષણસમાન, વિપક્ષરૂપી કાષ્ઠને નાશ કરવામાં અગ્નિસમાન એવા જેમણે પોતાના પુરૂષાર્થથી અનેક શાસનના દૂષકોને જીત્યા. (૫-૬)

माणिक्यचन्द्रहेमादि-शिष्यमण्डलमण्डितः ।
केशरियान्तरीक्षादौ श्रीजिनशासनस्य च ॥ ७ ॥
सम्मेतशिखरे तीर्थे योऽस्थापयद् यशोध्वजम् ।
आगमोद्धारको जीयात् सूरिरानन्दसागरः ॥ ८ ॥ युग्मम्

અર્થ—આ. શ્રી માણિક્યસાગરજી, આ શ્રી ચન્દ્રસાગરજી, આ. શ્રી હેમચંદ્રસાગરજી વગેરે શિષ્યમંડળથી શોભના જેમણે કેશરિયાજી, અન્તરીક્ષજી તથા સમેતશિખરજી વ. તીર્થોમાં શ્રી જિનશાસનની કીર્તિપતાકાને ફરકાવી તે આગમોદ્ધારક આચાર્ય શ્રી આનન્દસાગરજી વિજય પામો. (૭-૮)

अमरकीर्तिना क्लृप्त-मष्टकं पुण्यदायकम् ।
श्रोतॄणां पठतां चैव, भूयात् मङ्गलकारकम् ॥ ९ ॥

અર્થ—આ પ્રમાણે અમરકીર્તિએ બનાવેલું, પુણ્યને આપનારું અષ્ટક, સાંભળનાર તેમજ ભણનારને મંગલ કરનારું થાવ. (૯)

★

शुभ कामना

चंदनमलजी नागोरी, छोटीसादडी (मेवाड)

महस्य दैवचंदलालभाइसंज्ञका सभा ।
पुराणजैनपुस्तकप्रकाशका मनोहरा ॥
यदिय सुंदरोपदेशमाप्य लब्धजन्मका ।
गुरुं नमामि तं सदा मुदा सुभक्तिरंगतः ॥ १ ॥ "भुजङ्ग"

समस्तागमाम्भोधिपारंगताय ।
जिनेशागमा नाम समुद्धारकाय ॥
परार्थार्पित स्वी देहाय नित्यं ।
नमः सागरानन्दसूरीश्वराय ॥ २ ॥ "भुजङ्गप्रयातवृत्तम्"



સાચો જૈન

સાચો જૈન તો તેને કહીએ, જેને અંતર કરુણા વરસે રે;
સર્વ જીવથી મૈત્રી રાખે, વેર ન તેને કોથી રે.
રોમે રોમે જેને અહિંસા વરતે, હિંસા ન કરે તે કોની રે;
સત્ય તો જેને હૃદયે જડીઆ, જૂઠ ન બોલે તે કોદી રે.
બ્રહ્મચર્યવ્રતનો છે તે પાલક તેને અંતર વરસે ભાવના રે;
અચૌર્યવ્રતનો છે તે પાલક, દીધા વીણ તે કાંઈ નહિ ગ્રસે રે.
પરિગ્રહવ્રતનો તે છે ધારક, પરવસ્તુનો જે ત્યાગી રે;
અંશથી માંડી સર્વને ત્યાગવા, તેને અંતર વરસે ભાવના રે.
મન-વચન-કાયા તેને વશ વરતે, પંચેન્દ્રિય જેની બની ગુલામ રે;
ક્રોધ આદિ તેના કેદી બની રહ્યા, જગ તો તેને એક સમાન રે.
મહા સિદ્ધિમાં જેને હર્ષ ન થાયે, મહાકષ્ટે જેને ન થાયે શોક રે;
રાય અને રંક વિષે ભેદ ન જાણે તેને મન બન્ને સમાન રે.
સમદૃષ્ટિથી રે તે જુવે, જગ તો અનંતદૃષ્ટિનો ખેલ રે;
આત્મદૃષ્ટિમાં સર્વ દૃષ્ટિ સમતા, મટયા અનન્ત વિકલ્પ રે.



શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ—સૂરતના સુવર્ણ મહોત્સવ પ્રસંગે રચાયેલું પ્રશસ્તિરૂપ કાવ્ય

(ભારતના ડંકા આલમમેં — રાગ)

આ ભરતભૂમિ છે ભાગ્યવતી જ્યાં સન્ત મહન્ત અનેક વસે,
જ્યાં મંદિરની માળા જોતાં જનતાનાં દીલડાં ઉલ્લસે;
એ ભૂમિ પર 'સોનાની મૂરત' સૂરત નામે છે નગરી,
વળી જ્ઞાનમંદિરોની રચનાથી દિવ્યશોભના જ વરી.
—આ ભરતભૂમિ છે—(૧)

પાક્યા અહિં શ્રેષ્ઠિવરો ક્રમથી દીલના દરિયાવસમાન ઘણા,
જે વિવિધ વિષય નિષ્ણાત હતા સેવામાં લેશ રહે ન મણા;
આ શ્રેષ્ઠિવરોમાં દેવસમા શ્રી દેવચંદ્ર થયા નગરે,
તત્સુત શ્રી ગુલાબચંદ કરે સાહિત્ય તણો ઉદ્ધાર ખરે.
—આ ભરતભૂમિ છે—(૨)

સુરતની આ સંસ્થા પ્રકટાવે જ્ઞાનતણા દીવડા જ ખરે,
પછી આગમ હો કે ભાષ્ય અગર ચૂર્ણીનાં રૂપ વિવિધ ધરે;
જનતાનાં કરકમળોમાં મૂકીને સેવા કરતા શુભ મને,
નરનો ને સંસ્થાનો જય હો જીવન સાફલ્ય જરૂર બને.
—આ ભરતભૂમિ છે—(૩)

પગલે પગલે પ્રગતિ કરતાં પચાસ વરસ પૂરાં કરતી,
મુનિવર સૂરિવરનાં ભાવભર્યા શુભ આશીર્વાદ શિરે ધરતી;
સ્વર્ણોત્સવ ઉજવી આજ અહિં આનંદસરોવર લ્હેરાવો,
ઉદ્ગાર જનો એવા કાઢે શતવર્ષથકી અધિકો થાવો.
—આ ભરતભૂમિ છે—(૪)

જગભરમાં ગાજે આ સંસ્થાના હોંશે હોંશે ગુણગાનો,
શુભજ્ઞાન સમર્પીને ઉત્કર્ષ વધારો નિશદિન જનતાનો;
આ જ્ઞાનપ્રકાશક સંસ્થાનો લેજો સહુ લાભ ઉલટભરથી,
પ્રકટાવો ઘરઘરમાં દીવડા સદ્જ્ઞાનતણા સહુ દીલભરથી.
આ ભરતભૂમિ છે—(૫)

સં. ૨૦૧૫ કાર્તિક શુક્લ પૂર્ણિમા }

—માવજી દામજી શાહ

विजयन्तां वीतरागाः । श्रीगौतमस्वामिने नमः ।

सुवर्णपद्यकदम्बकम् ।

(उपजातिः)

(१)

जिनेन्द्रचैत्यैर्महनीयमिद्धं, प्राचीनरत्नाञ्चितसौधहर्म्यम् ।
हसत्यजस्रं पुरुहूतपत्तनं, यत्सम्पदा 'सूर्य्यपुरं' तदस्ति ॥

અર્થ—જિનેશ્વરોનાં મંદિરોથી મહિમાવાળું, દેદીપ્યમાન, પ્રાચીન રત્નોથી જડાયેલા ઉજ્જવલ પ્રાસાદો (મકાનો)વાળું 'સૂર્યપુર' નામનું નગર છે, જે નિરંતર પોતાની સમ્પત્તિથી સ્વર્ગની મજાક કરે છે.

(२)

तापीसरिद्यत्र निधानमास्ते, सन्नर्मदेवाभिमता गभीरा ।
ध्रुवं तदीयान्यमितानि रत्ना-न्यादातुमायाति सरित्पतिर्द्विः ॥

અર્થ—ઉત્તમ નર્મદા નદીની જેમ જ્યાં માન્ય અને ગંભીર તાપી નદી ભંડારરૂપે રહેલી છે, તેથી નિશ્ચે તેના અપરિમિત રત્નોને લેવા માટે સમુદ્ર બે વખત ત્યાં આવે છે.

(३)

जना जिनेशापचितिप्रलीनाः, स्याद्वादतत्त्वामृतपानपीनाः ।
सद्धर्मरत्नाऽऽभरणा न दीनाः, यत्र स्थिता दिव्यसुखं लभन्ते ॥

અર્થ—જિનેશ્વરોની પૂજામાં અત્યન્ત તલ્લીન, સ્યાદ્વાદ તત્ત્વરૂપી અમૃતના પાનથી પુષ્ટ, અને સદ્ધર્મરૂપી રત્નના આભૂષણવાળા હોવાથી દીનતા રહિત એવા જ્યાંના મનુષ્યો દિવ્ય સુખને પ્રાપ્ત કરે છે.

(४)

'गोपीपुरा' यत्र ललामभूता, प्रासादमालालसिता विभाति ।
अद्यापि सार्वानपचेतुकामा-श्चकासतीवाप्सरसो विनम्राः ॥

અર્થ—જ્યાં મંદિરોની પંક્તિથી સુશોભિત અગ્રસ્થાને રહેલું 'ગોપીપુરા' નામનું પરું છે, જ્યાં આજે પણ તીર્થંકરોની પૂજાની ઇચ્છાવાળી અત્યન્ત નમ્ર બનેલી સ્ત્રીઓ અપ્સરાઓ શોભતી હોય તેમ લાગે છે.

(५)

गुणैर्गरिष्ठो जिनधर्मरक्तो, गुलाबचन्द्रोऽवसदिन्द्रकीर्तिः ।
कल्पद्रुवद्यो विभवं वितीर्य नृणामसद्भाग्यमरं न्यमार्जीत् ॥

અર્થ—ત્યાં ગુણોથી મહાન્, જિનધર્મમાં રત, ઇન્દ્ર સમાન કીર્તિવાળા ગુલાબચંદ શેઠ રહેતા હતા. જેમણે કલ્પવૃક્ષની માફક પોતાની સમૃદ્ધિને વિખેરીને મનુષ્યોના દુર્ભાગ્યને તરત જ સાફ કરી નાખ્યું હતું.

(६)

स वैक्रमाब्देऽब्धिरसाङ्कचन्द्रे(१९६४)श्रीदेवचन्द्राऽऽह्वपितुः शमर्थम् ।
सूरीश्वराऽऽनन्दगुरूपदेशाल्लक्षं ददौ श्रीश्रुतपोषणाय ॥

અર્થ—તેઓએ વિક્રમસંવત ૧૯૬૪માં આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી ગુરુના ઉપદેશથી પોતાના પિતા શ્રી દેવચન્દ્રના કલ્યાણ માટે શ્રુતભક્તિના નિમિત્તે એકલાખ રૂપિયા આપ્યા.

(७)

ताताभिधानाऽऽकलिताऽऽगमादि-प्रकाशिकां सच्छ्रुतभक्तिनिष्ठः ।
संस्थाप्य संस्थां स कृती महार्थाः प्राकाशयत्प्राच्यमनीषिदृब्धाः ॥

અર્થ—સત્શ્રુતમાં ભક્તિવાળા પુણ્યવાન્ શ્રી ગુલાબચંદભાઈએ પોતાના પિતાના નામવાળી આગમ વગેરે શાસ્ત્રોને પ્રસિદ્ધ કરનારી (શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ) સંસ્થાને સ્થાપીને પૂર્વાચાર્યોએ રચેલા ગંભીર અર્થવાળા ગ્રન્થો પ્રકાશમાં આણ્યા.

(८)

अद्यावधिज्ञानप्रचारदक्षै-रुत्साहिभिः पारिषदैस्तदीयैः ।
सिद्धिखचन्द्र(१०८)प्रमिता महार्थाः प्रकाशिताः सत्कृतयो विभान्ति ॥

અર્થ—તે સંસ્થાના જ્ઞાનના પ્રચારમાં કુશલ અને ઉત્સાહી સભ્યોએ આજ સુધી પ્રકાશિત કરેલી ગંભીર અર્થવાળી એક સો ને આઠ ઉત્તમ કૃતિઓ ઝગમગે છે.

(९)

संस्थोन्नतौ प्रोद्यतमानसेषु, मुक्तेन्दुना केसरिचन्द्रमुख्याः ।
सच्छ्रेष्ठिनो जीवनचन्द्र-चन्द्रवदातकीर्त्यै सततं यतन्ताम् ॥

અર્થ—સંસ્થાની ઉન્નતિમાં તત્પર મનવાળા સભ્યો પૈકી ચોકસી મોતીચંદ, ઝવેરી કેસરીચન્દ વગેરે શ્રેષ્ઠીઓ ઝવેરી જીવનચન્દની ચન્દ્રમા જેવી ઉજ્જ્વલ કીર્તિ માટે નિરંતર પ્રયત્નવાન બનો.

(१०)

स्वर्णोत्सवे निरुपमेऽर्द्धशताब्दिकेऽस्याः,
श्रीनेमिसूरिविजयामृतदेवशिष्यः ।
पन्न्यासमेरुविजयाऽऽप्तनिदेशदक्षो-,
मुम्बापुरे रचितवान् मुनिहेमचन्द्रः ॥

અર્થ—આ સંસ્થાના પચાસ વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે અનુપમ સુવર્ણ મહોત્સવના સુપ્રસંગ ઉપર શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર શાસ્ત્રવિશારદ શ્રી વિજયામૃતસૂરીશ્વરજીના શિષ્યરત્ન પંન્યાસપ્રવર શ્રી દેવવિજયજી ગણિના શિષ્ય મુનિ હેમચન્દ્રવિજયજીએ પંન્યાસપ્રવર શ્રી મેરુવિજયજીગણિના આદેશથી મુંબઈ નગરમાં (આ પદ્ય કદમ્બકની) રચના કરી.

વિ. સં. ૨૦૧૪ શ્રાવણ સુદિ ૫
શ્રી આદીશ્વરજી જૈન ધર્મશાળા,
પાયધુની, મુંબઈ નં. ૩

पं. श्रीदेवविजयजीगणिचरणरेणुः
मुनिहेमचन्द्रविजयः ।

'देला' भ्रातुर्निधिमपि वरं स्थापयित्वोपदेशा-
द्यारेभे सद्विषयखचितग्रन्थरत्नप्रकाशम् ॥ ३८ ॥ आगमोद्धारकस्तवः

પોતાના સદુપદેશથી શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડને સ્થાપન કરીને ઉત્તમ વિષયોથી ભરપૂર એવા ગ્રન્થોને પ્રકાશિત કરવાનો પ્રારંભ કર્યો.

★

प्रस्तावना

[ले०—श्री अगरचन्द नाहटा, बीकानेर]

जैन धर्म प्राणी मात्र के उद्धार का सन्देश देता है। प्राणी-मात्र की हिंसा का विरोध करता है। दुःख के कारणभूत रागद्वेष को कम करके प्रत्येक प्राणी कर्मों के आवरण को हटाकर आत्मिक सुख प्राप्त कर सकता है—यह सन्देश अधिकाधिक व्यक्तियों तक पहुँचाने के लिये जैन तीर्थङ्करों ने 'जन-भाषा' में अपना उपदेश प्रचारित किया। जैनाचार्यों ने भी सदा लोक भाषा में साहित्य-निर्माण किया। नीति और धर्म-प्रचार के प्रति जनसाधारण का झुकाव अधिकाधिक सरलता से हो सके इसलिये उन्होंने लोकगीतों, लोककथाओं व व्यावहारिक दृष्टान्तों तथा लोकप्रिय काव्य-शैलियों व रचना-प्रकारों को अपनाया। रास भी उसी तरह की एक लोकप्रिय रचना-प्रकार है।

भागवतपुराण में श्रीकृष्ण और गोपिकाओं की रासलीला का वर्णन मिलता है और परवर्ती काव्यशास्त्रों के लेखकों ने "रासक" को गीत-नृत्य प्रधान रूपक माना है। प्राचीन जैन रासों से भी यह स्पष्ट है कि वे नृत्य के साथ गाये जाते थे। इसीलिये उन रासों के अन्त में—

"रंगिहिये रंगिहिये रमई जे रासु।" "एह रास जो देसि गुणसि।"
"रास रमेवउं जिण भवणइ, ताल मेल ठविपाव।" "एहि रास जो पढइ गुणइ, नाचिउ जिणवर देव।"

—आदि उल्लेख मिलते हैं। तथा ताला रासक और डंड रासक का जो 'सप्त क्षेत्र रास' में उल्लेख है उससे भी इन रासों को गाते समय तालियों और डांडियों (लकुटि) का नृत्य होता था और जैन मन्दिरों में विविध उत्सवों में इन रासों के खेले व गाये जाने का खूब रिवाज था-सिद्ध होता है। प्राचीन छोटे छोटे रास सभी इसी उद्देश्य से बनाये गये थे। और जैन मन्दिरों के प्रांगणों में खेले गये थे। "युगप्रधानाचार्य खरतरगच्छ गुर्वावली" में जैनाचार्यों के नगरप्रवेश के समय किस तरह रास और चर्चरी दिये-खेले व गाये जाते थे इसका एक उल्लेख देखिये।

सार इसमें रासों की ही सूची देना ज्यादा उचित होता पर इसके संकलनकर्त्ता ने इसमें विवाहला, ढालिया, सज्झाय, चरित्र छत्तीसी, कवित्व, तीर्थमाला, गीत, विलास, छंद, भास, बारहमासा, सलोका, आख्यान, वेल, सम्बोध, लेख, प्रबोध आदि विविध संज्ञाओं वाली पद्य रचनाप्रकारों के साथ-साथ कहीं-कहीं तो स्तवक-टब्बा, बालावबोध व विवरणसंज्ञक गद्यरचनाओं के नाम भी इस सूची में संग्रहीत कर लिये गये हैं।

अब हम 'रास' संज्ञक रचनाओं की कुछ ज्ञातव्य बातों की थोड़ी जानकारी प्रस्तुत कर रहे हैं।

१. प्राचीनता—उपलब्ध 'रास' संज्ञक अपभ्रंश व राजस्थानी, हिन्दी, गुजराती भाषा की स्वतंत्र रचनाएं १२वीं शताब्दी के पहले की नहीं मिलतीं पर उनकी परम्परा बहुत प्राचीन प्रतीत होती है। सातवीं शताब्दी के ग्रन्थों में रास का उल्लेख मिलता है और दशवीं शताब्दी के आचार्य सिद्धर्षि के 'उपमिति भव प्रपंच कथा' में तो रिपुदारण रास व मंद्र संस्कृत में प्राप्त हुआ, जो डा० दशरथ शर्मा "मरु-भारती" वर्ष ४ अंक २-४ में प्रकाशित कर चुके हैं। इससे संस्कृत में भी राससंज्ञक रचनाएं बनाई जाती थीं—इसका उदाहरण मिल जाता है। रास की प्राचीन परम्परा और स्वरूप के सम्बन्ध में मेरे विद्वान् मित्र डा० दशरथ शर्मा ने लिखा है—

"रास एक नृत्य-विशेष है, एक प्रकार का काव्य और उपरूपक भी। प्रारम्भ में ये तीनों रूप मिले जुले थे। जब आनन्दातिरेक से जन-समूह नृत्य करता है तो अपने भावों की अभिव्यक्ति के लिये स्वभावतः वह गान और अभिनय का आश्रय लेता है। उसकी उमंग के लिये सभी द्वार खुले हों, तभी उसे संतोष होता है। उसे सम्पूर्णाङ्ग नृत्य चाहिये। केवल मूक नृत्य उसके भावाभिव्यक्ति के लिये पर्याप्त नहीं। श्रीमद् भागवत पुराण का रास कुछ इसी तरह का है। उसमें गान, नृत्य और काव्य का मधुर मिश्रण है।

'उपमिति भव प्रपंच कथा' की रचना वि० सं० ९६२ में हुई। इसमें 'रास' शब्द का प्रयोग काफी मिलता है। पृष्ठ ३३० में शरद् ऋतु के वर्णन में उल्लिखित 'मंडला बद्ध रास' से सिद्ध है कि आश्विन कार्तिक में गोपाल मंडल बांध, रास नृत्य करते थे। गोपाल ही शायद इस नृत्य के प्रथम उद्भावक थे। इस ग्रन्थ में प्राप्त रिपुदारण रास और बठरु गुरु गीत जो संभवतः एक रास है—को, हम प्रकाशित कर चुके हैं। इसमें उल्लिखित मंडला बद्ध रास के साथ अभिनय एवं गान भी है। पृष्ठ ६७६ पर अपानक उत्सव में जोर जोर से तालियां बजाकर मद्यपों के रास-नृत्य का जिक्र है। वसंत में चर्चरी और हिंडोल राग कुछ अधिक जनप्रिय रहे होंगे (पृष्ठ ३९२)। श्री हर्षवर्द्धन रचित रत्नावली नाटिका से सिद्ध किया जा सकता है कि चर्चरी भी रास की तरह बहुत प्राचीन काल में केवल नृत्य विशेष ही नहीं रही थी; उसके साथ अभिनय और गान सातवीं शताब्दी में या इससे पूर्व ही सम्मिलित हो चुके थे। परवर्त्ती काल में चर्चरी के स्वरूप में कुछ विकास हुआ किन्तु रास के विचित्र स्वरूप परिणाम के सामने, वह नगण्य था। दशवीं शताब्दी तक रास का अधिकांश वही रूप था, जो हम 'श्रीमद्भागवत' में पाते हैं।

भी बहुत सी मूल्यवान सामग्री ऐतिहासिक रासो और प्रशस्तियों में सुरक्षित है। बहुत से नगर, ग्राम और वहाँ के शासकों आदि के उल्लेख तो इन रासों में ही सुरक्षित रह गये हैं।

साहित्यिक दृष्टि से तो इस राम-साहित्य का महत्व निर्विवाद है। अनेक काव्य-शैलियों और रचना-प्रकारों पर रासों के अध्ययन से नवीन प्रकाश मिलेगा।

इस तरह विविध दृष्टियों से महत्वपूर्ण इस रास नामक रचना-प्रकार के विशाल साहित्य की जानकारी देने वाली यह जैन रासमाला सूची अवश्य ही काम की चीज है। भविष्य में इसे पूर्ण एवं शुद्ध रूप में प्रकाशित करने का प्रयत्न किया जाना अपेक्षित है।

—अगरचन्द नाहटा।



પાંડવ વસિતા – ચંદનબાલા રાસ		
પાંડવ ચોપાઈ	લાભવર્ધન	કો.
પાપબુદ્ધિ – ધર્મબુદ્ધિ		લીં. ૭૭૦
પાર્શ્વચંદ્ર સૂરિ ગીત	વીરજી ૧૭૦૨	લીં. ૨૬૬૨–૧
,, ,, છંદ	જયચંદ	લીં. ૨૬૬૨
,, ,, ,,		
પાક્ષિક છત્રીશી	આર્યાચંદ્ર	લીં. ૨૫૦૯, ૨૫૩૭, ૧૫
પાર્શ્વનાથ છંદ	કપૂર શેખર	લીં. ૨૫૩૭–૧૨
,, ,,	પાસ કવિ	લીં. ૨૫૩૭-૧૬
,, ,,	મેઘરાજ	લીં. ૨૫૩૭–૧૯
,, ,,	રામવિજય	લીં. ૨૫૨૭, – ૯
,, ,,	લબ્ધિઋષિ	લીં ૨૫૩૭ ૧૪–૧૭
,, લાવણી	રંગવિજય ૧૭૦૧	કે.
પાર્શ્વનાથ છંદ	લબ્ધિરૂચિ હર્ષ ઋષિના શિષ્ય	કો.
ણ્યપાપ રાસ	હરખજી	કો.
પૂજાપ્રકરણ ચોપાઈ	દેવસેન	અમ. ડા. ૬૭, ૨૯
પુણ્યવિલાસ રાસ	જિનહર્ષ	ઇડર. ભં. ૨. ડા. ૬ નં. ૧૩૨
પુણ્યસાર ચોપાઈ	મેરૂ પંડિત	અમ. ડા. ૭૦. નં. ૫, ૭૧
,, ,,	પદ્મમુનિ	૦
પુણ્યપાપનો રાસ	રામદાસ	કો.
પુણ્ય છત્રીશી	સમયસુંદર	
પુણ્યપાપનો રાસ	રામદાસ ઋષિ	અમ. ડા. ૨૪૩, ૧.
પુણ્યાઢ્ય રાસ		અમ. ડા. ૭૧ ૨૨, ૨૭
પુરંદર કુમાર રાસ	માલદેવ	અમ. ડા. ૭૦, ૧૦૯
,,	માલદેવ	લીં. ૨૧૯૧, ૨૮૯૬
,, ચતુષ્પદી	,,	લીં. ૨૫૯૦
પૃથ્વીચંદ્ર ગુણસાગર	લબ્ધિવિજય	
,, ,,	દેવચંદ્ર	
પુરંદર ચતુષ્પદી અપૂર્ણ		લીં. ૩૦૭૭
પંચપરમેષ્ટિ રાસ	ઉદયરત્ન ૧૭૬૨	લીં ૨૪૬૮
પંચભાવના રાસ	૦	
પંચાખ્યાન	યશોધર	કો.
પંચાખ્યાન	ગુણમેરુ સૂરિ	
,, રાસ	સૌભાગ્યવિમલ	કો.
પંચશાલિ રાસ	લાભમંડન મુનિ	
પંદર તિથિની સજ્ઝાય		

	પ્રિયમેલક રાસ	સમયસુંદર	કો.
	પ્રિયંકર નૃપ	ગુણવિજય	
	પ્રિયમેલક સંબંધ	૧૬૮૫	ઈડર ભં. ર. ડા. ૪ પ્ર. ૧૧૪
	પૃથ્વીચંદ્રકુમાર રાસ	દેવચંદ	ઇડર
	,, ,,	માણિક્યસુંદર સૂરિ	અમ. ૨૪૩, ૯૯
	પ્રેમચંદ સંઘ વર્ણન રાસ	ઋષભસાગર ૧૮૪૩	લીં. ૨૩૭૯
	પ્રેમલા લચ્છી રાસ	દર્શનવિજય ૧૬૮૯	કો.
ફ	ફલવર્ધી પાર્શ્વનાથ છંદ		લીં. ૨૦૪૦
	,, ,,		લીં. ૩૧૩૨
બ	બલિભદ્ર રાસ (મુદ્રિત)	લાવણ્યસમય ૧૫૮૯ મહા રવિવાર	ય. જૈ. ગ્રં. મા ભા.
	બારકષાય રાસ	કાન્તિવિજય ૧૮૬૫	કો.
	બાર ભાવનાની સજ્ઝાય	જયસોમ	કો.
	,, ,,	જિનચંદ્ર સૂરિ	
	બારવ્રતની ટીપનો રાસ (મુદ્રિત)	જ્ઞાનવિમલ સૂરિ ૧૭૨૯	શ્રી દયાવિમલ ગ્રંથ માલા અમદાવાદ
	,, ,,	પ્રીતિવિજય	
	,, ,,	ઉદયરત્ન	
	,, ,,	ઢૂંઢક	
	બારવ્રતનો રાસ		અ. ૨૪૩, ૨૮, ૨૯
	બાહુબલની સજ્ઝાય	માણેકમુનિ	કો.
	બાહુબલી ચરિત્ર	વિજયદેવસૂરિ	
	બુદ્ધિરાસ	શાલિભદ્ર	અ. ડા. ૭૦. ૧૧૧
	,,	,, લે. સં. ૧૭૮૬	ઈડર. ભં. ર. ડા. ૭૫, ૧૭૦
	,,	,,	લીં. ૩૧૭૦, ૩૧૭૧
	,,		લીં. ૨૬૦૯
	,,		કો.
	બુધરાસ	—	—
	બોહાનો	લાવણ્યસમય	કો.
ભ	ભગવતી સૂત્રની સજ્ઝાય		કો.
	ભરટક બત્રીશી રાસ	હરજી	અમ. ડા. ૨૪૨, ૪૫
	,,	,,	

શ્રી કલ્પસૂત્રમ (બારસા)સૂત્રનાં ચિત્રો



રાજસિંહ કુમાર રાસ	જસાનંદ	અ. ૭૦, ૧૦૮
,,	યશોનંદ	કો.
રાજસિંહ રાજવતી	ગોડીદાસ	કો.
રાજસિંહ રત્નવતી રાસ	ઉદયરત્ન	અમ. ૨૮૨, ૨૯, ૩૦
રાજસાગર સ્વર્ગગમન		
રાત્રિભોજન પરિહાર રાસ (મુદ્રિત)	જિનહર્ષ	ભીમસિંહ માણેક કિં. ૦-૨-૦
,,	,, ૧૭૫૯	કો.
,,		
,,	અમૃતસાગર	
,, ચોપાઈ	ધર્મસમુદ્ર ૧૭૮૨	ઇડર ભં. ૧-૨૭૬
,, ,,	મેઘરાજમુનિ	ઇડર ભં. ૧, ૨૮૩
,, ,,	સુમતિહંસ ૧૭૨૩	ઇડર ભં. ૨. ડા. ૭. ૧૯૭
,, ની સજ્ઝાય	વસ્તા	કો.
,, નો રાસ		સવાઈભાઈ રાયચંદ અમદાવાદ
રામ યશોગાન રાસ	કેશરમુનિ	
રામકૃષ્ણ ચોપાઈ	લાવણ્ય કીર્તિ	કો.
	કમલ સૂરિ શિષ્ય	
,, રાસ	,, ૧૬૭૭	લીં. ૨૮૨૭
રામચંદ્ર – તેજસાર રાસ	ગજવિજય ૧૮૬૦	કો.
રામચંદ્ર લેખ	જ્ઞાનસાગર	અ. ૭૧, ૯
રામચંદ્ર	માણિક્યચંદ્ર	
રામરાસ (મુદ્રિત)		કિં. ૧-૮-૦
,,		લીં. ૨૬૨૬
રામજશ રાસ	—	
રામસીતા	ગર્ભિસેન સૂરિ	
રામસીતા લેખ	અમરચંદ	લીં. ૨૬૬૪
,, ,,	માનસાગર	
,, ,,	સમયસુંદર	
રામાયણ (શ્રી રામ યશોરસાયન રાસ)	કેશરાજ મુનિ ૧૬૮૩	આ. કા. મ. મૌ. મુંબઈ
રાયચંદ્ર સૂરિનો રાસ (બારમાસ) (મુદ્રિત)		યશો. ગ્રં. મા. ભાવનગર
રાવણ – મંદોદરી સંવાદ	[illegible]	લીં. [illegible]
રાવણને મંદોદરીએ આપેલા ઉપદેશની સજ્ઝાય	[illegible]	કો.
રાવણ શિક્ષા સંવાદ		લીં. ૩૧૬૬
રિપુમર્દન રાજર્ષિ ચરિત	[illegible]	ઇડર
,, ,, રાસ	[illegible]	લીં. [illegible]
રૂપચંદ રાસ (મુદ્રિત)	[illegible]	આ. કા. મ. મૌ. [illegible]
રૂપચંદ રાસ	,,	અ. [illegible]

વચ્છરાજ દેવરાજનો રાસ (મુદ્રિત)	લાવણ્યસમય	આ. કા. મહોદધિ મૌ. ૩૦૪
,, ,, ,,	લાભસમય	
વચ્છરાજ રાસ	નેમવિજય	કો.
વજ્રમુનિ સજ્ઝાય	પદ્મવિજય	કો.
વજ્રસ્વામી રાસ	જિનહર્ષ ૧૭૫૦	લીં. ૩૨૧૬
વજ્રસ્વામીનો રાસ	ધર્મદેવમુનિ ૧૫૬૩	લીં. ૨૩૬૫, ૨૬૦૪
,, ,,	,, સૂરિ ,,	અ. ડા. ૭૦, ૧૧૧
, ,,	,, ગણિ	કો.
	સૌભાગ્યરત્ન શિષ્ય	
વણઝારા સજ્ઝાય	પદ્મવિજય	કો.
વરદત્તકુમારની સજ્ઝાય	દીપવિજય	કો.
વલકલચીરી ચતુષ્પદી	સમયસુંદર ૧૬૮૧	લીં. ૨૨૦૧
વસુદેવકુમાર ચતુષ્પદી	હર્ષકુલ	લીં. ૨૨૫૩
,, ,,	હર્ષકુશલ	અ. ૨૪૩, ૬૧
,, ,,	,, કુલશરણના શિષ્ય ૧૫૫૭	કો.
વસુદેવ કુમાર ચતુષ્પદી	જિનહર્ષ	
,, ,,	હેમ વિમલ	અ. ડા. ૭૧, ૧૯
વસ્તુપાલ ચરિત્ર	અરિસિંહ	અ. ડા. ૨૩૦, ૩૨
,,	જિનહર્ષ	અ. ડા. ૨૩૦ ૧૧
વસ્તુપાલ તેજપાલ રાસ	પાર્શ્વચંદ્ર	કો.
,, ,,	મેરુવિજય ૧૭૨૧	કો.
,, ,, (મુદ્રિત)	,,	ભીમસીંહ માણેક
,, ,,	સમયસુંદર ૧૬૮૨	કો.
વસ્તુપાલ પ્રશસ્તિ	મલધારીય નરચંદ્ર સૂરિ	અ. ડા. ૫૧, ૩૯
વાસુપૂજ્ય જિન પુણ્યપ્રકાશ રાસ	આણંદ વિમલ	અ. ડા. ૨૪૩, ૧૦૧
,, ,,	ધર્મસિંહ	અ. ડા. ૨૦૫, ૧૮, ૧૯
,, ,,	માનસાગર	
,, ,,		
,, ,,	સકલચંદ્ર	લીં. ૨૮૭૨
વિક્રમ ચરિત્ર	ક્ષેમંકર ગણિ	અ. ડા. ૪૯, ૫૯. ૬૦, ૧૦૩, ૧૧, ૪૦
,,	દેવમૂર્તિ	લીં. ૫૮૦
,,	રામચંદ્ર સૂરિ	લીં ૬૫
,,	[illegible]	[illegible]
,,	શુભશીલ ગણિ	અ. ડા. ૪૯, ૫૫, ૫૮

વિદ્યાવિલાસ ચોપાઈ	જિનહર્ષ	અ. ડા. ૨૪૩, ૧૭
,, નરેન્દ્ર રાસ	હીરાનંદન	કો.
,, રાસ		અ. ડા. ૭, ૧૯૧
,, ,,		અ. ડા. ૭૦, ૧૨૧
,, ,, રાજાની ચોપાઈ	જિનહર્ષ	કો.
,, ,, રાસ	રૂપસાગર	કો.
વિદ્યાસાગર રાસ (મુદ્રિત)		યશો. જૈ. ગ્રંથ, ભાવનગર ઐ. રા. સં. ભા. ૩
વિધિરાસ	૧૬૦૬	લીં. ૬૧૬૪
વિજયદેવ સૂરિ રાસ	—	યશો જૈન ગ્રંથ, ભાવનગર ઐ. રા. સં. ભા. ૩
,, ,,	રાજસિંહ ઉપાધ્યાય	કો.
વિનોદ વિલાસ રાસ	ઉદયરત્ન	કો.
વિમલમંત્રી રાસ	લાવણ્યસમય	લીં. ૬૨૧૩
વિમલમંત્રી રાસ	લાવણ્યસમય ૧૫૬૮	કો.
,, (મુદ્રિત)		કિં. ૦-૧૦-૦
,,	રૂપવિજય	કો.
,,	લાવણ્ય સાગર	અ. ડા. ૭૦, ૧૯, ૨૪૧, ૩૫, ૩૬.
,,	રૂપવિજય	અ. ડા. ૨૪૧, ૩૪
,, શ્લોક	વિનીત વિમલ	લીં. ૭૦૮૯
વિલક્ષણ પંચાશિકા	સારંગ કવિ	
વિમળા સતીનો રાસ	ભાવપ્રભ સૂરિ	કો.
વિરહણી લેખ	૧૭૩૨	લીં. ૬૭૫૩
વીરસેના રાસ	દીપ કવિ	
વીસલદેવ મંત્રી પેથડ		લીં. ૬૭૫૫
વીરસેન કુસુમશ્રી રાસ		
વીરસ્વામી		
વીરભાણ ને ઉદયભાણનો રાસ	કેશવદાસ	કો.
,, ,,	માનવિજય ગણિ ૧૯૭૪	[illegible]
વીસ વિહરમાન બાસ આવલી	કલ્યાણ સાગર	લીં. [illegible]
વીસ સ્થાનક તપનો વ્યાખ્યાન	સુદર્શન સાર	કો.
,, નો રાસ (પૂર્ણવિલાસ)	જિનહર્ષ	અ. ડા. ૯૯, ૧ , ડા. ૨૪
,,	ઉત્તમચંદ	
,,	જિનહર્ષ	—
,,	,, [illegible]	કો.
,, નો રાસ (મુદ્રિત)		કિં. ૨—-—

	વીમવ	—	—
	વૃદ્ધિવિજય ગણિ રાસ		યશો વિ જૈ. ગ્રંથ. ભાવનગર ઐ. રા. સં. ભા. ૪
	વૃદ્ધિસાગર સૂરિ રાસ		"
	વૈદર્ભી ચોપાઈ	સુમતિહંસ ઉ. ૧૭૧૩ ખરતર	કો.
	વૈરાગ્યની સજ્ઝાય	રાજસમુદ્ર	કો
	"	જ્ઞાનવિજય શિષ્ય	કો.
	વંકચૂલ ચતુપદી	—	લીં. ૨૯૮૭
	" "	વિક્રમ ૧૭૦૬	લીં. ૨૦૭૫
	વંકચૂલનો રાસ	જ્ઞાનવિજય	કો.
	" "	ભવાન	કો.
	"	જ્ઞાનવિજય	અ. ડા. ૨૪૩, ૮
		ભાવાનંદ	અ ડા. ૨૪૨, ૯
	"		લીં. ૨૫૮૬
	[illegible]ાનો રાસ	જ્ઞાનશિવ ૧૬૬૦	ફલોધીના ભંડારમાં
	[illegible] ચતુપદી	લક્ષ્મીકલ્લોલ	લીં. ૩૨૮૮
	[illegible]ાનો રાસ (મુદ્રિત)	શ્રી જિનચંદ્ર ૧૭૧૯	ભીમસિંહ માણેક
શ	શત્રુંજય તીર્થમાલા	અમૃતવિજય ૧૮૪૦	કો.
	શત્રુંજય તીર્થનો ઉદ્ધાર રાસ	ઉદયરત્ન ૧૭૬૯	કો.
	શત્રુંજય તીર્થ રાસ ઉદ્ધાર (મુદ્રિત)		ભીમસિંહ માણેક કિંમત ૦-૫-૦
	શત્રુંજય રાસ	ઋષભસાગર ૧૮૪૩	લીં. ૨૬૭૧
	શત્રુંજય રાસ		લીં. ૨૯૩૩/૧
	શત્રુંજય રાસ	ઋષભસાગર	પ્રવર્તક ભં. ન. ક. ગ્ર. ૧૫૫
	" "	નયસુંદર ૧૬૮૨	લીં. ૨૪૬
	" "	" ૧૬૮૬	કો.
	" "	૧૬૮૯	લીં. ૨૩૭૩
	" "	મહિમાસુંદર	
	શત્રુંજય ઉદ્ધાર રાસ (મુદ્રિત)	નયસુંદર ૧૬૩૮ આ સુ ૧૩	કો. આ. કા. મ મૌ. ૬, ૪
	શત્રુંજય તીર્થ રાસ	જિનહર્ષ ૧૭૫૫	મુ આ. કા. મ મૌ. ૪ દે લા. ફંડ (કો.)
	શનૈશ્ચર ચતુપદી	લબ્ધિસાગર	લીં. ૨૯૩૬
	" "	"	કો.
	" ૭૬	"	લીં. ૨૯૬૭, ૩૩૬૧, ૨૪૯૭

શનૈશ્ચર વિક્રમનૃપ રાસ		
શનૈશ્ચર પ્રભાગર્ભિત વિક્રમાદિત્ય પ્રબોધ		લીં. ૭૭૧
શાંતિનાથ છંદ	ગુણસાગર	કો.
શાંતિનાથ રાસ	જ્ઞાનસાગર ઉપાધ્યાય	કો.
,, ,, (મુદ્રિત)		ભીમસિંહ માણેક કિં ૦-૩-૦
શાન્તિનાથ રાસ	જ્ઞાનસાગર રાસ	અ. ડે. ભં. ડા. ૬૮, ૮, ૧૨. ડા. ૨૪, ૩, ૪.
,,	હીર સૂરિ	કો.
,, અપૂર્ણ		લીં. ૨૫૨૯
,,	રામવિજય	અ. ડે. ડા ૨૪૦, ૨
શાન્તિનાથનો રાસ	,, ૧૭૮૫ વૈ. સુ. ૨	કો.
શામ્બ પ્રદ્યુમ્ન રાસ ચોપાઈ	જિનચંદ્ર	લીં. ૧૯૭૮
,, ,,	જ્ઞાનસાગર ઉપાધ્યાય	
,, ,,	સમયસુંદર	લીં. ૨૮૭૦
,, ,,	,,	અ. ડે. ડા. ૨૪૩, ૩૩, ૩૪
,, કુમાર રાસ	,,	ડા. ૭૧, ૨૫
,, ,,	,, ૧૬૫૯ આ. સુ. ૧	કો.
,, ,,	જ્ઞાનસાગર	કો.
,, રાસ	હર્ષવિજય ૧૮૨૪	ઈડર
શાંતરસ	મુનિસુંદર	
શાલિભદ્ર ચતુષ્પદી	જિનરાજ ૧૬૭૮	લીં. ૨૮૨૭
,, ,,	દશમુનિ	લીં. ૨૫, ૩૩
,, ચોપાઈ	મતિસાર ૧૬૭૮ આ. વ. ૬	લીં. ૧૮૫૩
,, ચરિત્ર	પદ્મધર્મ કુમાર	લીં. ૧૩૪, ૮૫૫
,, ,,	૧૬૭૮	લીં. ૨૬૭૮
,, ,,	હંસમુનિ	
,, ,, અપૂર્ણ		લીં. ૨૩૨૫
,, ,, ચોપાઈ	મતિસાર	અ. ડે. ભ ડા. ૭, ૩૨, ૩૮, ૬૯
,, રાસ	જિનરાજ સૂરિ ૧૬૭૮	લીં. ૨૬૯૫, ૩૨૮૧
શાલિભદ્ર ધન્નાનો રાસ	જ્ઞાનવિજય શિષ્ય વિવેક વિજય ૧૬૭૭ પો. સુ. ૬	[illegible]ના ભંડારમાં
,, રાસ	જિનસિંહ સૂરિ શિષ્ય	કો.
,, ,,	મતિસાર	અ. ડે. ડા. [illegible]

શાલિભદ્ર ધન્નાનો રાસ (મુદ્રિત)	,,		આ. કા. મ. મૌ. ૧
રાસ			? લા. ૬૮
,, ,,	,,	૧૬૩૮	કો.
શિખામણની સજ્ઝાય	જયસોમ		કો.
,,	યશોવિજય		કો.
શિખામણની સજ્ઝાય	રૂપવિજય		કો.
	વિનયવિજયના શિષ્ય		
શીલરાસ			લીં. ૨૪૫૭
શીલના પ્રકાશ નેમિનાથ	વિજયદેવ સૂરિ	૧૭૨૮	લીં. ૨૯૯૫, ૨૨૫૯, ૨૨૬૦
,, ,,	,,		લીં. ૨૨૮૧, ૧૯૪૨
,, ,,	,,		
,, ,,	નયસુંદર		
શીલરાસ	વિજયદેવ સૂરિ		અ. દે. ડા. ૭૧, ૧૫, ૨૯, ૩૪
શીલવતી રાસ	કુશલવિજય		અ. દે. ડા. ૨૪૨, ૮૨
શીલવતી ચરિત	નેમવિજય		અ. દે. ડા. ૨૪૩, ૮૦
,, ,,	જિનહર્ષ		
,, ,,	વિજયમંડન ગણિ		અ. દે. ડા. ૨૪૨, ૫
શીલનવવાડ	જિનચંદ્ર સૂરિ		
શીલવતીનો રાસ (મુદ્રિત)	કવિ નેમવિજય		પ્રાચીન કાવ્યમાળા, વડોદરા—હરગોવનદાસ દ્વારકાદાસ કાંટાવાલા. કિં. ૧-૨-૦
,, ,,		૧૭૦૦	કો.
શીલ છત્રીસી	સમયસુંદર		
શીલ પ્રકાશ	પદ્મવિજય		
,, ,,	જ્ઞાનચંદ્રમુનિ		
શીલ વિષેની સજ્ઝાય	વિજયભદ્ર		કો.
,, વિષે સજ્ઝાય	કુંઅરસોમ		કો.
શીલવેલી	દીપવિજય ૧૮૦૦		લીં. ૪૪૨૭
શીલ શિક્ષા રાસ	નયસુંદર	૧૬૬૯	લીં. ૩૧૫૩
શાલિભદ્રની સજ્ઝાય	મતિલાભ		કો.
શીલવતી રાસ	કુશલવિજય		કો.
શીલસુંદરી રાસ (મુદ્રિત)			કિંમત ૦-૮-૦
શીલસુદર્શના રાસ			લીં. ૨૭૫૩-૨
,, સૂરિનો રાસ		૧૭૬૫	ઠંડા
	આ. સુ. ૫ ગુરુ		
શીવદત્ત રાસ	સિદ્ધસૂરિ		
શિવકુમાર રાસ	ધર્મમંગ		કો.

" સંગઠનની આવશ્યકતા "

આલેખનકાર : પૂજ્યપાદ આચાર્યદેવ

★ શ્રીમદ્ ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ ★

વિશ્વયુદ્ધ વિરામ પામ્યા પછી મહાન્ સત્તાઓએ વિશ્વશાંતિના નામે સંગઠન સાધવાનો સુંદર વિચાર કર્યો, અને તે વિચારને મૂર્તિસ્વરૂપ આપવા અનેકશઃ પ્રયત્નો કરીને પ્રયાસ કર્યો; પરંતુ માર્શલ યોજનાના નામે મહાન અંતરાય ઊભો થયો, અને મહાન સત્તાઓ–અનુગામી સત્તાઓ બન્ને વિભાગમાં વહેંચાઈ ગઈ; એ આજની જનતા જાણી ગઈ છે. અર્થાત્ ભાવિયુદ્ધનો પ્રાથમિક ભણકારો છે. સહિષ્ણુતાના અભાવમાં અને સ્વાર્થ સાધવાની તાલાવેલીમાં દેશ, રાજ્ય, સત્તા, સંગઠન–સંપના સંગીન પાયાઓ હચમચી જાય છે અને અંતમાં વિશ્વની સમગ્ર જનતાને ભાવિયુદ્ધના ભણકારા કર્ણગોચર થાય છે, સ્વદેશ કે પરદેશ, શહેર કે નગર, ગામ કે પરગામ, સ્વજ્ઞાતિ કે પરજ્ઞાતિ, સ્વસમાજ કે પરસમાજ, સ્વકુટુંબ કે પરકુટુંબ અને સ્વસંસ્થા કે પરસંસ્થાઓનો ઊંડો અભ્યાસ કરનારને જરૂર નિર્ણય થાય છે કે જે જે સ્થાનોમાંથી સહિષ્ણુતાનો અભાવ, વિશ્વાસની વિદાયગીરી, અને સ્થાન પ્રત્યેની વફાદારી જવાબદારી–જોખમદારીની તિલાંજલીઓ અપાઈ ગયેલી હોય છે, તેના લીધે જ તેને સ્વદેશ કે પરદેશ આદિ સ્થાનના અધિપતિઓને અને જનસમુદાયને સંગઠન–સંપ–શાંતિના સુંદર ફલોની પ્રાપ્તિને બદલે ભાગલાના ભયની પરંપરા, કુસંપ અને અશાન્તિના કડવા ઘૂંટડા ગળે ઉતારવા પડે છે; અને અંતમાં દરેકને અખંડ અશાન્તિ–સામ્રાજ્યનો સાક્ષાત્કાર થાય છે.

વિશ્વભરની વિશ્વસંસ્થાઓને બાજુ પર મૂકીએ તોપણ શ્રી જૈનશાસનમાન્ય ચતુર્વિધ સંઘને પૂર્વકાલીન પૂર્વાચાર્યોએ અને શાસન માટે સર્વસ્વ સમર્પણ કરનાર શ્રાવકોએ જમાવેલી પ્રતિષ્ઠાને સહિ-સલામત રાખવી હોય તો સંગઠનને અને સંપને સર્વદેશીય–સહિષ્ણુતા સાથે અપનાવવા પડશે અને સ્વાર્થની સકલ કાર્યવાહીઓને દેશવટો દેવો જ પડશે.

જૈન સમાજમાં કાર્યકુશળ પૂ. આચાર્યવર્યો, ઉપાધ્યાયો અને શ્રમણભગવંતો છે, કાર્યદક્ષ શ્રાવક-સમુદાયો છે. હજારોની સંખ્યામાં શ્રમણભગવંતો છે, અને લાખોની સંખ્યામાં શ્રમણોપાસકો છે, છતાં આગળપાછળના વેરઝેર, ક્લેશ, અસહિષ્ણુતા, અવિશ્વાસ, ભાગલા પાડવાની ભયંકર કૂટનીતિથી જગ-મશહૂર જૈન સમાજ પણ એકત્રિત થઈ શકતો નથી, અને થવાનો નથી.

શાસનના અભ્યુદયના પ્રતિબંધક એવા અનેકવિધ આક્રમણો થાય છે, તે માટે સર્વ વિરોધ–વેરઝેરને ભૂલીને શાસન માટે સંગઠનની અતિ આવશ્યકતા છે.

★

શ્રુતજ્ઞાનના વારસાને સાચવવા માટે જરૂરી વીર્યોલ્લાસને જાગૃત કરનાર
અને
આપણા પૂર્વજ મહાપુરુષોની ઉદાત્ત શ્રુતભક્તિની અપૂર્વ ઝાંખી કરાવનાર

શ્રી આગમી વાચનાઓનો ભવ્ય ઇતિહાસ

★ ★ લેખક : પૂ. મુનિશ્રી અભયસાગરજી ★ ★

શ્રી તીર્થંકર પરમાત્માઓએ નિષ્કારણ કરુણાના પ્રભાવે પ્રાણીમાત્રના હિતાર્થે અનાદિ કાળથી ઘર કરી બેઠેલ કર્મસત્તાને જડમૂળથી ઉખેડી નાખવા સમર્થ મહામૂલી ધર્મોપદેશની વાણીનો અસ્ખલિત ઘોષ વહાવ્યો હતો જેને કે વિશિષ્ટ ધારણા-શક્તિ અને ક્ષયોપશમની માત્રાવાળા પૂ. ગણધર ભગવંતોએ ઝીલીને ખાસ જીવોના હિતાર્થે સૂત્ર રૂપે ગૂંથ્યો અને મોહનીય કર્મના સચોટ ક્ષયોપશમ માટે જે જરૂરી તે શ્રુતજ્ઞાનના વારસાને યથોચિત યોજના અને અધિકાર મુજબ પૂર્વાચાર્યો સાચવતા રહ્યા, છતાં પંચમ આરાના વિષમ પ્રભાવથી લાચાર બની, વિષમ વાતાવરણની પરિસ્થિતિને આધીન બની કેટલીક વાર પ્રાણના ભોગે પણ ટકાવવાની ઘણી મહેનત છતાં ભાવી જીવોના પુણ્યની અલ્પતાના કારણે ઘણું શ્રુતજ્ઞાન ગુમાવવું પડ્યું.

આવા કપરા સમયે ગુમાઈ ગયેલ શ્રુતજ્ઞાનના નામે બચેલું થોડુંઘણું પણ શ્રુતજ્ઞાન અવ્યવસ્થિત ન થાય, સંયમની આરાધનામાં અત્યંત જરૂરી શ્રુતજ્ઞાનને ટકાવવાના પવિત્ર કાર્યમાં સંયમીઓના ઉત્સાહની મંદતા ન થાય વગેરે અનેક કારણોથી તે તે કાળના શ્રુતસ્થવિર આરાધ્યપાદ શાસનનાયક આચાર્ય ભગવંતો આદિ શ્રમણ સંઘે શ્રુતસ્થવિરોનું સંમેલન કરી ગીતાર્થ મહાપુરુષોની સંમતિ અનુસાર શ્રુતજ્ઞાનની રક્ષા, વૃદ્ધિ, સંકલના આદિ અનેક કાર્યો કર્યાં છે, કે જે શાસ્ત્રોમાં વાચનાઓ કહેવાણી છે, તેનો ટૂંક પરિચય સામેના કોઠા પરથી વાચકોને થશે અને આ સબંધી યથાશક્ય વિવેચન પ્રસ્તુત લેખમાં કરવા શુભ સંકલ્પ છે.

સામેના કોઠા ઉપરથી શ્રીમહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૧૦૦૦ વર્ષના ગાળામાં કેવા ભીષણ રાજકીય, પ્રાકૃતિક વગેરે આક્રમણોના પ્રસંગે ગીતાર્થ મહાપુરુષોએ આત્મભોગ અને પ્રબલ પુરુષાર્થ કરીને શ્રુતજ્ઞાનના અણમોલ વારસાને સાચવવા બનતું કર્યું, તેનો ટૂંક ખ્યાલ આવે છે.

સામેનો કોઠો જોતાં પ્રભુ મહાવીરદેવના નિર્વાણ પછી ત્યાંથી પખવાડિયે શરૂ થયેલ આ વિષમ (પાંચમા) આરાની કેટલી બધી વિષમતા સમન્વય છે, તેમાં પણ અધૂરામાં પૂરું હુંડાઅવસર્પિણીની ખાસિયત ભેગી ભળી એટલે પછી "मर्कटस्य सुरापानं ततो वृश्चिकदंशनम्" સુભાષિતની જેમ એટલી બધી સીમાતીત વિષમતા કાલની અનુભવાણી કે તરણતારણહાર શ્રી વીતરાગ પરમાત્માના એકાંત હિતકર આપ્ત-વચનોના ખજાના સમા શ્રુતજ્ઞાનને પણ અવનવા કાલના ઝપાટા વચ્ચેથી પસાર થવું પડ્યું અને સમુદ્રની જગ્યાએ બિંદુ પ્રમાણ રહેવા પામ્યું. ખરેખર! કાલઆદિની ઉચિત સામગ્રીના બળે વિપાકોદયમાં આવનારા તે તે અશુભ કર્મોના સમૂહવાળા જીવાત્માઓના પુણ્યની જ ખામી આમાં વધુ જવાબદાર ગણાય. પણ સામાન્ય રીતે જનસમાજમાં માથુરી અને વલભી એ જ વાચનાઓ પ્રસિદ્ધ છે જે ખરી રીતે એક

શ્રી આગમવાચનાઓની ટૂંક રૂપરેખા

નં.	નામ	વાચનાકારક	વાચનાસ્થલ	વાચનાસમય	વાચનાફલ
૧.	શ્રી શ્રુતસંકલનરૂપ આગમવાચના (પાટલિપુત્ર વાચના)	પ્રાય : શ્રીસ્થૂલિભદ્રજી મહારાજા આદિશ્રમણસંઘ	શ્રી પાટલીપુત્ર	વીર નિ. સં. ૧૬૦ લગભગ. ચરમશ્રુત કેવલી. પૂ. મ. શ્રી ભદ્રબાહુસ્વામીજીના સમયે.	બારવર્ષી દુકાળના કારણે અવ્યવસ્થિત થયેલા અગિયાર અંગોનું વ્યવસ્થિત સંકલન થયું.
૨.	શ્રી શ્રુતાભ્યાસરૂપ આગમવાચના (ઉજ્જયિની વાચના)	જૈન સમ્રાટ શ્રી સંપ્રતિ મ.ની પ્રેરણાથી પૂ. આ. શ્રી આર્ય-સુહસ્તિસૂરિજી મ.	શ્રી ઉજ્જયિની	વીર નિ. સં. ૨૪૫ થી ૨૯૧ વચ્ચેનો	કાળપ્રભાવે શ્રુતજ્ઞાનના અભ્યાસ માટે મંદ ઉત્સાહી બનેલ શ્રમણ ભગવંતો પઠન. પાઠનાદિમાં ઉદ્યમી બન્યા.
૩.	શ્રી શ્રુતસંરક્ષણ સંકલનરૂપ આગમ-વાચના (કાલિંગી વાચના)	કલિંગ ચક્રવર્તી મહામેઘવાહન મહારાજા ખારવેલની પ્રેરણાથી પૂ. આ. શ્રી સુસ્થિત-સૂરિ મ. તથા પૂ. આ. શ્રી સુપ્રતિબદ્ધસૂરિજી	કલિંગ દેશમાં કુમારગિરિ પર્વત	વીર નિ. સં. ૩૦૦ થી ૩૩૦ ની વચ્ચેનો	મગધ સેનાપતિ પુષ્યમિત્રે આપખુદ રાજા બની જૈન શ્રમણો પર વર્તાવેલ કાળા કેર–જુલ્મથી અવ્યવસ્થિત થઈ ગયેલ શ્રમણભગવંતો આ વાચના પછી સુચારુરૂપે શ્રુતાભ્યાસ કરી શક્યા.
૪.	શ્રી શ્રુતાનુયોગ વિભાજનરૂપ આગમવાચના (દશપુરીય વાચના)	પૂ. આ. શ્રી. આર્યરક્ષિત સૂરિજી મ.	શ્રી દશપુરનગર હાલ મંદસોર (માલવા)	વીર નિ. સં. ૫૯૨ લગભગમાં	વિંધ્ય સાધુ જેવા પોતાના પ્રકાંડ મતિવાળા શિષ્યના ઉત્સાહ ભંગ ઉપરથી ભાવિ જીવોના હિતાર્થે, સમસ્ત શ્રુતજ્ઞાનને ચાર અનુયોગમાં વહેંચી નાખ્યું.
૫.	શ્રી શ્રુતસંરક્ષણ વ્યવસ્થારૂપ આગમવાચના	પૂ. આ. શ્રી સ્કંદિલસૂરિ મ. પૂ. આ. નાગાર્જુનસૂરિ મ. સ્વતંત્ર	મથુરા વલભીપુર(વળા)	વીર નિ. સં. ૮૨૭ થી ૮૪૦ના વચ્ચેના કાળમાં	ઉપરાઉપરી પડતા ભયંકર દુકાળોથી હતવિહત વ્યવસ્થાશક્તિવાળા શ્રમણ ભગવંતો આ વાચનાથી શ્રુતજ્ઞાનને પુનઃ શૃંખલાબદ્ધ કરી પઠનપઠનાદિ દ્વારા સદુપયોગ કરી શક્યા. (મતાન્તરે શ્રુતજ્ઞાન પુસ્તકારૂઢ પણ થયું.)
૬.	શ્રી. શ્રુતપુસ્તકારોહણ રૂપ આગમવાચના	પૂ. આ. શ્રી. દેવર્દ્ધિગણી-ક્ષમાશ્રમણ, પૂ. આ. શ્રી. કાલકસૂરિ મ. સંયુક્ત	વલભીપુર(વળા)	વીર નિ. સં. ૯૮૦માં	આ વાચનાથી તો અનહદ લાભ થયેલ આજે પ્રત્યક્ષ જોવાય છે. સમસ્ત શ્રુતજ્ઞાનને ગીતાર્થ મહાપુરુષોની સંમતિ પૂર્વક પુસ્તકારૂઢ કરવાથી શ્રુતજ્ઞાન ચિરંજીવ બન્યું. (મતાન્તરે પાંચમી વાચના વખતના પાઠભેદોનું નિરાકરણ થયું.)

આની પાછળ મહત્ત્વનું કારણ એ છે કે જૈન શાસને પ્રથમથી જ કૃત્રિમ-પ્રાતિભાસિક થતા લાભની અવગણના કરીને થોડા પણ નક્કર મૌલિક લાભની દૃષ્ટિ મુખ્ય રાખી હતી અને મોહનીયકર્મના વિશિષ્ટ ક્ષયોપશમ અને ચોક્કસ મર્યાદાઓની ભૂમિકાએ પહોંચેલાના હાથમાં જ મહામૂલા શ્રુતજ્ઞાનના વારસાને રાખવાની દીર્ઘદૃષ્ટિ કુનેહપૂર્વક રાખી હતી અને આજે પણ છે, જોકે આજના બુદ્ધિના અજીર્ણના પરિણામે કેટલાક ભલે સંકુચિત દૃષ્ટિનું ટાઇટલ આપતા હોય, પણ ખરી રીતે તેમાં બહુ ગહન તત્ત્વ છે કે જે ગુરુગમથી પૂર્ણપણે વિવેકબુદ્ધિથી સમજવાની જરૂર છે

વળી બીજી વાત જૈનશાસને ગમે તેટલી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની માત્રાની મોહનીયકર્મના ક્ષયોપશમની સહકારિતા સિવાય ફૂટી કોડીની પણ કિંમત માની કે સ્વીકારી નથી, તથા શ્રી તીર્થંકર પરમાત્માઓના વચનો (જે કે સર્વથા મોહનીયકર્મના ક્ષય પછી વિશુદ્ધ-આત્મસ્વરૂપી કેવલજ્ઞાનબલે પ્રરૂપાયેલા છે)ને પોતાની જ્ઞાનાવરણીય કર્મની અમુક ક્ષયોપશમની (મોહનીય-કર્મની અસરવાળી) માત્રાબલે વિસંવાદી કે અશ્રદ્ધારૂપે પ્રતિપાદન કરનાર ગમે તેવા સાડાનવ પૂર્વ સુધીનું પ્રકાંડ જ્ઞાન મેળવી જગતમાં બૃહસ્પતિ સ્વરૂપ દેખાતા જ્ઞાનીઓને પણ જૈન શાસને ઉપાડીને ફેંકી દેતાં વાર નથી કરી અને ' पयमवि असद्दहंतो मुत्तन्थ मिच्छद्दिट्ठीओ " (શ્રીમદ્ સંમતિ ગા. ૧૫૩ ઉત્તરાર્ધ)નો ટંકાર કરી શ્રદ્ધા-જિજ્ઞાસા નિરપેક્ષ સ્વતંત્ર બુદ્ધિને બિલકુલ સ્થાન આપ્યું નથી નહિ તો જૈનેતરોમાં પ્રસિદ્ધ " श्रुतयो विभिन्ना स्मृतयश्च भिन्ना, नैको मुनिर्यस्य वचः प्रमाणम् "ના કહેવતની જેમ જૈનદર્શનમાં પણ " सुत्तिओ विभिण्णा वित्तीओ विभिण्णा, ण एगो मुणी जस्स वयण पमाणम् "ના જેવું કંઈક કહેવાત ! અને " બાર મિયાં ને તેર ચોકા "ની કહેવતને ચરિતાર્થ કરતી અન્ય ધર્મોમાં થયેલી પાયગે સુભટવાળી અવ્યવસ્થા જૈનશાસનમાં પણ પેસી ગઈ હોત ! પણ આ બધું નથી થવા પામ્યું, તેમાં પૂર્વના મહાપુરુષોએ નિયત કરેલ ચોક્કસ વ્યવસ્થાત્મક બંધારણ પાછળની તે તે ગીતાર્થ મહર્ષિઓની આર્ષ દિવ્યદૃષ્ટિ જ પ્રધાન કારણ છે.

આટલું પ્રાસંગિક વિવેચન કરવા પાછળ મુખ્ય આશય એ છે કે આજે ચોમાસાના અળસિયા કે સંમૂર્છિમ જીવોની અવ્યવસ્થિતપણે વધતી સંખ્યાની લોભામણી વાતના પ્રવાહમાં તણાઈને સાંસ્કૃતિક દૃષ્ટિએ છત્રીસના આંકની જેમ સાવ એમેળ બનતા સાધનોથી ભૌતિકવાદની જેમ પ્રતિભાસિક અમર મહાવિનાશને નોતરનારા ક્ષણિક સ્વલ્પ-નજીવા લાભોના પ્રલોભનમાં આપણા પૂર્વજોએ પ્રાણના ભોગે પણ ટકાવી રાખેલ જગતના કલ્યાણ માટે સ્થાયેલ સાંસ્કૃતિક પવિત્ર સાધનોને સાચવવા પાછળ કરવી જોઈતી હિતકર પ્રવૃત્તિઓના આદર્શને આપણે કેટલી વાર વીસરી જઈએ છીએ, એટલું જ નહિ પણ હાનિ-વિનાશના સાધનોને લાભપ્રદ અને લાભદાયી સાધનો પ્રત્યે પૂર્ણ અવગણના ઉપેક્ષા કરી સત્યને અસત્ય અને અસત્યને સત્યરૂપે માની લેવાની વિપર્યસ્ત દૃષ્ટિરૂપ મહાભયંકર કારમા મિથ્યાત્વને કેટલીક વાર આપણે જાતે જ પોષતા હોઈએ છીએ.

આવી ભયંકર ભૂલમાંથી બચી આગમવાચનાઓના પવિત્ર રહસ્યને સમજવા દ્વારા આપણું જીવન અને વર્તન જ્ઞાનીઓના વચનોને અનુસરનારું બને એ જ શુભ આશય આ બધા લખાણ પાછળ રહેલ છે.

હવે એક બીજી વાત ખાસ મહત્ત્વની આ પ્રસંગે સમજવા વિચારવા જેવી છે કે, જેવી રીતે વીર નિ. સં. ૧૦૦૦ સુધીમાં શ્રુતજ્ઞાનને તે તે કાલના ઝપાટામાંથી બચાવીને વ્યવસ્થિત રાખવા માટે પ્રસંગે પ્રસંગે ૭ વાચનાઓ થઈ તેવી રીતે વીર નિ. સં. ૯૮૦ માં શ્રી. દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણ ભગવંતે સમસ્ત શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કરાવ્યા પછી ખાસ તેવી કોઈ વાચનાની જરૂરિયાત ઊભી થઈ નહોતી.

★

શુભયોગમાં સ્થાપના અને સુસંસ્મરણો



લેખક : શ્રી. ફતેચંદ ઝવેરભાઈ : મુંબઈ

શેઠ ગુલાબચંદ દેવચંદ સ્થાપિત શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડની પચાસ વર્ષ પહેલાં એવા શુભ યોગમાં સ્થાપના થઈ હશે કે જેથી ઉત્તરોત્તર તેમનું સાહિત્ય – કાર્ય પ્રગતિ કરી રહ્યું છે અને જેથી તેમના અમર આત્માને સંતોષ થતો હશે. હાલના એ ફંડના ટ્રસ્ટીશ્રીઓએ પ્રચાર–ભેટની યોજના તરીકે ૪૬૧ સંસ્થાઓને સંવત ૨૦૧૨ના ચૈત્ર વદ ૦)) સુધી દશથી સોળ પુસ્તકો આપ્યાં છે, ૧૦૭ ગ્રંથો પ્રસિદ્ધ કર્યાં છે, જૈન જગત સમક્ષ પચાસ વર્ષમાં જિનાગમ અને ગ્રંથોના પ્રકાશન રૂપે ઉજ્જવળ શ્રુતભક્તિ કરી છે. અને તેથી જ એ સંસ્થા સુવર્ણમહોત્સવનું મંગળમય કાર્ય કરવાને યોગ્ય પુરવાર થાય છે. પ્રસ્તુત દેવાનંદ સુવર્ણાંકનું પ્રકાશન કરવાનું શ્રી કેશરીચંદ હીરાચંદ ઝવેરી, કે જેઓએ થોડા વર્ષો થયાં પુસ્તકોનું સંશોધન કરાવી પ્રકાશન કરવાના ઉત્તમ કાર્યની સેવા સ્વીકારી છે, તેઓએ માથે લીધું છે, અને તેથી તેઓ જૈન સાહિત્યસૃષ્ટિના અભિનંદનને પાત્ર છે.

ખાસ કરીને પ્રાચીન ઉત્તમ ગ્રંથો સિરિવાલ કહા, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, કમ્મપયડી, ધર્મસંગ્રહ, ધર્મકલ્પદ્રુમ, તત્ત્વાર્થાધિગસૂત્ર, કલ્પસૂત્ર, સિદ્ધહેમશબ્દાનુસાશન, જૈન કુમાર સંભવ મહાકાવ્ય, અભિધાન ચિંતામણિ, શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર, નંદિ, અનુયોગદ્વાર, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક અને જંબુદ્વીપ્રજ્ઞપ્તિ વગેરે આગમો, ઉપમિતિભવપ્રપંચા કથા વગેરે જે ગ્રંથો પુનઃ પ્રકાશનને યોગ્ય છે વગેરે ગ્રંથ સમૃદ્ધિ સંશોધન કરીને પ્રકાશિત કરેલી છે. હવે પછીની નવીન યોજનામાં અપ્રકટ આગમપંચાંગીના ગ્રંથો સંશોધન કરાવી પ્રકાશિત કરવાનો સંસ્થાનો મનોરથ છે અને તે માટે તાજેતરમાં અનેક ગ્રંથો પ્રકાશન માટે નક્કી કરેલા છે. જૈન સાહિત્યસૃષ્ટિ માટે આ આનંદનો વિષય છે. પ્રાચીન ગુર્જર કવિઓ કૃત અનેક રાસાઓની હકીકત જૈન રાસમાળા રૂપે આ સુવર્ણાંકમાં પ્રકાશિત કરવામાં આવી છે. ગુર્જર ભાષાના કાવ્ય, જે સાહિત્યમાં જૈન સાધુ વર્યોનો કેટલો વિશાળ ફાળો છે તેમજ સહુથી પ્રથમ ગુર્જર કાવ્યોના રચયિતા જૈન સાધુઓ છે, એ પુરવાર કરવા માટે ઉચિત છે. આનંદ કાવ્ય મહોદધિના આઠ ભાગ પ્રસિદ્ધ થયા છે અને વધુ ભાગો પ્રસિદ્ધ કરવા હું સૂચન કરું છું જેથી અપ્રગટ રાસાસંગ્રહ બહાર આવે.

સુસંસ્મરણો:–ખાસ કરીને સ્વ. પૂ. આનંદસાગરસૂરિજી આ સંસ્થાના પ્રકાશનોના મુખ્ય સર્જક હતા. અન્ય અઢાર મુનિરાજો અને પાંચ ગૃહસ્થોએ સંશોધન કર્યું છે. આગમોનું અગાધ જ્ઞાન તેમનું હતું. આગમોના વચનની સાક્ષીઓ તેમને મુખપાઠ જ હતી. એક વખત સ્વ. પૂ. વિજયનેમિસૂરિજી પૂ. આનંદસાગરસૂરિજી, તથા પૂ. પં. મણિવિજયજી એ ત્રણે વિદ્વાનોની ત્રિપુટી જૈન જગતમાં પોતાના વ્યાખ્યાનોથી અને વિદ્વત્તાથી અદ્‌ભુત કાર્યો કરી રહી હતી. સં. ૧૯૬૪ માં ભાવનગરમાં જૈન કોન્ફરન્સ ભરાણી હતી ત્યારે આ ત્રિપુટી ત્યાં હાજર હતી. અમો પણ પૂ. આનંદસાગરજી પાસે શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડિયા સાથે તત્ત્વાર્થ સૂત્ર વાંચતા હતા. અમારા પૂ. પિતાશ્રી એમની પાસે લોકપ્રકાશ વાંચતા હતા. નરોત્તમ બી. શાહ પણ અભ્યાસ કરતા હતા. એમના વ્યાખ્યાનોનો ભાવનગરમાં અલ્પ સ્વલ્પ લાભ અમોને મળ્યો હતો. આવા સાક્ષરવર્યનો જૈન સમાજને વર્ષો થયાં અભાવ થયેલો છે અને એમની ન પૂરાય તેવી ખોટ જૈન સંઘને પડી છે.

પ્રસ્તુત સંસ્થાનું પ્રકાશન ઉત્તેજનને પાત્ર છે. આ સંસ્થા વધારે પ્રગતિશીલ થતી રહે અને જૈન સમાજને અનેક અપ્રગટ ગ્રંથોના સંશોધન દ્વારા સાહિત્યસૃષ્ટિને ઉજ્જવળ બનાવતી રહે તેમ શાસનદેવને પ્રાર્થના કરી વિરમું છું.



જૈન સજઝાયો ઉર્ફે સજઝાયમાળા

★

★ લેખક : શ્રી. દાહ્યાભાઈ મોતીચંદ વકીલ : સુરત ★

સજઝાય શબ્દનો અર્થ સદ્ધ્યાન એટલે સારૂ ધ્યાન થાય છે. સજઝાયને સ્વાધ્યાય પણ કોઈ કોઈ વખત કહેવામાં આવે છે. સ્વાધ્યાય શબ્દનો અર્થ અભ્યાસ કરવો એવો થાય છે. પ્રથમ આપણા પૂર્વાચાર્યોએ એટલે ગણધરોએ આગમોની રચના કરી મુખ્યત્વે તે આગમો માગધી ભાષામાં હતા. તે વખતે બિહાર (મગધ) વગેરે પ્રાંતોમાં તે ભાષા પ્રચલિત હતી. ત્યારપછી તે ભાષાનું સ્થાન સંસ્કૃત ભાષાએ લીધું. ત્યારબાદ ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓ પ્રચારમાં આવી જે અત્યારે ચલુ છે આ પ્રમાણે મગધયુગ, સંસ્કૃતયુગ અથવા પ્રાકૃતયુગ અને ગુજરાતી યુગ એવા ત્રણ વિભાગો પાડી શકાય. એ દરેક યુગમાં આપણા પૂર્વાચાર્યોએ સ્વપરહિતના કલ્યાણ માટે જુદા જુદા પુસ્તકોની રચનાઓ કરી.

જૈનધર્મ પણ પૂર્વમાંથી પશ્ચિમ દેશોમાં અને પછી ગુજરાતમાં આવ્યો. છેલ્લા પંદરમા સૈકાથી ગુજરાતી ભાષાનો યુગ કહી શકાય. એ દરમ્યાન આપણા પૂર્વાચાર્યોએ અપભ્રંશ ગુજરાતી વગેરે ભાષાઓમાં માગધી અને સંસ્કૃત ગ્રંથો ઉપરથી ચરિત્રો, રાસો, સજઝાયો, છંદો, લાવણીઓ, દુહાઓ, ચૈત્યવંદનો, સ્તવનો, ચોવીશીઓ, વીશીઓ, ચોપાઈઓ વગેરેના રૂપમાં આપણા શાસ્ત્રોમાં આવેલ સિદ્ધાંતો અને ચરિત્રો, કથાઓ વગેરેના જુદા જુદા રૂપમાં ગુંથણી કરી એ પ્રમાણે સજઝાયોની પણ રચનાઓ કરી.

૧૫મા સૈકાથી ૧૮મા સૈકા સુધીની એવી પ્રાચીન અને પૂર્વાચાર્યોની સજઝાયો મળી આવે છે. જુદા જુદા સજઝાયમાળાના ગ્રંથોમાંથી તારવતાં લગભગ ૩૦૦ની સંખ્યાની સજઝાયો મળી આવે છે. જેમ રાસાઓ વગેરેની લગભગ ૮૦૦ થી ૧૦૦૦ની સંખ્યા મળી આવે છે તેમ સજઝાયોની સંખ્યા ૩૦૦ થાય છે. તેમાં મુખ્યત્વે જ્ઞાનવિમળ ઉર્ફે નયવિમળની ૭૫, ઉદયરત્નની ૫૦, રૂપવિજયજીની ૧૫, સમયસુંદરની ૧૫, યશોવિજયજીની ૧૦ (અઢાર પાપસ્થાનક, અગિયાર અંગ, આઠ દૃષ્ટિ વગેરેની જુદી જુદી ગણતાં વધારે થાય) મેરુવિજયજીની ૧૦, જીનહર્ષની ૮, વીરવિજયજીની ૮, લબ્ધિવિજયજીની ૮, સાકરચંદની ૫, પદ્મવિજયજીની ૫, ક્ષમાકલ્યાણની ૫ બીજાઓની ૪-૩-૨-૧ અનુક્રમે મળી આવે છે. એકંદર સંખ્યા ૩૭૫ થી ૪૦૦ થાય છે. કેટલીક સજઝાયો તો એવી સરસ હોય છે કે ગાનાર જાણકાર હોય તો પ્રતિક્રમણાદિ પ્રસંગોએ બહુ આહ્લાદ અને આનંદ ઉપજાવે છે. ગહુંલીઓ અને સજઝાયો વગેરે સંગીત સાથે ગાવામાં આવે તો કેવું સારૂં. સજઝાયમાળાના ઘણા પુસ્તકો અત્યાર સુધીમાં છપાયા છે તેમાં કોઈમાં ફક્ત સજઝાયોના નામો જ આપવામાં આવ્યા હોય છે તો કોઈકમાં નામો અને ગાથાઓ સાથે આપ્યાં હોય છે. તો કોઈકમાં સજઝાયના નામો અને કર્તાના નામો આપ્યાં છે. પરંતુ બધું એકી સાથે કોઈ પણ પુસ્તકમાં આપેલું જોવામાં આવતું નથી.

સજઝાયો મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી નાખવામાં આવી હોય છે. સતાસતીઓ મહાપુરુષો અને જુદા જુદા વિષયો એમ બે વિભાગમાં મુખ્યત્વે વહેંચેલી જોવામાં આવે છે. હવે એક જ વિષય ઉપર અને એક જ સતાસતી અને મહાપુરુષો ઉપર જુદા જુદા આચાર્યોએ જુદી જુદી સજઝાયો જુદી જુદી સાલોમાં

સત્‌શાસ્ત્રનો ઉપકાર+

卐

[લેખકઃ— ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ., મુંબઈ]

"પ્રાણીમાત્રનો રક્ષક બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે શ્રી વીતરાગનો ધર્મ છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી

સત્‌શાસ્ત્રને ઉપમા

જીવમાત્રના હિતસ્વી વીતરાગધર્મના નિરૂપક વીતરાગ સત્‌શાસ્ત્ર જ છે. વિશ્વકલ્યાણકારી આ **સત્‌**શાસ્ત્રનો ઉપકાર અમાપ છે. તેને જેટલી ઉપમા આપીએ તેટલી ઓછી છે. શાસ્ત્ર એ અહિતમાંથી **નિવર્તાવી** હિતમાં પ્રવર્તાવનાર સન્મિત્ર–'કલ્યાણ મિત્ર' છે. શાસ્ત્ર એ અપાર ભવસાગર**માંથી** જીવને પાર ઉતારનારી નૌકા છે. શાસ્ત્ર એ શિવસુખની જન્મદાત્રી જનની છે. **મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજીએ યોગબિંદુમાં** * કહ્યું છે તેમ શાસ્ત્ર એ પાપ–**આમયનું** ઔષધ છે, શાસ્ત્ર એ પુણ્યનું નિબંધન છે. શાસ્ત્ર એ સર્વત્ર ગમન કરનારૂં ચક્ષુ છે, શાસ્ત્ર એ સર્વ **અર્થનું** સાધન છે.' અથવા દર્શનપ્રભાવક **મોક્ષમાળા** (બાલાવબોધ) ગ્રંથમાં પરમ ભાવોલ્લાસથી '**જિનેશ્વરની** વાણી'ની સ્તુતિ કરતાં **પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યું છે તેમ એને ઉપમા આપવાની **તમા** રાખવી તે વ્યર્થ છે, અર્થાત્ એ અનુપમેય હોઈ એને ઉપમા આપી શકાય એમ નથી.

શાસ્ત્રનો વ્યુત્પત્ત્યર્થ

શાસ્ત્ર એટલે શાસ્તા પુરુષનું, આપ્ત પ્રમાણભૂત જ્ઞાની પુરુષનું વચન. જીવને મોક્ષમાર્ગ સંબંધી **જે** શાસન–આજ્ઞા કરે અને ભવભયથી ત્રાણ–રક્ષણ કરે તે 'શાસ્ત્ર', એવો તેનો વ્યુત્પત્તિ અર્થ જ તેનું **પરમ** ઉપકારીપણું સૂચવે છે અને આવું શાસ્ત્ર તો નિર્દોષ એવા વીતરાગ સર્વ**જ્ઞનું જ** વચન હોઈ શકે, બીજા કોઈનું નહિ. '**અધ્યાત્મોપનિષદ્**'માં ન્યાયાચાર્ય **મહર્ષિ**

+ લેખકના પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા ગ્રંથ (પ્રગટ થયેલ) અંતર્ગત આ લેખ અત્ર કંઈક વિસ્તારીને આપ્યો છે.

* **"पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् । चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥"**

—શ્રી યોગબિન્દુ

"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! રાજચંદ્ર! બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે."

—શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા

શ્રી યશોવિજયજીએ એમ જ કહ્યું છે.

> "शासनात्त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते।
> वचनं वीतरागस्य तच्च नान्यस्य कस्यचित्"॥
>
> —શ્રી યશોવિજયજી

આપ્ત વચન

કારણ કે જેનાં રાગ-દ્વેષ-મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ ટળ્યાં છે, તે જ પુરુષ 'આપ્ત' કહેવા યોગ્ય છે. જ્ઞાનને આવરણ હોય તો અપૂર્ણ જ્ઞાનને લીધે તેનું વચન અસત્ય પણ હોય ને તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિ; અને રાગ-દ્વેષ-મોહાદિ હોય તો તેથી પણ અસત્ય વદવાનો પ્રસંગ આવે, એટલે પણ વિશ્વાસ રાખી શકાય નહિ. પણ નિરાવરણ જ્ઞાન હોય અને રાગ-દ્વેષ રહિતપણું-નિર્દોષપણું હોય, તો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઇ પરમાર્થે વિશ્વાસપાત્ર-આપ્ત હોય; **શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળામાં** લખ્યું છે તેમ 'નિર્દોષ નરનું કથન માનો, જેણે જાતે અનુભવ્યું.' એટલે જે કોઇ સર્વજ્ઞ વીતરાગ હોય તેજ આપ્ત છે ને તેનું જ વચન આપ્ત છે, અર્થાત્ પરમ પ્રમાણભૂત હોઈ પરમાર્થે આપ્ત-પરમ વિશ્વાસપાત્ર છે અને આવું જે આપ્ત વચન તે જ 'આગમ' અથવા વિશ્વાસપાત્ર એવું શાસ્ત્ર છે. આ અંગે **મહર્ષિ શ્રી સમંતભદ્રાચાર્યજીએ 'આપ્તમીમાંસા'**માં કહ્યું છે કે—

> "दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायनात्।
> क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः॥
>
> —આપ્તમીમાંસા.

સત્શાસ્ત્રનું શ્રેયસ્કરપણું

આમ સત્ સ્વરૂપને પ્રાપ્ત થયેલા સત્પુરુષનું સત્વચન તે જ સત્શાસ્ત્ર અથવા સદાગમ છે અને તે જ વસ્તુનું સત્સ્વરૂપ બતાવી જીવનું સાચું કલ્યાણ કરવાને સમર્થ હોય છે, કારણ કે મહાયોગબલસંપન્ન તે તે મહાગુરુઓનો ચૈતન્ય સ્વરૂપ આત્મા અક્ષર સ્વરૂપે વ્યક્ત થઇ તેમની કૃતિઓમાં પ્રગટપણે અક્ષર સ્વરૂપે રહ્યો છે. પ્રત્યક્ષ આત્મજ્ઞાની વીતરાગ સદ્‌ગુરુના વિરહે આવા પરોક્ષ આત્મજ્ઞાની સદ્‌ગુરુઓના વચનનું અવલંબન જીવને શ્રેયસ્કર થઈ પડે છે; અથવા સદ્‌ગુરુની આજ્ઞાએ આત્માદિ અસ્તિત્વના નિરૂપક આ સત્શાસ્ત્ર સુપાત્ર જીવને પરમ ઉપકારી આધારભૂત થઇ પડે છે. આમ 'આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદ રહિત પુરુષને.'

'સત્' શાસ્ત્ર અમૃત: કુશાસ્ત્ર વિષ

અત્રે 'સત્' શાસ્ત્ર એમ જે કહ્યું છે તે અસત્શાસ્ત્રનો વ્યવચ્છેદ કરવા માટે છે, કારણ કે સત્-શાસ્ત્ર જ જીવને ઉપકારી થાય છે, અસત્શાસ્ત્ર તો ઉપકારી નહિ પણ અપકારી થાય છે. રાગ-દ્વેષ-મોહની વૃદ્ધિ કરનારું અસત્શાસ્ત્ર તો મનને વ્યામોહ પમાડી, વિષયથી વ્યાકુલ કરી મોહસાગરમાં ડુબાડી દે છે. **મહર્ષિશ્રી શુભચંદ્રાચાર્યજીએ 'જ્ઞાનાર્ણવ'** મા કહ્યું છે તેમ 'ક્ષણભર કાનને મીઠું મીઠું લાગે, પણ પછી તો અવિદ્યાનું ઝેર ફેલાવી જીવને મૂર્છિત કરે છે.' એવા અસત્શાસ્ત્રનું આત્માર્થીને શું પ્રયોજન? જગતપૂજ્ય એવું સત્શાસ્ત્ર અમૃત છોડી કુશાસ્ત્ર વિષથી આત્મ-વિડંબના કોણ કરે? વળી **યોગબિંદુમાં મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજીએ** ભાખ્યું છે તેમ 'અર્થ-કામની બાબતમાં લોકો વિના ઉપદેશે પણ પટુ હોય છે,' વગર શિખવ્યે પણ આપોઆપ પ્રવર્તે છે, પણ ધર્મની બાબતમાં તો શાસ્ત્રોપદેશ વિના પ્રવૃત્તિ ઘટતી નથી. માટે તેમાં શાસ્ત્રને જ પ્રમાણભૂત ગણી તદુક્ત વિધિ અનુસાર મુમુક્ષુ આદરથી પ્રવર્તે એ જ એને આત્મહિતનો હેતુ છે.

"उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः" ॥

—શ્રી યોગબિંદુ

કારણ કે આ કરવું ને આ ન કરવું એમ આત્મપદાર્થને અવિરોધરૂપ વિધિ–નિષેધ જે દાખવે છે એવું સત્શાસ્ત્ર જ મોહાંધકારભર્યા આ લોકમાં આલોક (પ્રકાશ) કરનારો દીવો છે. અંધકારવાળા ઘરમાં દીવો થતાં જેમ તત્ક્ષણ અંધકાર નષ્ટ થઈ ત્યાં રહેલા સર્વ પદાર્થ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે, તેમ સત્આગમરૂપ દીવો ત્રિલોકીગૃહમાંરહેલા સર્વ પદાર્થસાર્થનું યથાર્થ દર્શન કરાવે છે અને કર્મભાવરૂપ અજ્ઞાન અંધકારને આત્મભાવરૂપ જ્ઞાનપ્રકાશ વડે નષ્ટ કરે છે. સત્શાસ્ત્ર એ અજ્ઞાનાંધજનોને તત્ત્વદૃષ્ટિ અર્પનારૂં જ્ઞાનચક્ષુ છે. આ દિવ્ય નયનથી જ સન્માર્ગનું સમ્યગ્દર્શન થાય છે; આ પરમાર્થદૃષ્ટિ વિના તો બધું ય અંધારૂં છે, 'આંખ વિનાનું અંધારૂં રે.' આ આધ્યાત્મિક તત્ત્વદૃષ્ટિના ઉન્મીલન વિનાની જે સત્શાસ્ત્રનિરપેક્ષ ધર્મક્રિયા છે તે પણ **શ્રી હરિભદ્રસૂરિજી**ના શબ્દોમાં 'અંધપ્રેક્ષાક્રિયાતુલ્ય' છે, કારણ કે અંધપણાને લીધે માર્ગ ન દેખતો આંધળો ઉન્માર્ગે જઈ જેમ ઊંડા ખાડામાં પડી જાય, તેમ દૃષ્ટિઅંધપણાને લીધે સન્માર્ગ નહિ દેખતો અજ્ઞાની જીવ ઉન્માર્ગે ગમન કરી દુર્ગતિરૂપ ગર્તામાં–ખાડામાં પડી જાય છે, પણ સત્શાસ્ત્રનું અવલંબન જીવને હસ્તાવલંબરૂપ થઈ પડી દુર્ગતિમાં પડતો અટકાવે છે અને તેને સદ્ધર્મમાં ધારી રાખી આત્મઉન્નતિને પંથે ચઢાવે છે.

શાસ્ત્રદીપક વિના અંધારૂં

"न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।
अंधप्रेक्षाक्रियातुल्या कर्मदोषादसत्फला ॥"

—શ્રી યોગબિંદુ

સત્શાસ્ત્ર એ ભવઅરણ્યમાં ભૂલા પડેલા જીવ–પથિકને ઉત્તમ માર્ગદર્શક ભોમિયો છે, મોક્ષમાર્ગના પ્રવાસીને દિશાદર્શન કરાવનારો પરમ સહાયક સોબતી છે. તેની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક ચાલતાં માર્ગનું અવિકલ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેની સહાયથી માર્ગ દેખતો દેખતો સિંહશિશુ સમો મુમુક્ષુ મોક્ષમાર્ગે નિર્ભયપણે પ્રગતિ કરતો જાય છે. આમ આગળ ને આગળ પ્રયાણ કરતો તે ભયાનક અટવી વટાવી જઇને સુંદર રાજમાર્ગ પર આવી જાય છે, એટલે આગળનો મોક્ષસ્થાન ભણીનો રસ્તો ચોખ્ખે ચોખ્ખે દેખાય છે. એટલે પછી શાસ્ત્ર–ભોમિયાના 'દિગ્દર્શન' પ્રમાણે તે અનુભવ–મિત્રની સહાયથી આત્મસામર્થ્ય યોગથી આગળ વધી મોક્ષસ્થાને પહોંચે છે.

શાસ્ત્ર ભોમિયો

"पदमात्रं हि नान्वेति शास्त्रं दिग्दर्शनोत्तरम् ।
ज्ञानयोगो मुनेः पार्श्वमाकैवल्यं न मुञ्चति" ॥

—શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મોપનિષદ્

"દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધકબાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત
વીર જિનેશ્વર પરમેશ્વર જયો."

—શ્રી આનંદઘનજી

આગમસાહિત્ય અને આપણે

[લેખકઃ—શ્રી મોહનલાલ દી. ચોકસી]

'**દેવાનંદ સુવર્ણાંક**'માં સાહિત્ય સંબંધી વાત શોભે એ મુદ્દો ધ્યાનમાં રાખી આજના વિદ્યમાન સાહિત્યના મૂળ સ્રોત પ્રતિ દૃષ્ટિ દોડાવતાં એ તો દિવા જેવું સ્પષ્ટ જણાય છે કે ચરમ તીર્થપતિ **શ્રી મહાવીરદેવે** પ્રથમ ગણધર **શ્રી ઈંદ્રભૂતિ ગૌતમને** જુદા જુદા પ્રસંગે જે જે વિષયો ઉપર પ્રવચન આપેલ તે સર્વની ગૂંથણીનું કાર્ય ગણધર મહારાજાએ કર્યું અને એ **દ્વાદશાંગી** તરીકે પ્રસિદ્ધિને પામ્યું. અંગની શરૂઆતમાં જે પ્રયોગ દૃષ્ટિગોચર થાય છે તે આ પ્રમાણે જોવાય છેઃ—

'હે જંબુ ! ભગવંત શ્રી વર્ધમાને ગણધર મુખ્ય શ્રી ગૌતમ સ્વામીને પદાર્થોનું સ્વરુપ જે રીતે સમજાવ્યું તે પ્રમાણે તને હું (સુધર્મા સ્વામી) કહુ છું.'

અંતિમ જિનની પાટ સાચવનાર અંતેવાસી એવા પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામીનાં આ વચનો પૂર્વે કહી ગયા તે વાતની પ્રતીતિરૂપ છે. બારમું **દૃષ્ટિવાદ અંગ** જે વિચ્છેદ ગયેલ છે અને બાકી **અગિયાર અંગો** જે હાલ જોવામાં આવે છે સર્વના મૂળમાં વાણી અને સમજણ ખુદ તીર્થંકરદેવની અને શબ્દ રચના કિંવા નામાભિધાન પૂજ્ય ગણધર મહારાજનું છે. આમ છતાં દરેક અંગનું જે શ્લોક પ્રમાણ નંદીસૂત્રમાં કહેલ છે તે મળતું નથી એટલે સહજ અનુમાની શકાય કે કેટલુંક એમાંથી છૂટી ગયેલ છે. વળી કેટલાંક સ્થળે પાઠભેદો પણ જોવાય છે. આમ બનવામાં જે ઊડીને આંખે વળગે તેવું છે એક કારણ તો આ સર્વને પાના પર લખવામાં લગભગ હજાર વર્ષનો જે આંતરો પડ્યો તે છે. સ્મરણશક્તિના બળે આ મહત્ત્વનો જ્ઞાન રાશિ શિષ્ય પરંપરામાં વારસા રૂપે અપાતો રહ્યો, પણ એમાં અવસર્પિણી કાળના યોગે સમયના વહેણમાં થોડું થોડું વિસ્મૃત થતું ગયું

વિદ્વાન્ પૂર્વાચાર્યોએ પ્રાપ્ત થયેલ આ કિંમતી વારસો યથાર્થ સ્વરૂપમાં જળવાઈ રહે તે માટે જુદાજુદા સમયે એ કાળના વિષમ સંયોગોમાં પણ હિંમત હાર્યા વગર ઉચિત પ્રયાસો કર્યા છે. એ વિચારતાં એ મહાત્માઓને ધન્યવાદ આપ્યા સિવાય રહેવાતું નથી એની જે નોંધો ઉપલબ્ધ થાય છે તે વર્ણવવાનું આ સ્થળ નથી. એ ઉપરથી એટલો તો સાર તારવી શકાય છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તરફ નજર રાખી તેઓએ જ્ઞાન-ખજાનાને રક્ષવા બનતા પ્રયાસો સેવ્યા છે.

સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં બનેલ બનાવની જે નોંધ **પ્રો. જેકોબી**એ જૈનધર્મગ્રંથોની **પ્રાકૃતભાષા** અને બૌદ્ધગ્રંથોની **પાલીભાષા**ની સરખામણી કરતા નિબંધમાં લીધી છે એ જાણવા જેવી છે. એ ઉપરથી નિર્ગ્રંથ શ્રમણોમાં સંપ્રદાય ભેદ થયો તે વાત ઉપર જેમ પ્રકાશ પડે છે તેમ આજના અંગોમાં વપરાયેલી ભાષા મૂળ પ્રાકૃત યાને જૂની પ્રાકૃત છે અને ભગવંતના સમયની જ છે, **દેવદ્ધિગણિ ક્ષમાશ્રમણે** તો માત્ર પુસ્તકારુઢ કરવાનો જ પ્રયાસ કર્યો છે એ **નિતરાં સત્ય**ના એ દ્વારા દર્શન થાય છે.

'In the reign of Chandra Gupta a very severe famine lasting about 12 years, visited Magadha, the stronghold of the **Jains.** At this time that is about 290 B. C. Bhadrabahu who was the head of the then yet undivided **Jains** emigrated with a portion of his people to Southern India. Towards the end of the famine, Sthulabhadra who had become the head of the remaining portion of the Jains during the absence of Bhadrabahu, called a meeting of the Sangha at Pataliputra, the modern Patna. It was this Council which collected the Jain sacred books, consisting of 11 Angas and 14 Purvas, the latter collectively put into the additional Anga, thus making up altogether 12 Angas. The Jain monks who had remained in Magadha during the famine had been compelled by the exigencies of the time, to give up the habit which they had of going about in entire nudity and to adopt the white dress. But the monks who had voluntarily exiled themselves, were extremely dissatisfied on their return to Magadha with this change and they refused to hold any connection with the white-robed monks, and consequently refused to acknowledge the collection of the sacred books made by the Council of Pataliputra during their absence, declaring that for them the Purvas and Angas were lost.

This was the main cause of the division of the Jains into 2 sections the Digambaras, the naked ones and the Svetambaras, the white-robed ones. From this we can see that the Svetamber Jains had their sacred books collected as far back as the end of the fourth century or the beginning of the third century, B. C., that is to say about two centuries after Mahavira's death. But we are not to think from this that the Jains had no sacred writings for two centuries after Mahavira's death. The very fact that their sacred writings were collected in about 300 B. C., shows that they must have existed for a long time, for such a long time that a need was felt, to collect them and rarrange them. We see, therefore, no reason to disbelieve the Jain-tradition which says that Mahavira himself taught the Purvas to his immediate disciples the Ganadharas, who in their turn composed the Angas. The very name Purvas (earlier) shows that they were composed before the Angas."

'The Priority of Jainism over Buddhism' નામના પુસ્તક કે જેના કર્તા ડરનમ-બરજોરજી પારખ M. A., L L B છે અને જે સં. ૧૯૦૪માં પ્રગટ થયેલ છે, તેમાંથી ઉપરનો અંગ્રેજી ઉતારો લીધો છે. એ ઉપરથી સહજ જોઈ શકાય છે કે શ્વેતાંબર સંપ્રદાય પાસે જે અંગો મોજુદ છે એ અતિશય મહત્વના છે. અને પ્રાચીન છે.

આ સબંધમા કલિંગમા આવેલ હાથીગુફાનો લેખ પણ ઠીક પ્રકાશ પાડે છે. ત્યાંના મહારાજા

ખારવેલે શ્રમણોની પરિષદ મેળવી હતી. એ સંબંધમાં નીચેનું લખાણ એ સમયનું સાચું ચિત્ર રજૂ કરે છેઃ–
"અપ્રતિબદ્ધભાવે વિહરતા અને ઠેરઠેર ઉપદેશનો પ્રકાશ પાથરતાં શ્રમણોને એક સ્થળે આમંત્રવા એ દુર્ઘટ કાર્ય ગણાતું. ઉપરાઉપરી દુકાળો અને રાજ્યક્રાંતિઓને લીધે શ્રમણોના પરસ્પરના સંબંધ પણ ઘણા અંશે ક્ષીણ થઈ ગયા હતા.

'શ્રમણો જ ઓલવાઈ જતા જ્ઞાનદીપકને મહામહેનતે જાળવી રહ્યા હતા. સ્થવિરો પોતે જ એ કાળે વિદ્યાપીઠરૂપ હતા. સ્મૃતિના જોરે જ ભગવંત **શ્રી મહાવીર દેવ** કથિત આગમનો પ્રવાહ પરંપરામાં વહી રહ્યો હતો. કાળના વૈષમ્યે મૂળ સૂત્રપાઠ, અર્થ અને આચાર–વિધાનમાં મતફેર પડવાના સંયોગો જન્માવ્યા હતા, પણ સમ્રાટ ખારવેલે બહુશ્રુત શ્રમણોને બોલાવી એ સર્વ તાજું કરી લેવાની તેમજ ખૂટતી કડીઓ બેસાડી લેવાની વિરલ તક ગોઠવી દીધી. આ સંમેલન મળવાનો સમય પાટલીપુત્રની પ્રથમ વાચના અને માથુરી વાચના વચ્ચેનો સંભવિત છે. સંમેલને રાજવી ખારવેલને **દ્વાદશાંગીરક્ષક**નું બિરૂદ આપ્યું હતું.'

'સંમેલનમાં જે વિદ્વાન્ આચાર્યોએ અને પ્રજ્ઞાસંપન્ન મહાત્માઓએ ભાગ લીધો હતો, તેમાં આર્ય–મહાગિરિની પરંપરાના આર્યબલિસ્સહ, બોધિલિંગ, દેવાચાર્ય, ધર્મસેનાચાર્ય, નક્ષત્રાચાર્ય મુખ્ય હતા. આર્ય સુસ્થિત, સુપ્રતિબદ્ધ તથા ઉમાસ્વામી, (ઉમાસ્વ તિ) અને શ્યામાચાર્ય આદિ ત્રણસો સ્થવિરકલ્પી સાધુઓ મળી કુલ શ્રમણસંખ્યા પાંચસો જેટલી હતી. આર્યા પોઈણીની આગેવાની હેઠળ ત્રણસો સાધ્વીઓએ પણ ભાગ લીધો હતો. આ તો શ્રમણસંઘની વાત થઈ. શ્રાદ્ધ સમૂહ પણ નાનોસૂનો નહોતો. સાતસો શ્રાવકો અને તેટલી જ સંખ્યામાં શ્રાવિકાઓ પણ એકત્ર થઈ હતી. આમ ચતુર્વિધ સંઘનું આ સંમેલન કુમારી પર્વત ઉપર મળ્યું હતું.'

'સંમેલનનું કાર્ય પતી ગયા પછી સમ્રાટ ખારવેલે વિદ્વાન તેમજ તપસ્વી સાધુ–સાધ્વીઓને કલિંગની આસપાસના પ્રદેશોમાં વિહરવાની અને લોકોને ધર્મનો ઉપદેશ આપવાની પ્રાર્થના કરી. રાજવીની આ પ્રાર્થના **શ્રમણસંઘે** હોંશથી વધાવી લીધી. મગધ, મથુરા અને બંગ દેશનાં સન્માનિત સાધુ તથા સાધ્વીઓનો સારો જેવો સમુદાય **ભગવંત શ્રી વર્ધમાન સ્વામી**ના સિદ્ધાંતોનો પ્રચાર કરવા મંડી ગયો. ઉપદેશ દ્વારા જન–સમૂહને ધર્મમાર્ગે વાળવો એ તો મુનિજીવનનો મુદ્રાલેખ હતો પણ ઉપરાઉપરી દુકાળોને લઈ તેમજ રાજ્યની સ્થિતિ વખતોવખત પરિવર્તન પામતી હોવાના કારણે નિર્ગ્રંથ–શ્રમણસંઘને આહાર–વિહારની અથવા તો સંયમ નિર્વાહની જેવી જોઇએ તેવી અનુકૂળતાઓ મળી શકતી નહોતી, પણ એ માટે ઉપર જોયું તેમ સમ્રાટે જવાબદારી સ્વીકારી હતી.'

બંગાળના માનભૂમ–વર્ધમાન આદિ જિલ્લાઓમાં ખોદકામ કરતાં સંખ્યાબંધ મૂર્તિઓ તથા તેના અવશેષ અને પડી ગયેલાં માંદિરોનો ભંગાર ઉપલબ્ધ થાય છે. એ ઉપરથી સહજ અનુમાની શકાય કે એક કાળે અહીં જૈનધર્મ પૂર્ણપણે ખીલ્યો હતો અને એના અનુયાયીઓની સંખ્યા વિપુલ હતી. એક વિદ્વાનના નિબંધ ઉપરથી જૈનધર્મ એ બંગાળનો **આદિધર્મ** હતો એ વાત પુરવાર થયેલ છે. આ માટે સંખ્યાબંધ પુરાવા એમાં સંગ્રહિત કરાયેલા છે.

આટલા લંબાણ પછી જરાપણ શંકાને સ્થાન રહેવાનું કારણ નથી કે આજે જે આગમ સાહિત્ય મોજૂદ છે એ મૂળ ને મહત્ત્વનું હોઈ, પરંપરાથી સ્મૃતિદ્વારા જળવાઈ રહેલું છે અને એને વલ્લભીપુરમાં પૂજ્ય દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે ગ્રંથારુઢ કરેલ છે.

પ્રશ્ન એ ઊઠે છે કે—

આવા અણુમૂલા વારસાને કેવળ સાચવી રાખવો, શાસ્ત્રોને શસ્ત્રરૂપ બનાવી એ માટે વાગ્યુદ્ધ ખેલવું, કે ચરમજિનની ભાવના 'સવિ જીવ કરૂં શાસનરસી'ને ધ્યાનમાં રાખી, દેશ-કાળને અનુરૂપ સ્વાંગ સજાવી, દુનિયાની પ્રચલિત ભાષાઓમા ફરતો કરવો? યાદ રાખીએ કે 'જ્ઞાન તો લોકાલોક પ્રકાશક છે' એ જ્યાં જશે ત્યાં તિમિરને ભેદી નાખી પ્રકાશ પાથરશે. 'Knowledge is power'

સમયની હાકલ છે કે ભંડારમા એને બંધ કરી રાખવાનો યુગ આથમી ગયો. ભાવના શુદ્ધ હોવા છતા એ પ્રયોગમા આપણને ઠીકઠીક હાનિ વેઠવી પડી! આમ છતા 'ભાગ્યું તો યે ભરુચ' એ જનવાયકા મુજબ જે બચવા પામ્યું છે તે મહામૂલુ છે. એ દ્વારા સ્વ પર કલ્યાણ સધાય તેમ છે. મરહૂમ શેઠશ્રી દેવચંદ લાલભાઈએ લક્ષ્મીપરનું મમત્વ ઉતારી, એમાનુ ઘણુ ખરુ છપાવી જૈન સમાજ ઉપર ભારે ઉપકાર કર્યો છે. એ પછી તો ઠીક પ્રમાણમાં પૂજ્ય આચાર્ય દેવશ્રી આનંદસાગર સૂરિજી મહારાજે આગમરૂપ અણુમૂના ખજાનાને સંરક્ષવા તેમજ પ્રચારવા નિમિત્તે યોજનાઓ હાથ ધરી જેસલમેરના જ્ઞાન ભંડારનું સંશોધન આગમપ્રભાકર મુનિશ્રી, પુણ્યવિજયજી દ્વારા થયુ અને એવી વધુ નવું જાણવા મળ્યુ. દિલ્હીમા ગોઠવાયેલા ત્યાના તાડપત્રોના પ્રદર્શનથી રાષ્ટ્રપ્રમુખ શ્રી રાજેન્દ્રપ્રસાદજી પણ વિસ્મય પામ્યા. જગતની આખે આ જ્ઞાન ચડે તેવા ઉપાયો સત્વર જૈનસમાજે હાથ ધરવા જરૂરી છે એમ એક કરતા વધુ પ્રસગે તેઓએ કહ્યુ પણ ખરૂં.

વિચારણીય વાત તો એટલી જ છે કે આજે જૈન સમાજની ફરજ કેવા પ્રકારની હોવી ઘટે? જેમ ભંડારમા બંધ રાખવામા ડહાપણ નથી તેમ શાસ્ત્ર છે પણ શસ્ત્ર નથી એમ અંતરમાં પ્રમાણીને નાના કે મોટા કોઈ પણ વિતંડાવાદમા ઉતર્યા વિના એના પ્રચારમા દત્તચિત્ત થવું જોઈએ. વળી એ પ્રાકૃત-અર્ધમાગધી કે સંસ્કૃતમાં પુનર્મુદ્રણ પામે તેથી સંતોષ ન હોય આજે તો **ભગવંત શ્રી મહાવીરની અહિંસા-અનેકાંતદૃષ્ટિ અને અપરિગ્રહ** આદિ તત્ત્વો અંગેની વિચારણા સમજવાની વિશ્વને ભૂખ લાગી છે અને એ મટાડવા સારૂ અંગ્રેજી ભાષામા પ્રકાશન કરવું જરૂરી છે, કેમકે આજે એ સમજનારો વર્ગ અતિ વિશાળ પ્રમાણમા છે. અલબત્ત માર્ગ નાનુસનું નથી છતાં જૈનો કે જે જ્ઞાન આરાધન અંગે એક પર્વ ઊજવે છે તેમને માટે કંઈ મુશ્કેલ પણ ન ગણાય ગળથુથીમાથી દાનગુણના પાઠ પઢનાર જૈનો દેશ-કાળના એ ધાણ પારખી, સાથ મળી, એક મધ્યસ્થ સસ્થા ઊભી કરે તો એ માટે ધનની ઊણપ રહેવાનો પ્રશ્ન સંભવતો નથી જ. નિષ્ણાત ને અભ્યાસી વિદ્વાનોની ખોટ ગણાય, પણ એ પૂરાય તેવું વાતાવરણ સરજાઈ રહ્યું છે અને ઉત્તરોત્તર એમાં વૃદ્ધિ થતી રહી છે. નેત્ર સામે બદલાયેલ નકશો જોયા પછી જે વાત ભૂલવા જેવી છે તે એટલી જ કે 'સાંપ્રદાયિકતાનો મોહ.' જ્યાં સુધી એનું પડળ આખ ઉપર હશે ત્યાં સુધી ઉપર વર્ણવી ભાવના બર નહીં જ આવે. માટે જાગ્યા ત્યાથી સવાર માનીને જાગૃત થઈએ. વર્ષો પૂર્વે જે દીર્ઘદર્શિતા સુરતવાસી સાહિત્યપ્રેમી શ્રીમતીએ વાપરી જે સાહિત્યરાશિ ખડો કર્યો, તે વધુ ને વધુ પ્રમાણમાં વિકસ્વર થાય તેવા ઉપાયો હાથ ધરીએ.

જેમા કેવળ અભ્યંતર શત્રુઓ યાને રાગ-દ્વેષ કે એનાં સંતાનો ક્રોધ, માન, માયા અને લોભ ઉપર વિજય મેળવવાની વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને માત્ર માનવસમૂહ સાથે જ નહીં પણ સારાયે જગતની સર્વ જીવરાશિઓ સહ ક્ષમાપના દાખવી મૈત્રીભર્યું જીવન જીવવાની શિક્ષા અપાણી છે એવા પ્રેમ ને શાન્તિ ઉત્પાદક **જૈનધર્મ**ની પ્રભાવના કરવા માટે આ સુવર્ણ પળ સાંપડી છે. એ કરવાનો એક માત્ર ઉપાય તે આગમ સાહિત્યનો જુદી જુદી ભાષામાં છૂટથી પ્રચાર કરવામાં સમાયો છે.

卐

અણુબૉંબના જમાનામાં જૈન ધર્મનું સ્થાન

[લેખક : આચાર્ય શ્રી જ્ઞાનસાગર સૂરિજી–માટુંગા]

આપણા પૂર્વજોએ જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના લખેલા ગ્રંથોના સંશોધન અને પ્રકાશન તથા પ્રચાર માટે આપણે જ્યારે ખૂબ આગ્રહ રાખીએ છીએ અને એ કાર્યની પાછળ અથાગ શ્રમ અને ઘણું ધન ખર્ચવામાં આવે છે ત્યારે સામાન્ય જનના મનમાં અને બુધ્ધિશાળી વર્ગના મનમાં પણ એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે માનવ જાતને સંસ્કૃતિની દિશામાં પ્રગતિ શરૂ કર્યે હજારો વર્ષ વીતી ગયાં અને શ્રી તીર્થંકર દેવોએ પ્રરૂપેલો માર્ગ અનુસરતાં અનેક યુગ વીત્યા છતાં શું આપણે હજુ એનાં એ પુસ્તકો અને એના એ સિધ્ધાંતોનું જ અવલંબન લેવાનું છે? આપણે હજુ શું એટલી માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ સાધી નથી કે કાંઈક નવું નિપજાવી શકીએ અને માનવજાતને પ્રગતિને માર્ગે વધુને વધુ આગળ લઇ જઇ શકીએ?

આવો સવાલ દરેક વિચારકના મનમાં ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે, પરંતુ અત્યારના સંજોગો દરેક રીતે વિચારતાં એનો જવાબ પણ તરત મળી રહેશે.

મુખ્ય પ્રશ્ન એ વિચારીએ કે માનવ જાતે પ્રગતિ સાધી છે ખરી? ભૌતિક અને સાંસારિક સુખ સગવડો ઉપજાવવાની દૃષ્ટિએ કોઇ કહેશે કે મનુષ્યે જરૂર અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. આ નિર્ણય પણ બરાબર નથી. પૃથ્વી ઉપરની આટલી વિશાળ માનવ વસ્તીમાંથી ગણ્યા ગાંઠ્યા લોકો જ આ ભૌતિક પ્રગતિના લાભ મેળવી શકે છે અને પરિણામે તેઓ બાકીના લોકોને ગુલામ અને પછાત દશામાં રાખવા પ્રયત્નો કરે છે.

ઉપરાંત આ ભૌતિક પ્રગતિ મનુષ્યને અત્યારે એવા સ્થાને લઇ ગઈ છે કે જ્યાંથી સંપૂર્ણ વિનાશ હાથવેંતમાં દેખાય છે. અણુબૉંબ, હાઇડ્રોજન બૉંબ વગેરે મહાભયંકર શસ્ત્રોની શોધને લઇને હવે વિનાશ દૂર નથી દેખાતો અને આવાં વિનાશાત્મક શસ્ત્રો હાથમાં હોવા છતાં મનુષ્યને એક બીજા પ્રત્યે વિશ્વાસ કે સમભાવ ઉત્પન્ન નથી થતો. અવિશ્વાસ, અસહિષ્ણુતા, અન્યની જીવનરીતિ પ્રત્યે અભાવ, હું જ સર્વશ્રેષ્ઠ – આ અને આવી વૃત્તિઓનું પ્રાબલ્ય એ જ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

માનવજાતની ઉત્પત્તિની શરૂઆતમાં જેવું વાતાવરણ હતું તેવું જ વાતાવરણ અત્યારે હયાત છે એમ માની શકાય. જંગલનો કાયદો, હરીફને મારવાની વૃત્તિ, આ બધું શું દર્શાવે છે?

આને શું આપણે પ્રગતિ ગણવી? સામાન્ય બુદ્ધિ તો આને અવગતિ જ ગણે. સર્વતોમુખી વિનાશની બીકમાં જ પળેપળ વ્યતીત થતી હોય તેવા જીવનને પ્રગતિમય જીવન ગણી જ કેમ શકાય?

અત્યાર સુધીની માનવજાતની આવી પ્રગતિનું સરવૈયું તપાસતાં જણાય છે કે આપણે ખરી પ્રગતિ તો નથી જ સાધી એ નિર્વિવાદ છે. આનું કારણ શું?

સદ્‌ભાગ્યે માનવજાતમાં હજુ પણ થોડી વ્યક્તિઓ છે કે જેઓ હાલના પ્રવાહોને ચિંતાજનક ગણીને પૂર્વજોના વારસા તરફ આશાભરી નજર દોડાવે છે. જૈન ધર્મે પ્રરૂપેલ સત્ય, અહિંસા, અપરિગ્રહ, સમભાવ વગેરે મહામૂલા સિધ્ધાંતોનો અમલ એજ અત્યારે માનવજાતને વિનાશને પંથેથી પાછો વાળશે એમ નિઃશંક સમજાય છે.

અત્યારે ફરી વળેલ અંધકારમાં પ્રકાશ દૃષ્ટિગોચર થતો હોય તો તે એક જ દિશામાં છે. તીર્થંકર-

દેવો, ગણધરો, આચાર્યો વગેરે જે માર્ગ મૂકી ગયા છે તેનું ફરી અને ફરી ઉચ્ચારણ તેનો અમલ અને વધુને વધુ પ્રચાર આ વસ્તુ જ માનવજાતને અવનતિને પંથે જતી રોકશે.

અને એટલે જ આપણા પ્રાચીન ગ્રંથો આ તક અમૂલ્ય બને છે. એ જાળવી રાખવા તથા તેનો વ્યવસ્થિત પ્રચાર કરવો એ આપણી પ્રથમ ફરજ બને છે.

જૈન શાસ્ત્રોમાં અનેકવિધ જ્ઞાનની જે તલસ્પર્શી મીમાંસા આપેલી છે, વિવિધ વિષયનાં પુસ્તકોમાં જે અમૂલ્ય ખજાના ભર્યા છે તે તપાસતાં જીવનનું કોઈ ક્ષેત્ર એમાંથી રહી જતું હોય એમ ન લાગે. જે જોઈએ અને જેટલા પ્રમાણમાં જોઈએ તે બધું તેઓ આપણે માટે મૂકી ગયા છે.

અમૂલ્ય અને સનાતન એવા સત્યો કે જે તીર્થંકર દેવો મનુષ્યને આપી ગયા છે તે ભૂલી ક્ષણિક-સુખ માટે આપણે ભૌતિક માર્ગે ચાલી નીકળીએ એટલે સર્વત્ર દુઃખ, રોગ, વિનાશ વગેરે દેખાય છે. માટે ફરી ફરીને તીર્થંકરના માર્ગે જવાનું અનિવાર્ય બને છે—એમાં જ મોક્ષ છે, એમાં જ આત્યંતિક સુખ છે.



અભિનંદનનો સંદેશો

જૈન સંઘના આગમ ગ્રંથો આગમો અને તાત્ત્વિક જ્ઞાનપૂર્ણ પ્રકરણગ્રંથો દુર્લભ હતા. અનેક જિજ્ઞાસુઓને એ ગ્રંથોના અભ્યાસ માટે ઘણી ઘણી મુશ્કેલીઓ નડતી પડતી, પણ જૈન સંઘના અભ્યુદયે સુરત શહેરમાં શ્રી દેવચંદ લાલભાઈની અકલ્પ્ય ઉદારતાથી પ્રકાશન સંસ્થા સ્થાપિત થઈ ત્યારથી અભ્યાસકોની મુશ્કેલીઓ સહજ દૂર થઈ અને અભ્યાસકોના ઉત્સાહ વધતો ગયો જ્ઞાનપિપાસા પૂર્ણ થતી ગઈ. સાચે જ આ સંસ્થાએ પોતાના જન્મ કાળથી અનેક ગ્રંથો પ્રસિદ્ધમાં આણીને જિજ્ઞાસુ હૃદયોને સંતોષ્યા છે, એમ કહેવું એ તદ્દન સત્ય છે.

આ સંસ્થાના કાર્યવાહકો પણ મધ્યસ્થવૃત્તિને અબાધિત રાખી રહ્યા છે, કારણ કે સમાજના પ્રત્યેક આચાર્યો કે મુનિપુંગવો દ્વારા પ્રકાશનોમાં સહકાર લે છે અને જેમ બને તેમ શુદ્ધ અને જલદી ગ્રંથ પ્રકાશનો થાય તેની તેઓ કાળજી તકેદારી રાખે છે એમ પ્રત્યક્ષ અનુભવાય છે. જે જે આચાર્યો કે મહાપુરુષો જેવો જેવો સહકાર આપે છે, તેઓનો ઋણીભાવ પણ વ્યક્ત કરે છે.

આ સંસ્થા અદ્યતન શૈલીથી વિશદ સંપાદનો દ્વારા નવા અપ્રસિદ્ધ અનેક આગમ તેમજ પ્રકરણગ્રંથો પ્રકાશમાં લાવે અને જ્ઞાનગંગાઓ પ્રવાહિત કરે એજ એક મંગલકામના.

લી. આચાર્યદેવ શ્રી વિજયભુવનતિલક સૂરીશ્વરજી મહારાજ
(બોરસદ)

અભિનંદનનો સંદેશો

આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રીમાન સાગરાનંદ સૂરીશ્વરના સદુપદેશથી અને પ્રેરણાથી સંસ્થાપિત થયેલ શેઠ દેવચંદ લાલભાઈ દ્વારા શ્રી જૈન પુસ્તકોદ્ધાર સંસ્થાએ અત્યાર સુધી સો લગભગ ગ્રંથો પ્રસિદ્ધ કરેલ છે તેથી આચાર્ય, ઉપાધ્યાય, મુનિવર્યો વગેરેને અત્યંત લાભ થયેલ છે. સંસ્થા સારામાં સારું કામ બજાવે છે. હવેથી અન્ય આગમ પુસ્તકોને પ્રસિદ્ધ કરવા ઘણી સારી રીતે પ્રયાસ કરી રહેલ તે પ્રયાસ સફલતાને પામો અને ઘણો લાભ લો અને આપો એ જ. ધર્મસાધન કરશો.

લી. આચાર્ય શ્રી કીર્તિવિજય સૂરિ
(સાણંદ)

જિનવચન રૂપ શાસ્ત્રોનો ઉપકાર

[લેખક:– મુનિશ્રી ભદ્રંકર વિજયજી, જૈન વિદ્યાશાળા–અમદાવાદ]

नमः श्रीः प्रवचनाय।

जइ इच्छह परमपयं, अहवा कीर्त्ति सुवित्थडं भुवणे।

ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥ १ ॥"

શ્રી જિનેશ્વરોનો સુખાર્થી ભવ્ય જીવોને ઉદ્દેશીને એવો ઉપદેશ છે કે 'જો પરમપદ–મોક્ષની ઇચ્છા હોય અથવા ત્રણ ભુવનમાં વિસ્તૃત ઉજ્જ્વલ કીર્તિની ઇચ્છા હોય તો ત્રણે લોકને ઉદ્ધરવામાં સમર્થ એવા શ્રી જિનવચનમાં આદર કરો.'

આ ઉપદેશમાં જિનવચન રૂપ શાસ્ત્રોનું મહત્ત્વ જણાવવા સાથે જીવને સુખ આપવાનું સામર્થ્ય એ શાસ્ત્રોમાં જ છે એમ જણાવ્યું છે.

શેઠ **દેવચંદ જૈન પુસ્તકોદ્ધાર ફંડ** સમિતિએ શું વિશિષ્ટ કાર્ય કર્યું છે તે સમજવા માટે પ્રથમ શાસ્ત્રોના ઉપકાર અંગે થોડું સમજી લઇએ.

જીવનું અનાદિ અસ્તિત્વ છે તેમ તેને લાગેલાં કર્મો પણ અનાદિ છે, આ કર્મોના સામાન્યતયા આઠ પ્રકારો છે. તેમાં મુખ્યતા મોહનીયની છે, મોહનીયમાં પણ મિથ્યાત્વ મોહનીયનું બળ ઘણું અહિતકર છે. જ્યાં સુધી આત્મા ઉપર તેનું પ્રાબલ્ય હોય છે ત્યાં સુધી જ ચારિત્ર મોહનીય એટલે ક્રોધાદિક કષાયો, હાસ્યાદિ નોકષાયો અને વેદોનો આવેશ પણ આત્માને ત્રાસ આપી શકે છે અને એ દરેકના દબાણથી પરાભવ પામેલા આત્માને જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મો તથા વેદનીય આદિ અઘાતી કર્મો પણ વિવિધ પ્રકારે સતાવે છે, વધારે શું? જીવ એ ત્રાસમાંથી છૂટવા માટે સહાયક માની જેમાં હંમેશાં લલચાયા કરે છે તે પુણ્યકર્મ પણ સહાય કરવાને બદલે ઉપર્યુક્ત મોહના બળે આત્માને શત્રુની ગરજ સારે છે. એમ પણ કહી શકાય કે એ લાલચથી વિશ્વાસુ બનેલા જીવે પુણ્યને પોતાનું માનીને તેનો મદ કરી દુઃખમાંથી છૂટવાને બદલે આજ સુધી અનેકવાર દુઃખના ડુંગરાઓ પણ ઊભા કર્યા છે. આવી વિડમ્બના પણ જીવ અનાદિ કાળથી ભોગવતો રહ્યો છે, છતાં અજ્ઞાનથી (શાસ્ત્રોપ્રત્યેના અનાદરથી) હજુ તેને પોતાને દુઃખનું કારણ સમજાયું નથી. સુખ માટે રાત દિવસ સખત પ્રયત્નો કરવા છતાં, વિવિધ ઉપાયો કરવા રૂપ વલખાં મારવા છતાં દુઃખીને દુઃખી જ રહ્યો છે. એનું મૌલિક કારણ છે મિથ્યાજ્ઞાનથી સમજમાં નહિ આવતો ઉપર્યુક્ત મોહ!

એમ છતાં સર્વ જીવો એ મિથ્યાજ્ઞાનને પણ ઓળખી શક્યા નથી, વસ્તુતઃ તો જ્ઞાન એ જીવનો સ્વયંસિદ્ધ ગુણ છે, પણ મોહ એ જ્ઞાનને મિથ્યા–ઊલટું કરી દે છે અને એવું મિથ્યા બની ગયેલું જ્ઞાન અપકારી પણ મોહ વગેરેના સંયોગને ઉપકારી તરીકે ઓળખાવે છે, ઉપકારી પણ આત્માના હિતસ્વીઓને અપકારી તરીકે ઓળખાવે છે, ફલ સ્વરૂપે પોતાના હિતસ્વીઓ પ્રત્યે પણ તિરસ્કારની લાગણી પેદા કરી અપકારી શત્રુતુલ્ય મોહાદિ પ્રત્યે સન્માનવૃત્તિ પ્રગટાવે છે.

આમ આત્માના કટ્ટર શત્રુઓ તુલ્ય મોહ અને અજ્ઞાનને વશ પડેલો જીવ વિવિધ ભાવોના સંયોગમાં

વગેરેનો જ પ્રતાપ છે. ખાવું પીવું કે લેવું દેવું વગેરે સામાન્ય પ્રવૃત્તિઓમાં પણ જીવ જે વિવેકને યોગે જીવન જીવી રહ્યો છે તે વિવેક શ્રી જિનવચનમાંથી પ્રગટેલો દીપક છે કે જેના બળે જગતના સર્વ વ્યવહારો વ્યવસ્થિત ચાલે છે. ટૂંકમાં કહીએ તો જિનવચન વિના ક્ષણ પણ જીવવું તે જીવન નહિ પણ જોખમ છે. દેહનું રક્ષણ શ્વાચ્છોચ્છવાસથી થાય છે તેમ આત્માનું રક્ષણ શાસ્ત્રોથી થાય છે.

વધારે શું ? એ શાસ્ત્રો જગતને આપવાને યોગે તો તીર્થંકરો ઉપકારી છે. એમનો મહાન ઉપકાર એ શાસ્ત્રોની ભેટ જ છે કે જેમાંથી જીવને બાહ્ય અભ્યંતર જીવન જીવવાની સઘળી સમજ મળે છે. એ ન હોત તો આ જગતમાં બીજો કોણ એ હકીકત શીખવી શકત. આજે જે વારસાગત હિતશિક્ષા વડીલો વગેરે દ્વારા પણ મળે છે તેનું પણ મૂળ તો શાસ્ત્રો જ છે.

લોકવ્યવહારમાં પણ એક યા બીજા રૂપે શાસ્ત્રના બળને સ્વીકારવામાં આવ્યું છે કારણ કે તેના વિના કોઈ વ્યવહાર ચાલે તેમ જ નથી.

આ વિચારતાં જણાશે કે જીવનના દરેક વ્યવહારને અંગે જે નિયમનો કે માર્ગો હિતકર છે તે બધાં ય શાસ્ત્રોનાં એક અંશ રૂપ જ છે. એમ કહેવું જોઇએ કે શાસ્ત્રોએ ત્રણે કાળમાં ત્રણે જગતના જીવોનું હિત સાધવાનો માર્ગ આપ્યો છે, આપે છે અને આપશે. એનું મહત્ત્વ ગાવા માટે ઉપકારનું વર્ણન કરવા શબ્દો ઓછા પડે.

આવાં શાસ્ત્રોને જીવંત રાખવાં અને જગતમાં પ્રચારવાં, એ સર્વ દાનો પૈકીનું શ્રેષ્ઠ દાન છે. ક્રોડો સોનૈયાનું દાન જ્ઞાનની એક પંકિતની બરાબરી કરી શકતું નથી, કારણ કે જ્ઞાનનું દાન બધાં દાનો કરતાં વિશિષ્ટ છે. તે આપવાથી બીજાની જેમ ખૂટતું નથી, આપનારને પણ વધે છે, લેનારને બીજા આગામી ભવોમાં પણ સાથે જાય છે, તેને કોઈ ચોરતું લૂંટતું, બાળતું, કે નાશ કરી શકતું નથી. એના રક્ષણ માટે તિજોરીઓની કે પહેરગીરોની આવશ્યકતા નથી, કારણ કે જ્ઞાન ગુણ છે. એનું દાન તેનાં સાધનોના દાનથી થઈ શકે છે. એવું મહત્વનું કામ **શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ** તરફથી નિઃસ્વાર્થ વૃત્તિએ કરવામાં આવ્યું છે. તેનો સુવર્ણ મહોત્સવ ઉજવાય એ યોગ્યની યોગ્ય કદર કરવા તુલ્ય છે. સુજ્ઞેષુ કિં બહુના ?

●

<u>અભિનંદનનો સંદેશો</u>

સુરત છે નગરી અલબેલી, જિનધર્મતણો ધ્વજ ધરનારી,
છે ધન્ય ખરેખર એ નગરી, જે ધર્મ વૃધ્ધિને કરનારી.

લી. **માવજી દામજી**
(ધાર્મિક શિક્ષક, બાબુ પનાલાલ સ્કુલ, પાયધુની, મુંબઈ–૩)

○ ભારત જૈન જ્ઞાન વિહાર ○

[લેખક : ફુલચંદ હરિચંદ દોશી (મહુવાકર) - પાલીતાણા]

જૈન ધર્મ એક વખત વિશિષ્ટ ધર્મ ગણાતો. જૈન આગમ સાહિત્યે તો પશ્ચિમના વિદ્વાનોને મુગ્ધ કર્યા છે. જૈન તત્ત્વજ્ઞાન આજે પણ અદ્વિતીય ગણાય છે. જૈન સાહિત્ય જગતના સાહિત્યમાં સમૃદ્ધ અને વિશિષ્ટ ગણાય છે. જૈન ધર્મે જગતને અહિંસાનો મહાન સંદેશ આપ્યો છે. જૈન જ્યોતિર્ધરોએ વિધવિધ વિષયોના અસંખ્ય પુસ્તકો આપ્યા છે. જૈન જ્ઞાનભંડારના ખજાનામાંથી જગતના ચોકમાં હજી થોડાં જ રત્નો બહાર આવી શક્યા છે. જૈન સિદ્ધાંતો અને આચારનું જીવન વિકાસમાં ઉચ્ચ સ્થાન છે. જૈન દર્શન ઘણી જ ઊંચી પંક્તિનું છે. એના મુખ્ય તત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર રચાયેલા છે. વિનાશ અને યુદ્ધોથી ત્રાસી ગયેલી દુનિયાની મહાસત્તાઓ અહિંસાના સંદેશને સમજવા અને સમજવા લાગી છે. આવતીકાલ વિશ્વશાંતિને માટે એ પંથે [illegible]

જૈન સાહિત્યના આવા રત્નો ભારતના જુદા જુદા ભાગોમાં ભંડારોમાં પડયા છે. એ ગ્રંથ રત્નોનું [illegible] નથી. કેટલાક તો પટારામાં પુરાએલા પડ્યાં છે. દર વર્ષે ઉધઈનો ભોગ થાય છે [illegible] રત્નોને સમાલો પણ નથી. જૈન દર્શન ઉપરના આવા હસ્તલિખિત ગ્રંથ રત્નો [illegible] જૈન સમાજની—જૈન ધર્મની અને ભારતની અને જગતની મોંઘામાં મોંઘી મૂડી છે.

આપણા પૂર્વ પુરુષોએ તો જ્ઞાનની વૃદ્ધિ માટે આ ગ્રંથરત્નો તૈયાર કરાવ્યા સંભાળ માટે જ્ઞાનભંડારોમાં [illegible] ભંડારોમાં પૂરી રાખવાના ધ્યેયથી નહિ. ઘણાં તો એવા ગ્રંથરત્નો છે કે જગતના ચોકમાં [illegible] જગતને નવી દૃષ્ટિ—નવી ભાવના—નવી પ્રેરણા—નવી શક્તિ અને નવી ચેતના આપી જાય.

જૈન સમાજ [illegible] ગણાય છે જ. કરોડોના દાન મહાપુરુષોએ આપ્યા છે. મહાનતીર્થો સર્જ્યાં છે. [illegible] જ્ઞાનભંડારો રચ્યાં છે. તાડપત્રો જેવા મોંઘા પત્રો ઉપર સોનેરી [illegible] હસ્તલિખિત પુસ્તકો લખાવ્યા છે. કરોડોનો ખર્ચ કરી જીવનને ધન્ય બનાવી ગયા છે.

આ આપણા પૂર્વ પુરુષોને અણુમોલ—અણમોલ વારસો છે તે માત્ર જૈન ધર્મ માટે કે અમુક માટે નહિ પણ જગતના તમામ માનવી માટેનો વારસો છે. આ ગ્રંથરત્નોને સંભાળવાનો—રક્ષવાનો સૌ કોઈનો ધર્મ છે. આપણા પૂર્વ પુરુષોએ તો આજસુધી તેની રક્ષા કરી પણ આપણી જવાબદારી તેથી વિશેષ છે અને તે એ કે આ ગ્રંથરત્નોનું સંશોધન કરાવી-તેનાં રત્નો જગતના ચોકમાં મૂકીને જગતને શાંતિને માર્ગે વાળીએ.

જૈન સમાજ આજે પણ સમૃદ્ધ છે. આજે પણ જૈન સમાજમાં દાનની ભાવના જવલંત છે દર વર્ષે જૈન સમાજ લાખો રૂપિયા ખરચે છે અને ધર્મઉદ્યોત કર્યો માને છે.

આપણે હવે જ્ઞાનનો ઉદ્યોત કરવો છે તે માટે એક જ્ઞાન વિહારની આવશ્યકતા છે.

આ જ્ઞાનવિહાર એજ જૈન વિશ્વવિદ્યાલય–સમયજ્ઞ યુગના આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી જૈન વિશ્વવિદ્યાલયની જે ભાવના હતી તે આવા જ્ઞાનવિહારથી બર આવવા સંભવ છે એટલું જ નહિ પણ આવા જ્ઞાનવિહાર માટે તો આપણા આચાર્યપ્રવરો, પદસ્થો, મુનિરત્નો અને જૈન દાનવીરો તેમજ સમાજના ઘડવૈયાઓ બધાને ગૌરવ લેવા જેવું થશે–બધાનો સક્રિય સહકાર મળશે. કોઈપણ જાતના પક્ષ વિના કેવળ જ્ઞાનપ્રકાશ અને જ્ઞાનપ્રચારની ઉત્તમ ભાવના આ જ્ઞાનવિહાર પાછળ રહેશે.

જૈન સમાજનું આ જ્ઞાનવિહાર સાચું ભૂષણ થશે. જૈન સાહિત્યનું એક અદ્વિતિય ધામ બની રહેશે.

૧ જ્ઞાનવિહાર માટે એક વિશાળ જગ્યામાં સુંદર મકાન જોઈએ.

'અમારું' પણ કહેવું છે, કે તમે તેઓને દાખલ કરવાના માર્ગ ખુલ્લા કરો અને પ્રેમપૂર્વક અપનાવવા તૈયાર થાઓ, એટલી જ વાટ તેઓ જોઈને બેઠા છે. તેઓ ઊંડા અભ્યાસી હોય છે. ઉપરાંત ચારિત્રના પણ ઊંચા પ્રકારના પ્રયોગો જીવનમાં ઉતારવાના પ્રયાસો કરે છે, પરંતુ ધર્મમાં દાખલ થયા પછી, તેનો કબજો બરાબર હાથમાં આવ્યા પછી તેઓ તેને કેવા સ્વરૂપમાં મૂકી દેશે તેની કલ્પના કોણ કરી શકે તેમ છે ? કારણ કે બીજાના ધર્મોમાં પ્રવેશનો તેઓનો અને તેઓના ગુરુઓનો હવે પછીનો કાર્યક્રમ કેવળ ધર્મ ખાતર નથી, પરંતુ ધર્મસંસ્થાઓમાં પ્રવેશીને તેનો કબજો લેવા માટેનો છે અને તે પછી તેઓ તેમાં વિકૃતિ આણે કે તેને અદૃશ્ય કરે કે તેની સાથે મનફાવતી રમત ન કરે તેની શી ખાતરી ? ને આપણે કે જેમના હૃદયમાં તેનો મમત્વ જેવો ગાઢ યોગ રહ્યો છે તે જો તેનું રક્ષણ ન કરી શકીએ તો તેઓ શી રીતે કરી શકશે ? ઉત્તમ વસ્તુઓને ભાંગી નાખીને તેને સ્થાને બનાવટી જ વસ્તુઓ ગોઠવી ન દે તેની પૂરતી તકેદારી રાખવા સાથે, માત્ર જમાના કે ઓસાના 'મહાન્'ને દાખલ કરવાની લાલચ ન રાખવી એ જ હિતાવહ છે કારણ કે તેઓ વર્તમાન પ્રગતિના જ પૂજારી છે. અને તેને જ વિશેષ વેગ આપવા જ ધર્મસંસ્થાઓમાં દાખલ થવાની પ્રેરણા ધરાવતા હોય છે એટલે પછી સંસ્કૃતિને ઉથલાવી નાખીને પ્રગતિને જ સ્થાપી દેવાનો પ્રયાસ કરે એ સ્વાભાવિક જ છે. હા, એટલું ખરું છે કે જ્યાં સુધી તેઓનો પૂરો કબજો નહીં જામે ત્યાંસુધી એટલું બધું આત્મીય અને ધાર્મિક જીવન સાનુકૂળ રીતે જીવશે કે તેમાંથી કોઈ પણ રીતે નાની તણખલા જેટલી પણ ભૂલ કાઢવી એ મુશ્કેલી ભરેલું કામ લાગે, કારણ કે તેઓ જે કાંઈ હાથ ધરે છે તે પૂર્ણ તન્મયતાથી હાથ ધરે છે અને ધારેલું પરિણામ ધર્મને પ્રગતિમાં ફેરવી નાખવાનું બરાબર લાગ્યા પછી જ છોડવાના હોય છે. આથી એ આશા ઉપર રહેવામાં તીર્થંકરોની વાણીના યથાર્થ રક્ષણની સંભાવના જણાતી નથી, એમ આજ સુધીના અનુભવ ઉપરથી કહી શકાય. આપણે આપણા તુંબડાથી તરવું એ જ હિતાવહ છે. પરાશ્રય ભયાવહ છે. આત્માશ્રય હિતાવહ છે.

પૂ. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજના નામે ચઢાવી દીધેલું એક ભાષાકાવ્ય



★ લેખક : મુનિશ્રી યશોવિજયજી–મુંબઈ ★

સત્તરમી સદીમાં થયેલા મોગલ સમ્રાટ અકબર પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરીશ્વરજીના શિષ્ય ષટ્‌તર્કીવિદ્યાવિશારદ મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયજી, તેઓશ્રીના શિષ્ય, શબ્દાનુશાસન નિષ્ણાત, હેમસૂરિ અવતાર સમા પં. શ્રીલાભવિજયજી ગણિ શિષ્ય પ્રશાંત મૂર્તિ પં૦ શ્રીનયવિજયજી ગણિના શિષ્ય, સત્તરમી સદીમાં જન્મેલા, વર્તમાન સમયના અન્તિમ જ્યોતિર્ધર, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીએ, આગમિક પ્રાકૃત ભાષા, ભારતવ્યાપી સંસ્કૃત ભાષા અને ઉત્તરપૂર્વમાં વ્યાપક થયેલી હિન્દી અને હિન્દી મિશ્રભાષા, આ ચારેય ભાષાઓમાં, શાસ્ત્ર અને સાહિત્યની અનેકવિધ શાખાઓ ઉપર મૌલિક, નાવિન્ય ભર્યું અને વિશિષ્ટ કોટિનું, પ્રૌઢ અને ગંભીર, ગૂઢ અને સરલ, વિદ્વદ્‌ભોગ્ય અને અવિદ્વદ્‌ભોગ્ય ભાતભાતનું સાહિત્ય–સર્જન કર્યું છે, એટલું જ નહિ પણ તેઓશ્રીએ સ્વમાતૃભાષા ગુજરાતીને પણ વિસારી તો નથી. પરંતુ એ ભાષા–મંજૂષામાં અતિમૂલ્યવાન, અત્યુપયોગી અને અનેક શાસ્ત્રગહન વિચારાવતારનાં કિંમતી સમૃદ્ધ રત્નોને ગોઠવી, માતૃભાષાનો પરમાદર કરીને માતા ગૂર્જરીનું જાહેર ગૌરવ વધાર્યું છે. અને એમ કરીને ખરેખર તેઓશ્રીએ સ્વમાતૃભાષાની કીમતી સેવા બજાવી છે. આ રીતે જૈનધર્મ પ્રક્રિયા પ્રધાન મહાગુજરાતની ધર્મભૂમિના ભાગ્યવાનો માટે સરળ ભાષામાં, સચોટ અને વેધક, કવિતામય જે વિપુલ સાહિત્ય–સર્જન કર્યું છે, તે ખરેખર ખાસું એક મહાશાસ્ત્રની ગરજ સારે તેવું છે. ઇહલૌકિક અને પારલૌકિક દૃષ્ટિએ મંગલ અને કલ્યાણકર છે, અને વર્તમાનના શ્રમણોને શીઘ્ર વક્તા બનવા માટેનો વિધવિધ સ્વાદી અને વિવિધ રંગી પ્રિય મસાલો છે.

સીમંધરસ્વામીની પસંદગી શા માટે?

ગુજરાતી ભાષાસાહિત્યમાં, તેઓશ્રીએ શ્રદ્ધા, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ત્યાગ અને આચાર પ્રધાન આદિ અનેકવિધ પદ્યમયકૃતિઓની રચનાઓ કરી છે. પરન્તુ તત્કાલીન શુષ્ક અધ્યાત્મવાદીઓએ ક્રિયામાર્ગના ઉચ્છેદન માટે અને નિશ્ચયમાર્ગના મૂઢોએ વ્યવહારમાર્ગના વિલોપન માટે, શાસ્ત્રવચનલોપક અને આત્મઘાતક ગણી શકાય; એવી જે પ્રવૃત્તિઓ આદરેલી, તે જોઈને એમના આત્માને જે અસાધારણ વ્યથા થયેલી, એ વ્યથાને ઠાલવવા માટે, અંતરના બળાપાને શબ્દોરૂપે બહાર વ્યક્ત કરવા માટે, અને અંતરની દીર્ઘ આરજૂ સંભળાવવા માટે, મુક્તિગામી કોઈ પણ તીર્થંકરને પસંદ ન કરતાં, આપણા હિન્દ–ભારતની ભૂમિથી ઉત્તરદિશામાં લગભગ બે કરોડ ગાઉ અથવા ત્રણ કરોડ માઈલ દૂર આવેલા અને મહાવિદેહથી ઓળખાતા દેશમાં, વર્તમાનમાં સાક્ષાત્ વિચરી રહેલા પ્રભાતકાળના આપણા પ્યારા જીવતા જાગતા વીતરાગ સર્વજ્ઞ વિહરમાન જિનશ્રી સીમંધરસ્વામીજી નામના પરમાત્માને તેઓશ્રીએ ખાસ કરીને પસંદ કર્યા છે. કારણ કે મુક્તિએ પહોંચેલા મુક્તાત્માઓને યાદ કરી કરી થાકીએ કે પોકારો પાડીએ,

તો તે કંઈ સાક્ષાત્ અહીં આવીને અજ્ઞાન અને મોહવશ ઊભી થયેલી દુઃખદ અને વિષમ પરિસ્થિતિને કંઈ થોડી દૂર કરવાના છે. એટલે ભક્તો હમેશાં સ્વાર્થી હોય છે. એટલે એ તો પોતાનો પોકાર સાંભળીને પોતાની વહારે આવે તેને જ પસંદ કરે ! તેથી તેઓશ્રીએ કરુણા-સાગર પ્રસ્તુત તીર્થંકર દેવને જ પસંદ કર્યા છે. અને ઘણે દૂર ગયેલાઓ થોડી ફરિયાદ કે અલ્પ વિનંતિથી કંઈ થોડા દોડ્યા આવે ! એમને લાવવા હોય તો, ફરિયાદોનો થોકડો-દફતર-રજૂ કરવો જોઈએ અને લાંબી લાંબી વિનંતિ કરવી જોઈએ ! આવા જ કોઈ આશયથી ઉપાધ્યાયજીએ ઘણી લાંબી લાંબી (૧૨૫, ૧૫૦, ૩૫૦ પદ્યપ્રમાણ) વિનંતિઓ કરી છે. પૂ૦ ઉપાધ્યાયજીના સ્તવનોમાં, સહુથી વધુ લાંબી કૃતિઓ, ભગવાન્ **સીમંધર** સ્વામીજીને ઉદ્દેશીને જ રચાયેલી છે. ઉપાધ્યાયજીના સંગ્રહમાં તો શું પણ સમગ્ર સ્તાવનિક ક્ષેત્રમાં આવી દીર્ઘકૃતિ બીજી હશે કે કેમ ? તે શંકા છે. આ ઘટના જ તેમની પ્રસ્તુત કૃતિને મહત્ત્વ અપાવવા માટે પૂરતી છે.

સાથે સાથે બીજી પણ એક માર્મિક વાતનો નિર્દેશ કરી દઉં કે પ્રાયઃ દીર્ઘ રચના માટે તેઓશ્રીએ આપણા પ્રભાતકાળના માનીતા શ્રી**સીમં**ધર પ્રભુને જ પસંદ કર્યા છે. આગળ આવતા પ્રસંગમાં આ બાબત ઉપયોગી થવાની હોવાથી ઉપર્યુક્ત નોંધ લીધી છે

તારવણી એ થઈ કે દીર્ઘકૃતિ માટેના સ્તવનો શ્રીસીમંધરસ્વામીને લક્ષીને જ રચ્યાં છે ને અંતરનો બળાપો ઠાલવવાના સાધન રૂપે એમને જ પસંદ કર્યા છે.

આ તો મારે જે વાત કહેવાની છે તેના અનુસંધાનમાં સાંકળની કડી રૂપે આટલો નિર્દેશ કર્યો. હવે મૂળ મુદ્દો રજૂ કરું છું—

આજથી ૧૬ મહિના ઉપર 'મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી સ્મૃતિ ગ્રન્થ' જેનું સંપાદન કાર્ય હું કરી રહ્યો હતો, તે વખતે શ્રીયુત સારાભાઈ મણિલાલ નવાબ, જેઓએ જૈન ગ્રંથભંડારોમાં છુપાએલી જૈનાશ્રિત ચિત્રકળાની સમૃદ્ધિનો બહુમૂલ્ય ગ્રન્થ રત્નો દ્વારા દેશ-પરદેશના કલારસિકોને સહુથી વધુ પરિચય કરાવી, પશ્ચિમ ભારતની કલા ને જ 'જૈનશૈલી' તરીકેનું સ્વતન્ત્ર નામાભિધાન અપાવવામાં અથવા જૈન[1] ચિત્રકળા તરીકેનો સ્વતન્ત્ર દરજ્જો અપાવવામાં કીમતી ફાળો સમર્પ્યો છે, તે ધર્મબન્ધુએ, સ્મૃતિ ગ્રન્થમાં પ્રગટ કરવા માટે પૂ૦ ઉપાધ્યાયજી વિરચિત એક કાવ્યકૃતિ મને આપી. પ્રાથમિક દૃષ્ટિએ તો આ એક અદ્યાવધિ અનુપલબ્ધ વળી ઠીક ઠીક લાંબી અને ઐતિહાસિક, ચાર્ચિક અને વૈવાદિક વિધાનોથી સભર કૃતિ જોઈ ઘડીભર હું પ્રસન્નમના બની ગયો અને આગળ વધીને કહું તો જેમ વૈયાકરણો '**अर्धमात्रालाघवेन पुत्रोत्सवं**'-માને છે તેમ વ્યાકરણ શાસ્ત્રની પ્રસ્તુત ઉક્તિને મારા માટે થોડું પરાવર્તન કરીને કહું એટલે કે '**अर्धपत्रप्रापणेन हर्षोत्सवं मन्यते**' અર્થાત્ ઉપાધ્યાયજીના વિવિધકૃતિનું અધૂરું પાનું મળી જાય તો મારે મન હર્ષોત્સવ હોય છે. એટલે તાત્કાલિક તો મેં 'ધન્યવાદ'ના હર્ષોદ્ભવ ઉદ્ગારો સાથે, 'સાભાર સ્વીકાર'નો આજકાલ વધી ગયેલો, યોગ્ય કે અયોગ્ય વિધિ પણ કરી નાખ્યો.

પુનઃ એક વખતે, એ કૃતિનું વિશદ અવલોકન કરવા માંડ્યું. ચોકસાઈ પૂર્વક એ કૃતિ જોઈ ગયો. જેમ જેમ એ કૃતિને તાવતો ગયો તેમ તેમ, એ કૃતિ શુદ્ધ સુવર્ણરૂપે બહાર આવવાને બદલે જુદી જ રીતે પોતાનું ગોઠવેલું પોત પ્રકાશતી હોય તેમ દેખાવા માંડી. પણ સાથે સાથે 'આ કૃતિ ઉપાધ્યાયજીની જ છે,'

---

૧. જો કે પાછળથી કુમારસ્વામીએ, આને 'જૈન સાંપ્રદાયિક કળા' નામ આપેલું. અમેરિકન ડૉ. નોર્મન બ્રાઉને એને 'જૈન શ્વેતામ્બર કળા' કહી અને પાછળથી જૈન ચિત્રકળાનાં લઘુ ચિત્રો જેવાં ચિત્રો અજૈન કૃતિઓમાં પણ મળી આવતા એને પશ્ચિમ 'ભારતીય ચિત્રકલા'નું નામ કલાનિષ્ણાતોએ આપ્યું, પણ હું 'જૈનાશ્રિત ચિત્રકળા' આ શબ્દને વધુ યોગ્ય સમજું છું.

એવી છાપ પાડવા માટે, એમાં જે પ્રયત્નો કરવામાં આવ્યા હતા, એમાંના કેટલાક તો એવા સચોટ અને કલકત્તાના રસગુલ્લાની જેમ, બરાબર સીધા જ ગળે ઊતરી જાય તેવા હતા.

પ્રસ્તુત કૃતિના અંતમાં–' ઇતિ શ્રીમહોપાધ્યાય શ્રીયશોવિજયગણિવિરચિતે શ્રીસીમંધરજિનસ્તવનં સંપૂર્ણમ્ ॥ ' પહેલો ઉલ્લેખ આ હતો.

ત્યારપછી શ્રી નવાબે પોતે પ્રસ્તુત કૃતિનો પરિચય નીચેના લખાણથી દર્શાવ્યો હતોઃ—

" પૂજ્ય ઉપાધ્યાયજીએ આ સ્તવનની રચના રાજનગર (અમદાવાદ) નિવાસી શ્રેષ્ઠિ હેમરાજના પુત્ર તારાચંદના માટે કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ સ્તવનમાં કરેલો છે. આ સ્તવ દયાવિમલજી શાસ્ત્રસંગ્રહ–દેવસાના પાડાના ભંડારમાંથી કેટલીક વધારાની હસ્તપ્રતો પંન્યાસજી શ્રી શાન્તિવિજયજી ગણિએ મને ચાલુ વર્ષમાં આપેલી તેમાંથી મળી આવેલ છે. "

આમાં શ્રી નવાબે પોતે તારાચંદનો જે ઉલ્લેખ મૂળ સ્તવનના આધારે કર્યો, તે તો બરાબર હતો, પરન્તુ આથી એક મહત્ત્વની વાત એ સ્પષ્ટ થઇ કે, આ કૃતિ અમદાવાદ–દેવસાના પાડાના શ્રીદયાવિમલજી શાસ્ત્રસંગ્રહમાંથી જ મળી છે. વાચકોએ આ મુદ્દો ધ્યાનમાં રાખવો જરૂરી છે.

હવે પ્રસ્તુત કૃતિ ઉપાધ્યાયજીને નામે ખતવાઈ જાય, એ માટે તેમાં કેવા પ્રયત્નો થયા છે તે ક્રમશઃ જોઈએ.

(૧) પ્રસ્તુત કૃતિની પદ્ય સંખ્યા (કળશ (?) સહ) ૩૮ પદ્યોની દર્શાવી છે. પૂ૦ ઉપાધ્યાયજીએ અરજ ગુજારવા માટે અથવા 'ધા' નાખવા માટે પ્રસંદ કરાયેલા તીર્થંકર શ્રીસીમંધરસ્વામીને લક્ષીને જ વિનંત કરી છે. (૨) વળી ' અવધારો ગુણગ્યાતારે ' તથા ' કુમતિ ' તથા અન્ય ભાષા પ્રતીકો અને ઠક શબ્દો; ઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર વાપર્યા છે તે પણ અહીં ગોઠવવામાં આવ્યા છે. આમ ભાષાનું સામ્ય પણ ઊભું કરાયું છે. (૩) વળી ઉપાધ્યાયજીના પરમ ભક્ત શ્રાવક તારાચંદનો પણ ઉલ્લેખ કર્યો છે. અને (૪) વળી કૃતિને દીર્ઘ પણ બનાવી છે.

ઉપરના માત્ર ચાર કારણો પણ આ કૃતિ ઉપાધ્યાયજીની છે, એવી શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે પૂરતાં છે. અને ઉપાધ્યાયજીના જીવનના અભ્યાસી માટે તો સહેજે લલચાવી દે તેવાં છે.

પણ હજુ આપણે આગળ વધીશું એટલે સ્પષ્ટ થશે કે, રચનાકારે બીજાઓની આંખમાં ધૂળ નાખવા માટે કેવો ચાલાકી ભર્યો પ્રયાસ કર્યો છે.

આ કૃતિના અંતમાં જે ગુરુપરંપરા વર્ણવી છે તે આપણી લાલચને, વાસ્તવિકતાના પંથ તરફ ઝડપથી ખેંચી જાય તેવી છે. પ્રથમ નજરે ભલભલાને આંજી નાખે તેવી છે. ને ક્યાંક ક્યાંક ઉપાધ્યાયજીની છટા લાવવાનો પણ પ્રયાસ કરાયો છે. આમ જુદાં જુદાં પ્રતિબિંબો જોનારી હરકોઈ વ્યક્તિ, આ કૃતિ ઉપાધ્યાયજીની જ છે એવી મહોર છાપ સહેજે સહેજે મારી આપે તો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી.

ઉપર આપણે પૂર્વપક્ષ કરી આવ્યા અને પ્રસ્તુત સ્તવન કૃતિને, ઉપાધ્યાયજીની છે એવું ઠોકી બેસાડવા માટે કરેલા કૂટ પ્રયત્નો પણ જોઈ આવ્યા.

ઉત્તરપક્ષ–જવાબ

હવે પ્રસ્તુત પ્રયત્નો કેવા છેતરામણાં છે અને માટીના પાયા ઉપર રચાયા છે તે નીચેના ઉત્તરપક્ષ દ્વારા સમજી લઈએ.

પ્રસ્તુત કૃતિને ભાષા અને કવિત્વની, શબ્દ અને અર્થની, ઇતિહાસ અને સત્યની, પ્રશસ્તિ અને પૂર્વાપરતાની દૃષ્ટિએ તપાસીએ તો આ કૃતિ ઉપાધ્યાયજીની કદી નથી અને હોઈ પણ ન શકે. આ તો તેઓશ્રીના કાર્ય તેજેદ્વેષી માનસે પોતાની કૃતિને ઉપાધ્યાયજીના નામે ખતવી તેઓશ્રીનો તેજોવધ કરવાનો ચાલાકી ભર્યો, દંભી અનિનિંદ્ય અને કુટિલ પ્રયત્ન જ કર્યો છે. પરન્તુ સત્ય કદી છુપાતું નથી અને અસત્ય કદી ફાવતું નથી એ પ્રાકૃતિક નિયમ મુજબ ચદાચ તેવા ચાલાકી ભર્યા પ્રયત્નો કરવામાં આવ્યા હોય, દંભના ગમે તેટલા વાધા પહેરાવી સત્યને ખપાવા નીકળ્યા હોય, પરન્તુ તદ્વિષયક ચકોર દૃષ્ટિ ધરાવનારાઓ તેમની ચાલાકીને પકડી પાડે છે અને દંભના પડદાઓ ચીરી નાખે છે, ત્યારે જેમ સિંહનાદ થતાં સિંહના ચર્મ નીચે ઢંકાયેલા શિયાળિયાં ખુલ્લાં પડી જાય છે, તેમ તેઓના પ્રયત્નો છતા થઈ જાય છે ને સત્ય ચિત્તાના સૂર્યની જેમ સહસ્ર કળાએ પ્રકાશી ઉઠે છે.

જુઓ ત્યારે હવે કૃતિના હાર્દમાં ઊતરીએ, થોડું આંતર દર્શન કરીએ ને વિરોધીઓએ કરેલા બાલીશ પ્રયત્નોને પણ સમજીએ.

સ્તવનનો પ્રારંભ નીચેની પંક્તિથી થાય છે:

(૧) 'શ્રીસીમંધર જિનની અવધારો ગુણગ્યાનારે,'

તારવણી—આમાં ઉપાધ્યાયજીની પસંદગીના તીર્થંકર અને સંભવનાથ સ્તવનની કડીના શબ્દોનું સામ્ય ગણ્યુ છે.

(૨) "કઈ કુમતિ જિનબિંબને, ઉત્થાપે નિરધાર રે,
સિદ્ધાન્તે પ્રતિમાતણુ, પાઠ છે બહુ મનોહાર રે. શ્રી" (૩)

તારવણી—આ કડીમાં મૂર્તિ ઉત્થાપકો માટે વપરાયેલો ઉપાધ્યાયજીનો ખાસ (પેટંટ) શબ્દ 'કુમતિ' ગોઠવ્યો છે. ઉપાધ્યાયજીને જેનો જોરદાર સામનો કરવો પડેલો તે વાત વિશ્વાસ પમાડવા કવિએ પ્રથમ રજૂ કરી દીધી છે.

(૩) મહૂત વીર હૂંડી તણા સ્તવનમાં તાસ વિવાદ રે,
દેવધર્મ પરીક્ષામાં પ્રતિમાશતકમાં વાદ રે. શ્રી (૪)

તારવણી—'મહૂત' શબ્દ વાપરવાનું કેવું દુઃસાહસ એકયું તે જુઓ. ૨. વળી સ્વકૃત ત્રણ પ્રસિદ્ધ કૃતિઓના નામો પણ દેવામાં જરાય ગેરાય અનુભવ્યો છે? હરગીજ નહિ!

અહીં ચાર કડીમાં જે વાત જણાવી, તેથી લેખકે વાચકના દિલમાં પ્રસ્તુત કૃતિ ઉપાધ્યાયજીની જ છે, એવી છાપ ઉપસાવવા માટે આબાદ પ્રયત્ન કર્યો છે. પણ એ પ્રયત્ન આગળ કર્તાને જે મુદ્દામ વાત કરવી છે તેના પૂર્વ પ્રયત્નરૂપે કે ભૂમિકા તરીકેનો જ છે. અને એથી જ પૂર્વભૂમિકા ટૂંકમાં પતાવીને વળી એકાદ આડીઅવળી વાત કરીને તુરત જ દિલમાં જે વાત ઊભરાતી હતી તે કેવી સીફતથી રજૂ કરે છે. અને એ માટે મુખ્યપાત્ર કયું ઊભું કરે છે તેને પણ આપણે જોઈએ.

"દેવગત કુમતિ થયો દેવમી આવશ્યક અંતે રે
ઇર્યાવહી નામ થાપીને ભરમાવે કુધીમંત રે શ્રી૦ ૮
સંવરક્રિયા કર્યા પુરે, ઇર્યાવહિ કુણ હેતે રે,
પણ કુમતિ તેહ થાપીને, બોલે જડ સંકેતે રે." શ્રી૦ ૯

આ બાબતની ચર્ચા ૩૦ કડી સુધી કરી છે.

તારવણીઃ—આ સમગ્ર સ્તવનમાં મૂળ મુદ્દો એ છે કે 'પ્રતિક્રમણ પૂરું થયા બાદ શ્રાવકોને સામાયિક પારવાનું હોય છે. એ સામાયિક, ઇરિયાવહિ કરવા પૂર્વક પારવું જોઈએ કે વિના ઇરિયાવહિથી પારી શકાય? ત્યારે આ સ્તવનના કર્તા કહે છે કે ઇરિયાવહિ કરવાની કંઈ જ જરૂર નથી, કારણ કે સંવરની ક્રિયા સતત જ્યાં ચાલી રહી હોય, ત્યારે આશ્રવનો સંભવ ક્યાંથી હોય કે જેથી ઇરિયાવહિ પ્રતિક્રમણક્રિયા કરવી જોઈએ? માટે, જેઓ ઇરિયાવહિ કરવાનું કહે છે, સ્થાપે છે, કે પ્રચારે છે, તે બધા શાસ્ત્ર વિરુદ્ધ છે, અશુદ્ધ ક્રિયાના પોષક છે, શુદ્ધ માર્ગના લોપક છે, અને તેથી તેઓ દુર્ગતિ માર્ગના પ્રવાસી છે વગેરે વગેરે."

આમ 'ઇરિયાવહિનો વિધિ ન જ હોવો જોઈએ,' આ મુદ્દાના સમર્થનથી પિષ્ટ પેષણ કરવા પૂર્વક હકીકતો રજૂ કરીને પ્રસ્તુત સ્તવનને દીર્ઘ બનાવી દીધું છે.

આ બધું જ સમગ્ર સ્તવન ઉપાધ્યાયજીનું નથી જ નથી. અને તે માટે હું નીચેના કારણો રજૂ કરું છું:

૧. ઇરિયાવહિ કર્યા વિના સામાયિક પારવું જોઈએ. એ મતના સમર્થ પ્રચારક તરીકે, તે વખતની 'દેવરત્ન' નામની વ્યક્તિને ખડી કરવામાં આવી છે.

તારવણીઃ—પરન્તુ એ સમયે આ વ્યક્તિ જ હતી કે કેમ? હતી તો સાધુ તરીકે કે શ્રાવક ગૃહસ્થ તરીકે હતી? તેનો કોઈ ઐતિહાસિક પૂરાવો હજુ મળી શકયો નથી. પૂ ઉપાધ્યાયજીએ પોતાના અન્ય ગ્રંથોમાં આ નામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. તો શું આ પારકાના નામે પોતાનો માલ ખપાવવાનો અનૈતિક પ્રયત્ન નથી લાગતો?

૨. કડી ૧૨માં કવિએ

"ધર્મ રહસ્યવર ગ્રન્થમાં હેમસૂરિ વલિ ભાખે રે.
દેવસી આવશ્યક અન્તે ઈર્યાવહિ નવિ કાંખે રે."

તારવણીઃ—એ હેમસૂરિ કયા, અને એમનો 'ધર્મરહસ્ય' ગ્રન્થ કયો? આ નામની કૃતિ કોઈ નોંધાઈ હોય તેવું જાણમાં નથી. એટલે આ વાતને કેમ પ્રમાણભૂત માનવી?

૩. હજુ આગળ જોઈએ—

"ઈત્યાદિ ઈર્યાવહિ તણી, ચર્ચા તે ઘણી કીધી રે,
મત્કૃત પડિક્કમણા વિધિ, કુલકવૃત્તિમાં દીધી રે."

તારવણીઃ—કર્તા પોતે, ઉપાધ્યાયજીએ પડિક્કમણાવિધિ ને કુલકવૃત્તિ રચ્યાનો ઉલ્લેખ કરે છે, પરન્તુ આ એક સાહસ જ છે, કારણ કે આવી કોઈ જ કૃતિ રચ્યાનું અદ્યાવધિ જાણમાં નથી. હા, પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સજ્ઝાય બનાવી છે ખરી, પણ તે તો સ્વાધ્યાય–ધ્યાન સુધીના અધિકાર સુધી જ છે. અને તે સાધુ પ્રતિક્રમણને લક્ષીને રચાયેલી છે. એટલે ઉપર્યુક્ત વિધાન નર્યું અસત્ય છે. અને ખરેખર વીતરાગ શાસનમાં થયેલા આવા પ્રયત્નો આપણને ભારે વિષાદ સાથે શરમ ઉપજાવે તેવા છે. અસ્તુ.

હવે હું 'પડિક્કમણાવિધિ'નું નામ ગોઠવવા પાછળ કર્તાનો કયું શરસન્ધાન તાકવાનો ભાવિ ઇરાદો હતો? અને એ કેવી રીતે પાર પડયું તે વાતનો મેળ મને સમજાયો છે તે જણાવું છું.

શ્રીદયાવિમળ ગ્રન્થમાળા (૧૮) તરફથી બહાર પડેલી એક મુદ્રિત પ્રતિ મારા જોવામાં આવી હતી. ઉપર્યુક્ત પદ્યકૃતિ જોતાં હું આ કૃતિને કેટ પ્રયત્ન ઓળખમાંથી ઉદ્ભવેલા ફળરૂપે ઓળખાવી શકું.

એનું કારણ એ કે પ્રસ્તુત સ્તવનકૃતિ એ જ ભંડારમાંથી મળી છે અને જેનો હું હમણાં જ પરિચય કરાવવાનો છું તે કૃતિ પણ એ જ સ્થળેથી પ્રાપ્ત થઈ છે ને એ જ સ્થળેથી પ્રસિદ્ધ પણ થવા પામી છે એટલે સ્વાભાવિક રીતે જ પ્રસ્તુત કૃતિ શંકાસ્પદ બની જાય છે.

અહીં આ પ્રથમ પ્રસ્તુત પ્રતિનો ટૂંક પરિચય અને પછી પૂ. ઉપાધ્યાયજીના નામને સંડોવવાનો, સાંપ્રદાયાન્ધતા, અજ્ઞાન ને જડ કદાગ્રહને આધીન, કાચા લેખાના આત્માઓએ પણ કેવો શરમજનક–નામોશી ભર્યો પ્રયત્ન કર્યો છે, તેને તપાસીએ.

श्रीमत्तपागच्छभूषण महोपाध्याय श्रीविनयविजयगणि महोपाध्याय श्रीमद्यशोविजयगणि श्रीमत्पन्न्यासविद्याविजयगणिप्रमुखैः पूर्वरचितः संशोधितः **पञ्चप्रतिक्रमणविधिः**

આ પ્રમાણે પ્રતિના મુખ પૃષ્ઠ ઉપર લખાણ છાપેલું છે. વિ. સં. ૧૯૭૬માં દયાવિમળ ગ્રન્થમાળાના ૧૮મા ક્રમાંકરૂપે બહાર પાડેલ છે. સંપાદકનાં પં. શ્રીમુક્તિવિમલ ગણિ છે. સંશોધક તરીકે, શ્રીવિનયવિજયજી, શ્રીયશોવિજયજી તથા શ્રીવિદ્યાવિજયજીનો ઉલ્લેખ કરાયો છે.

પ્રતિના અંદરના ભાગમાં, મૂળમાં અને ખાસ કરીને ટીપ્પણમાં શ્રીવિનયવિજયજી અને શ્રીયશોવિજયજીએ ખુદે, સુધારા સૂચવ્યા હોય, તે રીતે તેમના નામ પૂર્વક અને પ્રસ્તુત સુધારા તત્કાલીન છે એવી જાતની સચોટ પ્રતીતિ ઉપજાવવા માટે તે લખાણને જૂની ગુજરાતી[1] ભાષામાં જ મૂકવામાં આવ્યા છે. પ્રતિના અન્તમાં

'आ प्रति पंनरसे ति उप उपाध्याय श्रीजसविजय उपाध्याय जेठ शुद गुरु गणी छट अनट विद्याविजय पन्यासट गांधी छट अनट ऋद्धिविमल गणेस्यट गट.' આમ અન્તમાં શ્રીવિનયવિજયજીનું નામ નથી લીધું પણ ઋદ્ધિવિમલ ગણિનું નામ લીધું છે.

આ લખાણમાં કંઈ દમ નથી. આવું અટકનું લખાણ જ આ પ્રતિનું મૂલ્ય કેટલું છે તે સમજાવી દે છે.

આટલો પ્રતિનો પરિચય કરાવ્યો.

હવે સીમંધર સ્તવનમાં 'મજૂન પડિક્કમણાં વિધિ' શબ્દ જે વાપર્યો છે, તે મને કંઈક પૂર્વકનો ભાસે છે. પ્રથમ એમના નામે એક કૃતિ ચૈરવી દીધી, હવે જિજ્ઞાસુ તપાસ કરે કે તે કૃતિ કઈ હશે? ત્યારે તે કૃતિ પણ હોવી તો જોઈએ જ, એટલે એને માટે આ જ નવી પ્રતિક્રમણ વિધિની પ્રતિ બનાવી કરાવી દીધી હોય ને લખાવી ભંડારમાં મૂકી દીધી હોય તો ન બનવા જોગ નથી. ભૂતકાળમાં આવા બનાવો અનેક બની ગયા છે. આ અનુમાન ઉપર આવવાનું કારણ એ છે કે ઉપાધ્યાયજીએ એ નામની કોઈ કૃતિ બનાવી હોય તેવો ઉલ્લેખ હજુ સુધી ક્યાંય જોવા મળ્યો નથી. અલબત્ત તેઓશ્રીએ 'પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સજ્ઝાય' લખી છે, પણ પૂર્વે કહી આવ્યો છું તેમ, એમાં તો સજ્ઝાય સુધીનો જ અધિકાર છે. એટલે એમાં તો પ્રસ્તુત વાત સંભવે જ ક્યાંથી? આ જોતાં ઉપર્યુક્ત વિધાન અસત્ લાગે છે. સીમંધર સ્તવની ૨૯મી કડી જોઈ. હવે આગળ વધીએ.

---

1. પંચપ્રતિક્રમણ વિધિ જે છાપી છે તેની સમાલોચના આદિ લેખનું [illegible] વધી જવાના ભયે કરી નથી.

કડી ૩૦–૩૧માં ઉપાધ્યાયજીની ભાષાછટાની છાંટ લાવવા પ્રયાસ કરાયો છે, પણ કાગડો હંસની ચાલે ચાલવા પ્રયત્ન કરે તે થોડો અછતો રહે, એમ પ્રસ્તુત કૃતિમાં ઉપાધ્યાયજીની રઢણુ આવી શકી નથી, એટલે પ્રસ્તુત પ્રયાસ છતો થઈ જાય છે.

હવે અંતિમ પ્રશસ્તિ ઉપર આવી જઈએ ને પ્રસ્તુત પ્રકરણ પૂરું કરીએ.

" વિનયવિજય સુપસાયથી કીધો તવન રસીલો રે."

આ પંક્તિમાં વિનયવિજય નામ આપ્યું છે તે 'પંચપ્રતિક્રમણવિધિ' સાથે બન્ને સંકળાયેલા હતા એ પૂરવાર કરવા માટે ગોઠવ્યું હોય, એવી શંકા સહેજે જાય છે.

બીજી વાત એ કે ૩૨મી કડીમાં 'વિનયવિજય સુપસાયથી' વાત કરે પછી કડી ૩૮મીમાં પુનઃ 'શ્રીનયવિજય સુપસાયથી' વાત કરે, એ વાત સંભવિત નથી લાગતી. એટલે જ આ સમગ્ર કૃતિ શંકાશીલ બની ગઈ છે. વધારામાં 'વિ'ની જગ્યાએ 'શ્રી' પાઠ જો હોય તો નયવિજયજીનો નામોલ્લેખ વળી ત્રણ વાર થવા પામે.

કડી ૩૬મીમાં ઉપાધ્યાયજીના પરમભક્ત તારાચંદનો નામોલ્લેખ કર્યો છે. આવો ઉલ્લેખ ઉપાધ્યાયજીએ પોતે જ સ્વકૃત 'સમ્યક્ત્વ ચતુષ્પદિકા'માં કર્યો છે, તદનુસાર ભદ્રિકોને આ કૃતિની વિશ્વસનીયતા ઠસાવવા માટે આ કર્યું છે. જે વાત પ્રારંભમાં સૂચવી દીધી છે જ.

ઉપાધ્યાયજી મહારાજ જિનશાસનને સંપૂર્ણ વફાદાર પુરુષ હતા. જિનશાસનના સિદ્ધાન્તો અને એની પરંપરાના દુશ્મનોના કટ્ટર વિરોધી હતા, અસત્ય તેઓ ચલાવી લેનારા ન હતા. સત્યના સંરક્ષણ માટે જ તેઓ આજીવન ઝઝુમ્યા હતા. આવા નિડર ને સ્પષ્ટ વક્તા મહાપુરુષો હમેશાં વિરોધી વર્ગને આંખના કણાની જેમ ખૂંચ્યા છે, અને એમની પ્રતિભાને, એમની વિદ્વત્તાને અને યાવત્ તેમને જેર કરવા માટેના પ્રયત્નો પણ કરાયા છે, એમ ઇતિહાસના પૃષ્ઠો ગવાહી આપે છે. એટલે તજ્જદ્વેષના કારણે આવા પ્રયાસો બને તેમાં નવાઈ નથી. તત્ત્વાન્વેષીઓએ અને સંશોધકોએ આવા પ્રસંગે સાવધાની રાખી અને સજાગ રહીને નિર્ણયો લેવા જોઈએ, જેથી આપણે આપણા બીજું નહીં તો મહાપુરુષોની આશાતનાના, અનાદર અને અન્યાયના પાપથી તો જરૂર બચી શકીશું.

આ સિવાય પૂ. ઉપાધ્યાયજીના નામે દશમતસ્તવન, કેટલાંક અન્ય પદ્ય કાવ્યો, ગંગેયં ભંગ પ્રકરણાદિ કૃતિઓ પણ ચઢી ગઈ છે. પૂ. ઉપાધ્યાયજીની કૃતિ માટે જ આમ થયું છે એમ નથી, પરંતુ અન્ય કૃત કૃતિઓ માટે પણ આવી ઘટનાઓ બની છે. અને સાહિત્યનું પવિત્રક્ષેત્ર પણ વિદ્વેષના કારણે બદીથી અછૂત નથી રહી શક્યું તે આપણા માટે શરમજનક અને દુઃખદ છે.

અન્તમાં અનુમાન પ્રમાણનો આશ્રય લેતાં જે કંઈ વિધાન અસત્ થયું હોય તેની ક્ષમા યાચી વિરમું છું.

શુભેચ્છા અને સૂચન

★

★ શ્રી. હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી ★

પ્રાચીન પુસ્તકોના ઉદ્ધાર માટે જૈન સમાજમાં છૂટીછવાઈ કેટલીયે સંસ્થાઓ હશે; તો સઘળામાં "શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ" એ સંસ્થાનું સ્થાન આગળ પડતું અને અનોખું છે, તેમાં શંકા નથી. આજે પણ સંસ્થાઓ દ્વારા તેમજ વ્યક્તિઓ દ્વારા અનેકાનેક પ્રકારનું જૈન સાહિત્ય—પ્રાચીન અને અર્વાચીન—પ્રગટ થઈ રહ્યું છે, છતાંય અપ્રગટ જૈન સાહિત્ય હજી ઓછું નથી. અનેક જૈન ગ્રંથભંડારોમાં હજીયે પ્રગટ કરવા યોગ્ય પ્રાચીન પુસ્તકો પડેલાં છે અને તે સંશોધક સાહિત્યપ્રેમી વ્યક્તિની વાટ જોઈ રહ્યાં છે.

આશરે પચાસ વર્ષ પૂર્વે જ્યારે આ સંસ્થાનું મંડાણ થયું ત્યારે આ ક્ષેત્રની વિશાળતાનો ખ્યાલ જૈન સમાજને ભાગ્યે જ હતો. મુનિમહારાજોમાંથી કેટલાકને આ અપ્રગટ વિશાળ સાહિત્યની જાણ હતી. અને તેયે જો વેળાસર તેનો ઉદ્ધાર કરવામાં નહિ આવે તો સદાને માટે એ નષ્ટ થઈ જશે એમ પણ તેઓ સમજતા હતા. ગ્રંથભંડારો તો અમુકને જ પ્રવેશ્ય જેવા હતા. તેના સંરક્ષકોને તેની સાચવણી સિવાય બીજી કશી મહત્તા ન હતી છતાં પણ તે સમયે દીર્ઘદૃષ્ટિથી જોનારા પુરુષો પ્રાચીન પુસ્તકોદ્ધારનું કામ મહત્ત્વનું—અતિ મહત્ત્વનું સમજતા હતા. તે દૃષ્ટિએ પૂ. સાગરાનંદસૂરીશ્વરજીના ઉપદેશ અને પ્રેરણાથી આ સંસ્થાની સ્થાપના થઈ. અને આજે તેને પચાસ વર્ષ પૂર્ણ થતાં તેની કાર્યવાહી—પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિ—જોતાં જૈન સમાજ, સંસ્થાપકો અને તેના કાર્યવાહકો જરૂર ગૌરવ લઈ શકે

આ સંસ્થા તરફથી પ્રાચીન જૈનાગમો ઉપરાંત બીજું ઘણુંયે ઉપયોગી જૈન સાહિત્ય પ્રગટ થઈ ચૂક્યું છે કે જેનું મૂલ્ય આંકી શકાય એમ નથી. સંસ્થા તરફથી પ્રગટ થયેલ 'આનંદકાવ્યમહોદધિની માળા તથા બીજાં કેટલાંયે પુસ્તકો આજે અપ્રાપ્ય છે. એ એની ઉપયોગિતા અને લોકપ્રિયતા બતાવે છે.

મારા વર્ષ દોઢ વર્ષના એ સંસ્થા સાથેના સંબંધને પરિણામે મને એટલું તો અવશ્ય લાગ્યું છે કે આ સંસ્થા જૈન શાસનની અપૂર્વ સેવા કરી શકે એવી તેમાંમાં ઉપયોગિતા રહેલી છે; પરંતુ તે કાર્ય આજીવન સેવાભાવી—તેની પાછળ ભેખ લેનાર—કાર્યકર હોય તો જ બની શકે. જો કે આ સંસ્થાના જન્મદાતા અને પ્રેરક એક વિદ્વાન દક્ષ અને દીર્ઘદ્રષ્ટા પુરુષ હતા, પરંતુ સંસ્થાની જ પાછળ એમનું લક્ષ્ય ન હતું. સંસ્થાનો વહિવટ તેમની સલાહ સૂચનાનુસાર ટ્રસ્ટીઓ કરતા અને આજે પણ એ બાબતમાં માર્ગદર્શન મેળવવાની દૃષ્ટિ વિશાળતર કરવાની જરૂર છે. સમયાનુસાર આ સંસ્થા વધુ સંગીન અને વ્યાપક રીતે કાર્ય કઈ રીતે કરી શકે એનો ગંભીર રીતે વિચાર કરવાનો સમય પાકી ગયો છે. તે વિશાળ દૃષ્ટિ અને તટસ્થ વૃત્તિથી જ્યાં જ્યાંથી જૈન સમાજ તથા સંસ્થાને ઉપકારક સલાહ-સૂચના, માર્ગદર્શન મેળવી શકાય ત્યાં ત્યાંથી તે મેળવવા સંસ્થાના કાર્યવાહકોએ પ્રયત્ન કરવો ગ્યો.

વળી હવેના જમાનામાં પ્રાચીન પુસ્તકો પ્રગટ કરવાની પદ્ધતિ બદલાવી જોઈએ. ખાલી પ્રાચીન પુસ્તક જેમ ને તેમ પુનઃ પ્રકાશિત કરવાથી જ પુસ્તકોદ્ધાર માનવાનું છોડવું જોઈએ. દરેક પ્રાચીન પુસ્તક

ઉદ્ધાર કરવા જેવું જ છે એમ માની લેવાની યે જરૂર નથી. પરંતુ જે પ્રાચીન પુસ્તકનું પ્રકાશન નક્કી કરવામાં આવે તેની પહેલાં તેની ગુણવત્તા નક્કી થવી જોઈએ. પછી તે વિષયના અભ્યાસી દ્વારા તેનું સર્વથા સંશોધન-પરિશીલન થવું જોઈએ. તે લખાણનો, તેના કર્તાનો સમગ્ર ઇતિહાસ, વિષયની ઉપયોગીતા, તેની ભાષા, રચનાદિની વિશિષ્ટતા વગેરેની તટસ્થ ભાવે આલોચના થવી જોઈએ તથા તેના જેવાં જ તે સમય દરમ્યાન અથવા તે પહેલાં લખાયેલા બીજા કોઈ ગ્રંથ હોય તો તેની સાથે સરખામણી વગેરેનું સંશોધક દૃષ્ટિથી આલેખન થવું જોઈએ તો જ તે વિદ્વદ્‌ભોગ્ય અને ઉપયોગી નીવડે. આ બધું વિદ્વત્તા અને સમય માગી લે છે. અલબત્ત આ કાર્ય મુનિ મહારાજો સારી રીતે કરી શકે, જો તેમનામાં આ પ્રત્યે અભિરુચિ હોય તો, કારણકે ઉપર જણાવેલી બંને વસ્તુ–વિદ્વત્તા અને સમય–તેમને સહજ સાધ્ય છે. પરંતુ સંશોધન વિષય એવો છે કે તે બાબતમાં અનુભવી માર્ગદર્શન તથા તેની પાછળ તન્મય થયા વગર એ શકય નથી. અને આ રીતે સંશોધન કરાયા વગર પ્રગટ કરાયેલાં પુસ્તકો ભાગ્યે જ અભ્યાસપૂર્ણ અને વિદ્વદ્‌ભોગ્ય બની શકે. આવું સંશોધન કાર્ય તે વિષયના યોગ્ય પંડિતો પાસે પણ કરાવી શકાય, પરંતુ તે કાર્ય સારી રીતે ચિંતામુક્ત બની એ કરી શકે તે માટે તેને ઉદાર પુરસ્કાર આપવો આવશ્યક છે. આવી સંસ્થાઓએ આવું સંગીન કાર્ય કરવા માટે આવા વિદ્વાનોને પોષવાની સંસ્થાના બજેટમાં ગોઠવણ કરવી જોઈએ. કેવળ મુનિમહારાજોની નિઃશુલ્ક સેવા પર જ આધાર રાખી સંસ્થા ચલાવવાની વૃત્તિ ફેરવવી જોઈએ. એમ કરવાથી જ સંશોધન-ક્ષેત્રમાં પડવાની કેટલાયે જીજ્ઞાસુ અને સાહિત્યપ્રેમી ગૃહસ્થોને હોંશ થશે અને તે રીતે પાંડિત્યને પણ ઉત્તેજન મળતું રહેશે. વળી કાર્યવાહકોની બોર્ડમાં એક અથવા બે કાર્યવાહકો જૈન સાહિત્યમાં રસ લેનાર અથવા તે વિષેનું કંઈક જાણનાર, દૃષ્ટિ વિશાલ રાખીને લેવાવા જોઈએ.

આશા છે કે આ સંસ્થાના સેવાભાવી કાર્યવાહકો સંસ્થાની હયાતિ સંભાળી રાખવા પૂરતી જ સેવા ઉપરાંત આ સંસ્થા થોડું પણ સંગીન અને ચિરંજીવ પ્રકાશન પ્રગટ કરી શકે અને ગૃહસ્થોમાં જૈન સાહિત્ય પ્રત્યે કેમ રસ ઉત્પન્ન થાય તેના માર્ગો વિચારશે તો તે સેવા ખરેખરી અવિસ્મરણીય બની રહેશે. વળી આ સંસ્થાને તેના શૈશવકાળથી માંડી યૌવનના જોમ સુધી લઈ જવામાં આગવો ભાગ ભજવનાર શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરીની સેવા કેમ ભૂલી શકાય ? એમની ખંત અને સાહિત્યપ્રેમને લીધે જ આ સંસ્થા આટલાં સારાં પ્રકાશનો જૈન સમાજ આગળ મૂકી શકી છે.

અંતમાં આ સંસ્થા વધુ પ્રાણવાન અને પ્રાચીન જૈન સાહિત્યની ઉત્તરોત્તર અધિક સેવા કરનારી બનો, એ જ અભ્યર્થના.

મુંબઈ, તા. ૧૧-૮-૧૯૫૮.



જૈન સાહિત્યની ભાષા અને જ્ઞાનભંડારોનો ઉપયોગ

★

卐 શ્રી. કાંતિલાલ મોતીચંદ સોનાચાંદીવાળા-વકીલ 卐

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડની ૫૦ વર્ષની ઉજવણી વખતે હું તેમના ટ્રસ્ટીઓને મુબારકબાદી અને ધન્યવાદ આપું છું.

સને ૧૯૨૪માં સુરતમાં જૈન સાહિત્ય પરિષદ પૂ. સાગરમુનિજીની પ્રેરણાથી તથા શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરીના પ્રયાસથી ભરાઈ હતી. તે વખતે મેં 'જૈન ચરિત્રો અને જૈન રાસો' નામનો ટૂંકો લેખ લખ્યો હતો અને મોકલ્યો હતો, તેમાં મેં કેટલીક સૂચનાઓ કરી હતી. અને તે લેખમાં મારાથી બની શક્યા તેટલા ચરિત્રો અને રાસોનું કમવાર કક્કાવારી લિસ્ટ મોકલ્યું હતું. જેની લગભગ ૧૦૦ની સંખ્યા મળેલી. તે સર્વમાંથી સૂચનાઓમાં મારા મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે હતા.

એ પરિષદનો રિપોર્ટ તથા નિબંધો વગેરે પ્રગટ થયા છે કે નહિ તેની મને ખબર નથી.

મૂળ શરૂઆતમાં માગધી (પ્રાકૃત) ભાષામાં જૈન ચરિત્રો લખાયાં હશે. અને તેના ઉપરથી જેમ જેમ માગધી ભાષા પ્રચારમાં ઓછી થતી ગઈ, અને સંસ્કૃત ભાષા વધારે પ્રચારમાં આવી તે સમયમાં તે માગધી ભાષાના ચરિત્રો ઉપરથી જૈન ચરિત્રો સંસ્કૃત ભાષામાં લખાવવા શરૂ થયા હશે. અને મોટે ભાગે તે તે ચરિત્રો ઉપરથી પાછળથી જ્યારે સંસ્કૃત ભાષાનો પ્રચાર ઓછો થયો અને ગુજરાતી ભાષાનો પ્રચાર થયો તે વખતે તે તે ચરિત્રો ઉપરથી આપણા જૈન રાસાઓ રચવાની શરૂઆત થઈ હશે. રાસોનો રચનાકાળ સં. ૧૦૦૦ થી શરૂ થયો હોવા જોઈએ. ત્યારપછી ચોપાઈઓ છંદો વિ. સં. ૧૨૦૦ થી ૧૫૦૦માં થયા હશે.

રાસ શબ્દનો અર્થ "રસને" મળતો આવે છે. અને વૈષ્ણવોના "રાસલીલા" શબ્દને મળતો આવ્યો છે. દરેક રાસોમાં દરેક નવરસનો સમાવેશ થયેલો જોવામાં આવે છે. પરંતુ મુખ્ય તો એક કે બે રસ ઉપર જ વિવેચન થયેલું જોવામાં આવે છે. તેમાં એક વ્યક્તિ ઉપર જ મુખ્ય પાત્ર તરીકે કવિતાઓ, છંદો, દુહાઓ વગેરે જુદા જુદા રાસોમાં બનાવવામાં આવ્યા હોય છે. અને પેટાઓમાં બીજાના ચરિત્રો તથા કથાઓ પણ જોવામાં આવે છે. તેમાં મુખ્યત્વે એક કે બે જ ધાર્મિક વિષય જેવાં કે સત્ય, અહિંસા, શિયળ, દાન વગેરે ઉપર વિશેષ વિવેચન જોવામાં આવે છે અને તેના ઉપર જ ભાર મૂકવામાં આવે છે.

ચરિત્રોમાં પણ એ જ પ્રમાણે વસ્તુસ્થિતિ હોય છે. ચરિત્રો મોટે ભાગે ગદ્યમાં અથવા પદ્યમાં અને રાસો તો પદ્યમાં જ હોય છે. અમારા લિસ્ટમાં મે ફક્ત ચરિત્રો અને રાસોની નામાવલિ જ આપી હતી. મારા જાણવા પ્રમાણે રાસોની સંખ્યા લગભગ બે હજાર છે. અને તેમાં ચરિત્રોનો સમાવેશ થાય છે. જેનું લિસ્ટ પણ સંસ્થા છપાવવાની છે, એમ સાંભળ્યું છે. આ ચરિત્ર અને રાસોની સંપૂર્ણ સૂચિ વિગતવાર કોઈ વિદ્વાનના હાથે તૈયાર કરાવવાની જરૂર છે. અત્યાર સુધીમાં નાના મોટા ઘણા ચરિત્રો અને રાસો જુદી જુદી સંસ્થાઓ તરફથી પ્રગટ થયેલ જોવામાં આવે છે, પરંતુ તેમાં પણ હજી ઘણા અપ્રગટ રહ્યા હશે. તો સાક્ષરોને અને લેખકોને અને ખાસ કરીને મુનિમહારાજોને મારી નમ્ર વિનંતી છે, કે જે જે

રાસો અપ્રગટ રહ્યા હોય અથવા જે અત્યારે અલભ્ય હોય, અને જેની આવૃત્તિ ફરી છપાવવાની જરૂર હોય, તેવા ચરિત્રો અને રાસો ખાસ કરીને ગુજરાતી ભાષામાં પ્રગટ કરવા કરાવવાની ખાસ જરૂર છે. અને તેથી તેઓ એ દિશામાં પ્રગતિ કરશે એવી મારી આશા છે. એક જ વિષયને—વ્યક્તિને—લગતા જુદા જુદા કર્તાઓના જુદા જુદા રાસો જુદા જુદા સમયનાં જોવામાં આવે છે. આનંદકાવ્યમહોદધિના આઠ ભાગ પ્રસિદ્ધ થયા છે. વધુ ભાગો છપાવવાની જરૂર છે.

મૌખિક કથાઓનું શ્રવણ

આપણા જૈન લોકોમાં મહાત્મા, બારોટ અથવા ભાટ લોકોની એક જાત હતી. તેઓ અગાઉ શહેરે શહેરે અને ગામડે ગામડે ફરીને આ ચરિત્રો, રાસો અને કથાઓ સંભળાવતા, ત્યારે અનહદ આનંદ ઉપજતો હતો. પરંતુ એ પ્રથા લુપ્તપ્રાય થઈ ગયેલી જોવામાં આવે છે. તે પ્રથા ફરી સજીવન કરવાની જરૂર છે.

લિસ્ટોનાં વર્ગીકરણની જરૂર

એ ઉપરાંત આપણા જૈન ધર્મના જ્ઞાનભંડારો અને સંસ્થાઓમાં પુસ્તકોના કઈ કઈ જાતના લિસ્ટો જોઈએ, તેની નવીન પ્રકારે રચના કરવી જોઈએ. આવા લિસ્ટો ભાગ્યે જ આવી સંસ્થાઓમાં જોવામાં આવે છે. ફક્ત જનરલ લિસ્ટ અને કક્કાવારી લિસ્ટો જ હોય છે. પરંતુ દરેક જુદા જુદા વિષય વાર લિસ્ટો જોવામાં આવતા નથી. આવા લિસ્ટોની ખાસ આવશ્યકતા છે.

મારા વર્ગીકરણમાં ચરિત્રો, રાસો, શતકો, નાટકો, પ્રશ્નોત્તર—કથાઓ, કુલકો, પચીશી, બત્રીશી, છત્રીશી, સિત્તરી, બહોત્તરી, પ્રબંધો, મંજરીઓ, મિમાંસાઓ, ચિંતામણી, ચૂડામણિ, કૌમુદી, યોગ, કોષ, અધ્યાત્મ, વૈરાગ્ય વગેરેના વિષયોને લગતા લિસ્ટોનો સમાવેશ કર્યો છે. એ ઉપરાંત હજી બીજા ઘણા બાકી રહ્યા છે. અને રહ્યા હશે. (પંચાશિકા, બાવની, ચોવીશી, વીશી વગેરે વગેરે) એ ઉપરાંત હજી બીજા ઘણા વિષયોને લગતા લિસ્ટો થઈ શકે તેમ છે. પરંતુ આ લેખ બહુ જ મોટો થઈ જાય તેટલા માટે તે તે લિસ્ટો જુદાં દાખલ કરવામાં આવ્યા નથી. ફક્ત તેના માર્ગદર્શન તરીકે નીચેના વિષયો હું સૂચવું છું.

આગમો, સૂત્રો, પ્રકરણો, ઉપદેશક ગ્રંથો, તત્ત્વના ગ્રંથો, નય, ન્યાય અને સપ્તભંગીના ગ્રંથો, પ્રમાણ, આત્મા, કાવ્યો, ધર્મ, ભૂગોળ, ઇતિહાસ, સ્તોત્ર, સ્તુતિ, સ્તવન, સજ્ઝાય, લાવણી, છંદ, ચોપાઈ, નોવેલો, જ્યોતિષ, મંત્ર, તંત્ર, જંત્ર, યંત્ર, ભજનો, ક્રિયા, પ્રતિષ્ઠાદિ, પૂજાઓ, તર્ક, આચારવિચાર, વ્યાકરણ, ચોવીશીઓ, પંચાશિકા, વીશીઓ, વિજ્ઞાનશાસ્ત્ર વગેરે વગેરે.

આ પ્રસંગ ખાસ કરીને દે. લા. પુસ્તકોદ્ધાર ફંડની ઉજવણીનો છે. તેથી આ લેખ તથા વર્ગીકરણ વગેરે તે સંસ્થાના જ્ઞાનભંડારનો તેમજ બીજી સંસ્થાઓને માર્ગદર્શક થઈ પડે અને ઉપયોગી નીવડે તે હેતુથી જ લખાયો છે. એક જ વિષયને લગતાં કેટલાં પુસ્તકો મળી શકે તે સહેલાઈથી આવા લિસ્ટો ઉપરથી માલમ પડી શકે તેમ છે.

જ્ઞાનભંડારોનો લાભ આપો.

આ સંસ્થા જેવી બીજી અનેક સંસ્થાઓ સુરત શહેરમાં છે. પરંતુ આ સંસ્થાનો તેમજ સાગરજી મહારાજના જ્ઞાનભંડારોનો (શ્રી જૈન આનંદ પુસ્તકાલયનો) જેટલો લાભ લેવાય છે, તેટલો બીજાઓનો ભાગ્યે જ લેવાતો હશે. પુસ્તકો વગેરેની સંખ્યા પણ બીજા કરતાં તેમાં વધારે છે, અને હશે. આવી સંસ્થાઓ લગભગ દશ આપણા શહેરમાં જોવામાં આવે છે. હસ્તલિખિત પુસ્તકોની માફક છાપેલાં પુસ્તકોનું

લિસ્ટ તેમને બહાર મૂકવું જોઈએ. મારા માનવા પ્રમાણે આ ભંડારના પુસ્તકો જાહેર પ્રજાને વાંચવા માટે અગાઉ બહાર આપવામાં આવતા ન હતા, ફક્ત રેફરન્સ પૂરતા રાખતા હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તે પ્રમાણેની યોજના આ સંસ્થાના ટ્રસ્ટીઓ તરફથી થઈ છે તે બદલ તેમને ધન્યવાદ આપું છું. એજ પ્રમાણે બીજી સંસ્થાઓ પણ પોતપોતાની લાયબ્રેરીઓ (જ્ઞાનભંડારો) જાહેર પ્રજાના લાભ માટે ખુલ્લા મૂકે.

મારા સાંભળવામાં આવ્યું છે કે આ સંસ્થાના એક ઉત્સાહી અને બાહોશ ટ્રસ્ટી શ્રી કેશરીચંદભાઈના પ્રયાસથી એક નવીન પ્રકારનું લિસ્ટ તૈયાર કરવામાં આવે છે. દરેક સંસ્થા અથવા વ્યક્તિ તરફથી જે જે પુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે, તેનું લિસ્ટ થાય છે, અથવા હોવું જોઈએ ઉપર જણાવેલા પ્રકારના લિસ્ટો હોવાથી પુસ્તક લેવા આવનારને વિશેષ લાભ મળી શકે છે.

એજ પ્રમાણે મારી તેમને એક બીજી નમ્ર સૂચના છે કે નવીન પ્રકાશનોનું લિસ્ટ કરો, કર્તાનું લિસ્ટ કરો, તેમજ આપણા (પ્રાચીન તેમજ અર્વાચીન) સાધુ મુનિમહારાજો વગેરે તરફથી જે જે પુસ્તકો અત્યાર સુધીમાં પ્રગટ થયા હોય, તેનું દરેકનું જુદું લિસ્ટ તૈયાર થાય અને તે તૈયાર થયા પછી તે તે લિસ્ટ અને તેમાંના પુસ્તકો ગ્રંથમાળા રૂપે બહાર પડે તો તે છપાવવા જેવું છે. દા. ત. ઉદયરત્ન, યશોવિજયજી, હરિભદ્રસૂરિ, આત્મારામજી, જ્ઞાનવિમળજી, પદ્મવિજયજી, બુદ્ધિસાગરજી, દેવચંદજી, વીરવિજયજી, હેમચંદ્રાચાર્યજી, આનંદઘનજી, ચિદાનંદજી વગેરે વગેરે.

છેવટે મારી નમ્ર વિનંતી એ છે કે જેવી રીતે આ સંસ્થાની ઉજવણી થાય છે અને તે વખતે જે સાહિત્ય વગેરેનો પ્રચાર થાય છે, તે જ પ્રમાણે બીજી પાછળની સંસ્થાઓ પણ પોતપોતાની ઉજવણીઓ કરે, અને નવું સાહિત્ય નવીન ઢબે અને પ્રકારે ચાલુ જમાનાને અનુસરીને પ્રગટ કરે, એ જ શુભેચ્છા રાખી હું અત્રે વિરમું છું

તા. ક. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને શ્રી આત્માનંદ જૈન સભા ભાવનગરની પ્રકાશન સંસ્થાઓના સુવર્ણ મહોત્સવો ઉજવાયા છે અને આ સોનેરી તક સુરતને સાંપડે છે.

★

સૂર્યપુરનો સર્વોદય



 મુનિશ્રી ચંદ્રોદયવિજયજી 

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનમંદિરનો સંક્ષિપ્ત પરિચય.

(સં. ૨૦૧૧ના માગશર સુદ ૧૪થી ઓચ્છવ શરૂ થયો હતો. જે ઓચ્છવના સ્મરણચિહ્ન તરીકે એક પુસ્તિકા દેરાસરના ઇતિહાસને લગતી બહાર પડી હતી; તેમાંનો મુખ્ય ભાગ લેખકની અનુમતિથી પ્રસિદ્ધ કરવામાં આવે છે:– **કેશરીચંદ**)

આલંબન–જેમ બાહ્ય વસ્તુ પ્રાપ્ત કરવા અનેકવિધ આલંબન જગતમાં મળી રહે છે તેમ અભ્યંતર વસ્તુ પ્રાપ્ત કરવા પણ દરેકે દરેક આસ્તિક દર્શનકારે વિશિષ્ટ આલંબનનો નિર્દેશ કર્યો છે. પછી ભલે કોઈ મૂર્તિનો, ગોખલાનો, દિશાને, વિદિશાને કે પછી તે તે ધર્મગ્રંથનો આલંબન રૂપ માની તેમાં ઉપર પૂજનીય બુદ્ધિ ધારણ કરે.

સ્યાદ્વાદદર્શનકારે ઉપર્યુક્ત અભ્યંતર શાશ્વત વસ્તુઓની પ્રાપ્તિના માર્ગ બતાવનારના અભાવમાં પ્રેરણા મળી શકે તે માટે શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનઆગમ એમ બે આલંબનોનો નિર્દેશ કર્યો અને પંચમકાળમાં શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનાગમને ભવિજનના પરમ આધાર તરીકે ઓળખાવ્યા છે.

આ અનુસારે જૈનત્વની ઝળહળતી જ્યોત કાયમ માટે અખંડ રહી તેમજ પ્રમાદસ્થ જીવનાં જૈનત્વના રક્ષણના નિમિત્તભૂત ભારતભરમાં મોટી સંખ્યામાં જિનમંદિરો અને જિનમૂર્તિઓની સ્થાપનાઓ થઈ અને આજે આપણે પ્રાચીન તેમજ નવીન જિનમંદિરો અને જિનમૂર્તિઓને જોઈ રહ્યા છીએ.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર :

એક સૂર્યપુર (સુરત) શહેરના શાહપુર નામના મહોલ્લામાં આવેલું ધાબાબંધી શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર છે. જિનમંદિર પ્રાચીન સ્થાપત્યકળાના ધામ સરખું, કળારસિકોનું દિલ આકર્ષતું, દર્શનીય અને ભવ્ય મનોહર પ્રગટપ્રભાવિ શ્રી જિનમૂર્તિથી મંડિત હોઈ સુરત શહેરની શોભામાં અનેરો વધારો કરી રહ્યું છે.

મંદિરનો નાશ :

આ જિનમંદિરના ઉત્થાનમાં એક ગૂઢ ઇતિહાસ છુપાયેલો છે.

ભારતમાં જ્યારે હિંદુઓના જીવન ધર્મઝનૂનને કારણે પરપક્ષથી જોખમમાં મુકાયા હતા ત્યારે આ જિનમંદિરની કેટલીએ સ્થાપત્યકળાના નમૂના, કાષ્ઠમય વિભાગો તે સંગ્રામમાં ભોગ બની ગયા હતા. આ કલામંદિરની પ્રાચીનતા વિષે 'ગુજરાત સર્વસંગ્રહ'ના કર્તા ૫૭૧ના પાનામાં જણાવે છે:

"મિરઝા સામેની મસ્જિદની દરગાહ ઈ. સ. ૧૫૪૦માં ખુદાવિંદખાને બંધાવી છે. દરગાહની પાસેની લાકડાની મસ્જિદ છે, તે શાહપુર મહોલ્લામાં જૈનોનું દેવળ હતું તે તોડીને તેના સામાને બંધાવી."

ઉપર્યુક્ત લખાણથી આ મંદિર, ઈ. સ. ૧૫૪૦ પૂર્વેનું હોવું જોઈએ. આ મંદિરના નાશ સાથે જૈનોની કેટકેટલી અમૂલ્ય સમૃદ્ધિ, વિસ્તૃત ઇતિહાસ તેમજ સંસ્કૃતિ આ ધર્મઝનૂનની ધમાલમાં કાળનો ભોગ બની ગઈ હશે, એ સ્પષ્ટ ખ્યાલમાં આવશે.

મંદિરનો પુનરુદ્ધાર :

પતન પામેલા આ મંદિરનો પુનરુદ્ધાર ક્યારે અને કેવા સંજોગોમાં થયો એ વિષે સુરતની જૈન ડિરેક્ટરીમાં (પાના ૧૭૦ માં) જણાવ્યુ છે કે, "અત્યારે જે મિરઝા સામેની મસ્જિદ છે તે પહેલાં જિનમંદિર હતુ" ત્યારે આ ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ હતી, એ મૂર્તિ કેવી રીતે લબ્ધ થઈ અને કેવી રીતે શાહપુરનું ચિંતામણી મંદિર અસ્તિત્વમાં આવ્યુ તે વિષે કહેવાય છે કે:

જ્યારે મુસલમાનો દેરાસર તોડવા આવ્યા ત્યારે દેરાસરના દરવાજા બંધ થઇ ગયા. રાત્રે એક ગરીબ શ્રાવકને સ્વપ્ન આવ્યુ કે, "ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ કૂવામા છે ત્યાંથી મૂર્તિને બહાર કાઢી એક દેરાસર બંધાવી તેમાં પધરાવો." આ શ્રાવકે પોતાના સ્વપ્નની વાત એ વખતે સુરતમાં જે યતિજી હતા, તેમને કહી, સાથે જણાવ્યુ કે મારી પાસે મૂડી નથી માત્ર એક રૂપિયો અને કોઠી છે. યતિજીએ ગમે તે બળે પણ એક કોથળી આપી અને કહ્યુ કે આ કોથળીમાંથી તારે જેટલા રૂપિયા જોઈતા હશે તેટલા મળશે. તું દેરાસર બંધાવ. પણ એક શરત છે કે આ કોથળી કદી ઊંધી વાળી ઠાલવીશ નહિ. પછી કૂવામાં તપાસ કરી તો મૂર્તિ મળી આવી અને આ દેરાસર બંધાવ્યું. આજે એ કૂવો દેરાસરજીમાં મોજૂદ છે પેલી કોથળી અને કોઠી પણ મોજૂદ છે.

યંત્રપટ ઉપરનો લેખ દેવનાગરી લિપીમાં છે 'वि. संवत १७५६ चैत्र शुद ५ दिने गुरुवीसरे पातशाह श्री अवरगंज श्री पू. विद्यमान वृद्धिसागरसूरि' આવું લખાણ છે

આજે તપાસ કરતાં આ યંત્ર અને કોથળીનો પત્તો નથી, પણ તીજોરીમાં એક અષ્ટાપદજીનો ચાંદીના પતરા ઉપર ઉપરના લખાણવાળો ફક્ત વિ. સં. ૧૭૫૬ ને બદલે ૧૭૫૮ના લેખવાળો એક તીર્થપટ જોવા મળે છે. ફક્ત એ ભૂગર્ભમાં પંચેક પાષાણમય ખંડિત પ્રતિમાજી તેમજ એક માટીના ઘડામાં જૂની મેલી કોડીઓ મળી આવે છે. આ જીર્ણપ્રાય ઘડાને તેમજ કોડીઓને ભૂગર્ભમાં જ રાખેલાં છે.

આ બધાં લખાણ વાંચતાં સ્હેજે વિચાર આવે છે કે પતન બાદ ક્યારે અને કેટલા વર્ષે પાછો પુનરુદ્ધાર થયો

વિશેષમાં ઉપર ૧૭૫૬ની સંવત છે, જ્યારે મૂર્તિ પ્રતિષ્ઠાપનની સંવત ૧૭૦૧ની છે. આ ઉપરથી એમ લાગે છે કે આ બન્ને કામ શ્રી વૃદ્ધસાગરસૂરિજીના તો છે.

આ સંબંધમાં એવી કલ્પના થાય કે યંત્ર આપનારા યતિજી અને પ્રતિષ્ઠા કરાવનાર સૂરિદેવ ભિન્ન હશે. એ સૂરિએ વર્ષોબાદ વિવિધ પટ્ટની સ્થાપના કરતી વેળાએ આ યંત્રની પણ સ્થાપના કરી હશે. વાસ્તવિક આ મંદિરની મૂર્તિની સ્થાપનાનું વર્ષ વિ. સં. ૧૭૦૧નું છે. અને પ્રતિષ્ઠાના દિન તરીકે મહા સુદ ૧૦. આજે એવી પરંપરા પણ પ્રચલિત છે.

આ તો મંદિરના પતન અને ઉત્થાનની ટૂંકી વાત થઈ. હવે લાકડાના નકશી કામની વાત જોઈએ.

બનાવેલી જોવામાં આવે છે. એ બધાઓની તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવાની અને સરખામણી કરવાની જરૂર છે. અને તેમાં કયા આચાર્યે પહેલવહેલી બનાવી અને તેમાં કઈ દૃષ્ટિએ કઈ સારી તે પણ જોવાનું છે. આને માટે દરેક આચાર્યના સમય, રચનાસમય વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. દાખલા તરીકે ગજસુકુમાલજી, અવંતીસુકુમાલજી, ભરત–બાહુબલજી, ધન્નાશાલિભદ્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક વગેરે સૂત્રો તથા બીજા સતાસતીઓ ઉપર જુદા જુદા આચાર્યોની જુદી જુદી સજ્ઝાયો મળી આવે છે. ચૈત્યવંદનો, સ્તવનો વગેરેની રચનાઓ સાથે સાથે સજ્ઝાયો વગેરેની પણ રચના કરેલી જોવામાં આવે છે. એક જ આચાર્યના ૨૪ તીર્થંકરોનાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ તેમજ સજ્ઝાયો વગેરે કરેલાં આપણા જોવામાં આવે છે. દેવવંદનમાળાના પુસ્તકોમાંથી પણ ઉપર પ્રમાણે આપણા જોવામાં આવે છે. એ આચાર્યોનો આપણા ઉપર મહાન્ ઉપકાર થયેલો કહી શકાય કે જેથી માગધી અને સંસ્કૃત ભાષાના અભાવે ગુજરાતી વગેરે ભાષા જાણનારાઓ માટે જુદી જુદી કૃતિઓ આજે મળી શકે છે. જેને જે વસ્તુનો ખપ હોય તે તેમાંથી લઈ શકે છે. જ્યાં જ્યાં આપણા તીર્થંકરો, ગણધરો, આચાર્યો વગેરે વિચર્યા ત્યાં ત્યાં જે ભાષાઓ પ્રચલિત હતી તે તે ભાષાઓમાં શાસ્ત્રોને, તેના રહસ્યોને, સિદ્ધાંતોને, કથાઓ અને ચરિત્રોને જુદી જુદી રીતે ગુંથ્યાં એ ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી ને ઘણા જન્મો સુધી એ ઉપકાર ભૂલી શકાય તેમ નથી.

તા. ક. શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી અનેક રાસાઓ આનંદકાવ્ય મહોદધિના આઠ ભાગમાં છપાવવામાં આવ્યા છે અને હાલમાં પરમારક્ષણીય ભાઈઓમાં પ્રચાર માટે આત્મબોધ સજ્ઝાય સંગ્રહ બહાર પાડવામાં આવ્યો છે.



મહાવીર

જબ કુરીતિયાઁ લગી બહુત ભારતમેં બઢને,
લગી પાપકી સીઢી પર જનતા જબ ચઢને,
અન્ધકારસે પૂર્ણ દેશમેં રજની આયી,
ચૈત્ર શુકલ તેરસકે નચી ચાંદની છાયી.
મહાવીર ચૌબસવેં પુનઃ તીર્થંકર હુએ,
હિંસારૂપી કામકે લિયે આપ શંકર હુએ.

—'બેઢબ' બનારસી.

(૨) પાવાપુર :–બિહારમાં બીજું પ્રધાનતીર્થ ભ૦ મહાવીરની નિર્વાણ ભૂમિ પાવા છે. અહીંનું જલ-મંદિર બહુ રમણીય છે.

(૩) રાજગિરિઃ–પાવાપુરના નજીક આ પંચશૈલ પર્વત અવસ્થિત છે. એ સિવાય ચંપાપુર, મંદારગિરિ વગેરે અનેક તીર્થો બિહારમાં બીજાં છે.

(૪) ઓરીસાઃ–ખંડગિરિ–ઉદયગિરિઃ–ઓરિસામાં જૈનોનું પ્રાચીન અતિશયપૂર્ણ તીર્થ છે.

(૫) **ઉત્તર પ્રદેશમાં** અયોધ્યા, પ્રયાગ, બનારસ, શ્રાવસ્તી, હસ્તિનાપુર, કમ્પિલા, મથુરા, શૌરીપુર આદિ પ્રસિદ્ધ જૈન તીર્થો છે.

(૬) રાજસ્થાનમાં આબુ, રાણકપુર, જેસલમેર, મહાવીરજી (જયપુર) કેશરિયાનાથ ઋષભદેવ (ઉદયપુર) આદિ પ્રસિદ્ધ તીર્થો છે.

(૭) મધ્યભારતમાં–ઉજ્જૈન, સોનપાવાગિરિ, સિદ્ધવર કૂટ (દિ.) આદિ છે.

(૮) મુંબઈ પ્રાંતમાં – પાવાગઢ, ગજપંથ, કુંથલગિરિ, માંગીતુંગી, બાહુબલિ આદિ તીર્થો છે (દિ.) અનેક શ્વેતામ્બર તીર્થો પણ છે.

(૯) ગુજરાતમાં – પાલીતાણા (શત્રુંજય) ગિરનાર, તારંગા, સંખેશ્વરજી આદિ તીર્થો છે.

(૧૦) મધ્યપ્રદેશમાં – ચંદેરી, દ્રોણગિરિ, અંતરીક્ષ પાર્શ્વનાથ, ભાંડકજી, પપૌરાજી, નૈનાગિરિ આદિ અનેક તીર્થો છે.

(૧૧) સુદૂર દક્ષિણમાં (દિ.) શ્રવણબેલગોલ, વેણૂર, કારકલ, કુલપાકજી, મુડબદ્રી, હલેબિડ આદિ અનેક દર્શનીય તીર્થો છે શ્વેતામ્બરીય તીર્થોની વિગત જાણવા માટે જૈન તીર્થોનો ઇતિહાસ પૂ. ન્યાયવિજયજી મ. ત્રિપુટી તરફથી લખાયો છે જે વાંચવા ભલામણ છે.



—તો ગૌરવની રાખ પણ નહિ મળે !

લેખક : શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

જૈન સમાજ પાસે ધન છે, ગૌરવ છે, શ્રમણ સંસ્કૃતિનો વારસો છે, સંસારનું સર્વશ્રેષ્ઠ પુરવાર થયેલું તત્ત્વજ્ઞાન પણ છે.

આમ જૈન સમાજ પાસે ઉત્તમ સામગ્રી હોવા છતાં માત્ર વ્યાપાર એ જ જીવનનું લક્ષ્ય બનેલું હોવાથી સાહિત્યની ઉપાસના નથી રહી; અથવા તો સાહિત્યની સર્જનાત્મક દૃષ્ટિ નથી રહી. અને માત્ર એ એક જ વસ્તુના અભાવે આજ જૈન સમાજનું સર્વશ્રેષ્ઠ ગણાતું તત્ત્વજ્ઞાન એવા એક ખાડામાં પડી ગયું છે કે ખુદ જૈનો પણ એ તરફ નજર કરવા જેટલા તૈયાર હોતા નથી.

આ રીતે સાહિત્યની ઉપાસનાની ઉપેક્ષાનું પરિણામ એ આવ્યું છે કે જૈનો પોતાના વિશિષ્ટ તત્ત્વજ્ઞાનનો લાભ લઈ શકતા નથી કે અન્યને દઈ શકતા નથી. પોતાના ગૌરવની ક્યાંય અસર પાડી શકતા નથી, પોતાને મળેલા સાંસ્કૃતિક વારસાની સૌરભ માણી શકતા નથી કે જાણી શકતા નથી. અને ધન છે તેમ દાનની વૃત્તિ પણ છે...પરંતુ જૈન સમાજના માનસનો કબજો વ્યાપારી વૃત્તિએ લીધેલો હોવાથી કીર્તિના બદલામાં જ એ દાનનો પ્રવાહ વહેતો હોય છે.

એક જીવંત અને ઉચ્ચસમાજ માટે આ ઘણું મોટું નુકશાન છે. ઘણી વાર વિચાર કરતાં એવો પણ ભય લાગે છે કે જૈનોની ઉપેક્ષાવૃત્તિ જ એક દિવસ એના સર્વનાશનું કારણ બનશે.

સમય અને વ્યવહારને ઘણો નીકટનો સંબંધ છે. સમયની ગતિ સાથે જો વ્યવહાર તાલ ન મિલાવે તો સમયનો જે લાભ મળવો જોઈએ તે મળી શકતો નથી.

એક વખત એવો હતો કે મોટા વરઘોડાઓ કાઢવા અથવા મોટા અનુષ્ઠાનો કરવાં કે એવા પ્રસંગો યોજવા એમાં આદર્શનો પ્રચાર થતો. અન્ય માટે એક આકર્ષણ ઊભું કરાતું અને પોતાની સંસ્કૃતિનો ફેલાવો કરી શકાતો.

એ સમય ચાલ્યો ગયો છે અને વ્યવહાર એની એ પરિપાટીમાં પુરાયેલો રહ્યો છે.

સમયની સાથે પ્રચારના માર્ગોનું જે પરિવર્તન થવું જોઇએ તે આજ થતું નથી. પરિણામ એ આવે છે કે જૈનદર્શનનો વાસ્તવિક પ્રચાર તો બાજુ પર રહ્યો પરંતુ ઘણી વાર પરિપાટીના ચોકઠામાં પુરાયેલા પ્રચારના દેખાવો હાસ્યાસ્પદ થઈ પડતા હોય છે અથવા તો એક કાળે જે સાધનો શ્રદ્ધાનાં બીજ વાવતાં હતાં, તે જ સાધનો આજે અશ્રદ્ધા ઉત્પન્ન કરી નાખતાં હોય છે.

આજનો સમય સાહિત્યનું સર્જન માગે છે. અને તે પણ એવું કે લોકોના હૃદય પર અસર કરી જાય. લોકો સામે ભૂતકાળની ગૌરવગાથાને નવા પ્રકાશ વડે રજૂ કરે.

પરંતુ આ સત્ય જૈન સમાજને સમજાતું નથી. જૂની વાત નવી રીતે રજૂ કરવાથી જે જાગરણ ઊભું થઈ શકે છે તે કરી શકાતું નથી. કારણ કે સમય અને વ્યવહારનો મેળ રહ્યો નથી. સમય આગળ દોડે છે અને વ્યવહાર મૂક બનીને થંભી ગયો છે.

એક દાખલો આપું:

વેશભૂષામાં, રહેવાની રીતમાં કે જીવનના બીજા ભૌતિક સુખો મેળવવાના સાધનોમાં આપણે સમયના તાલ સાથે તાલ મિલાવતા હોઈએ છીએ, પરંતુ આપણી આધ્યાત્મિક સંપત્તિને આપણી જાત સામે ખુલ્લી કરવા માટે આપણે સમય સામે નજર સરખીયે કરતા નથી.

આ કેટલું વિચિત્ર છે? સીનેમાનાં ગીતો આપણાં બાળકો ગાય તે આપણને ગમે, આપણા પરિવારના સભ્યો ગમે તેવી રેડિયાળ ફિલ્મ જોવા જાય તેમાં કશી હરકત નહિ, આપણા ઘરમાં સીનેમાનાં નટ-નટીઓનાં ચિત્રો ચમકે કે એની ચર્ચા થાય એમાં કશો દોષ નહિ, એ બધા સામે કોઈ કંઈ વિરોધ કરવા જાય તો આપણે જ એને કહી નાખશું કે 'સમયની સાથે ચાલવું જ જોઈએ.'

પણ સાહિત્યસર્જનની નવી દૃષ્ટિ અપનાવવામાં જાણે આભડછેટ લાગે છે!

આપણા પ્રકાશનો સામે નજર કરો. જૈનોને ખુદને એમાં કેટલો રસ હશે, એ પણ એક શંકાનો વિષય છે.

આપણા નાનામોટા સાપ્તાહિકો કે માસિકો જુઓ. એમાં એની એ ઘરેડ ને એની એ પીંજણ! આપણા પ્રવચનો તરફ દૃષ્ટિ કરો હૃદયને સ્પર્શે એવી કોઈ ખુમારી નહિ!

પછી આધ્યાત્મિક વિષયની મસ્તી જામે કેવી રીતે? શું વરઘોડામાં વાગતાં વિવિધ વાદ્યોના નાદમાંથી એ મસ્તી નીકળવાની છે? શું સમયના પરિહાસ સમા કેટલાક જુનવાણી રિવાજોમાંથી એની પિપાસા જાગવાની છે?

ના...હરગીઝ નહિ.

કારણકે સમય બદલાયો છે...એનાં સાધનો પણ બદલાવવાં પડશે.

તત્ત્વ, સત્ય કે હેતુ કદી જૂના બનતા નથી, આ વાત પ્રથમ લક્ષ્યમાં રાખજો. પરંતુ પ્રચારના સાધનો કાળે કાળે અવશ્ય બદલાય છે. બદલાવ્યા વગર આગળ વધી શકાતું નથી.

અને કમનસીબે આ સત્ય આજે પણ આપણને સમજાતું નથી. આ સત્યને અપનાવવા જતાં જૈનદર્શનના કોઈ પણ આદર્શનું નથી અપમાન થવાનું કે નથી ખૂન થવાનું, બલ્કે આદર્શને વેગ મળવાનો છે, કારણ કે આજનો સમય ગઈ કાલ કરતાં સાવ નિરાળો છે; જુદો છે, વિચિત્ર પણ છે.

ગઈ કાલનો સમય શ્રદ્ધાનાં બીજ વાવવા માટે જેટલો સરલ હતો તેટલો સરલ આજનો સમય નથી. આજ તો જડ વિજ્ઞાનની પાંખે સમય ઊડી રહ્યો છે. આધ્યાત્મિક તેજની ધારાઓને પગ તળે કચડી રહેલા આજના વિનાશક વિજ્ઞાનની આગે ચારે દિશાઓને આવરી લીધી છે.

અને તેથી જ આજે સમય માગે છે પ્રચારના સાધનોનું પરિવર્તન—સાહિત્યનું નવનિર્માણ અને જડ વિજ્ઞાનના કાકડમાળને ચુપ કરી દે તેવી તેજસ્વી રજૂઆત!

જો આ વાત આજે આપણે નહિ વિચારીએ તો આવતી કાલે આપણો સમાજ આજના જડવિજ્ઞાનની જ્વાળાઓમાં ઘેરાઈ જશે અને સંભવ છે કે આપણા ગૌરવની રાખ પણ આપણે આપણી ભાવિ પેઢીને આપી શકીશું નહિ.

★

શ્રી સૂર્યપુરનો શ્રમણસમુદાય

સંચયકાર : શ્રી. ડાહ્યાભાઈ રતનચંદ કીનારીવાળા સુરત

સંવત ૨૦૧૫ મહા સુદ ૫ (વસંત પંચમી) તા. ૧૨-૨-૫૯

અનુ-ક્રમ	જ્ઞાતિનામ	સાધુ દેવગત	સાધુ હયાત	સાધ્વી દેવગત	સાધ્વી હયાત	કુલ્લે સંખ્યા	પદવીધર સંખ્યા
૧	શ્રી વીશાઓસવાલ (સુરતી)	૧	૮	૮	૨૪	૪૧	૧ પંન્યાસ
૨	શ્રી વીશાશ્રીમાળી (સુરતી)	૨	૧૦	૧	૨૨	૩૫	૧ ગણી
૩	શ્રી વીશાપોરવાડ (સુરતી)	૧	૪	૪	૭	૧૬	૧ પંન્યાસ
૪	શ્રી વીશાશ્રીમાળી (તલવદા)	૧	૩	૪	૧૨	૨૦	૦ —
૫	શ્રી દશાઓસવાલ (સુરતી)	૪	૧	૫	૧	૧૧	૦ —
૬	શ્રી લાડવાશ્રીમાળી (સુરતી)	૦	૧	૧	૩	૫	૦ —
૭	શ્રી દશાશ્રીમાળી (અમદાવાદી)	૨	૨	૧	૬	૧૧	૦ —
૮	શ્રી દશાશ્રીમાળી (ઘોઘારી)	૦	૦	૧	૨	૩	૦ —
૯	શ્રી દશાશ્રીમાળી (ઈડરિયા)	૦	૦	૦	૨	૨	૦ —
૧૦	શ્રી દશાશ્રીમાળી (ગોહીલવાડી)	૧	૩	૦	૧	૫	૧ આચાર્ય
૧૧	શ્રી દશાશ્રીમાળી (ઝાલાવાડી)	૦	૧	૦	૦	૧	૦ —
૧૨	શ્રી વીશાપોરવાડ (મારવાડી)	૧	૬	૩	૬	૧૬	૨ પંન્યાસ
૧૩	શ્રી વીશાઓસવાળ (મારવાડી)	૧	૩	૦	૧	૫	૧ પંન્યાસ
	કુલ્લે સંખ્યા	૧૪	૪૨	૨૮	૮૭	૧૭૧	૭ પદવીધર

કુલ્લે ૫૬ સાધુ + ૧૧૫ સાધ્વીઃ પદવીધર-૭

જ્ઞાતિ-વીશાઓસવાલ (સુરતી) સાધુ-સંખ્યા

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંધાડાના મુખ્ય આજ્ઞાવર્તી
૧	શ્રી પદમમુનિજી	શ્રી ફકીરભાઈ અભેચંદ	શા. અમીચંદ અભેચંદ ગો. કાયચ મહોલ્લો	૩૪	૧૯૫૬	શ્રી મોહનલાલજી મહારાજ
૨	પં. મહિમાવિજયજી	શ્રી મોતીચંદ જેચંદભાઈ	શા. જેચંદભાઈ દયાચંદ ગો. ઓસવાળ મહોલ્લો	૨૨	૧૯૮૬	આ. શ્રી. લબ્ધિ-સૂરીશ્વરજી
૩	શ્રી લલીતાંગવિજયજી	શ્રી લખમીચંદ રૂપચંદ	શા. રૂપચંદ લલ્લુભાઈ ગો. ઓસવાળ મહોલ્લો	૨૩	૧૯૮૯	,, ,, ,,
૪	શ્રી જિતેંદ્રવિજયજી	શ્રી જેચંદભાઈ જીવણચંદ	શા. જીવણચંદ નવલચંદ ગો. ઝવેરી બજાર	૨૫	૧૯૯૦	,, ,, ,,
૫	શ્રી મનોહરસાગરજી	શ્રી ઉત્તમચંદ મોતીચંદ	શા. મોતીચંદ ગુલાબચંદ ગો. કાજીમેદાન	૨૦	૧૯૯૩	આ. શ્રી. સાગરા-નંદસૂરીશ્વરજી

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આચાર્યશ્રી
૬	શ્રી જિનભદ્રવિજયજી	શ્રી જીવણચંદ ધરમચંદ	શા. ધરમચંદ ઉદેચંદ ગો. મેઈનરોડ	૧૦	૧૯૯૮	શ્રીદર્શનવિજયજી ત્રિપુટી
૭	શ્રી અભ્યુદયસાગરજી	શ્રી અમરચંદ ઉત્તમચંદ	શા. ઉત્તમચંદ માનચંદ ગો. મોટા રસ્તા	૨૦	૨૦૦૬	આ. શ્રી. સાગરાનંદસૂરીશ્વરજી
૮	શ્રી નંદીષેણસાગરજી	શ્રી નેમચંદ મોતીચંદ	શા મોતીચંદ ગુલાબચંદ ગો. કાજી મેદાન	૪૬	૨૦૧૧	,, ,, ,,
૯	શ્રી બળભદ્રસાગરજી	શ્રી બાબુભાઈ બાબુભાઈ	શા બાબુભાઈ નવલચંદ ગો વખારવાળો ખાંચો	૪૦	૨૦૧૧	,, ,, ,,

—: શ્રી વીશાઓસવાલ (ગુર્જરી) જ્ઞાતિ સાધ્વી-સંખ્યા :—

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આચાર્યશ્રી
૧	શ્રી હીરશ્રીજી	શ્રી હીરાકોરબેન ફકીરચંદ	શ્રી ફકીરભાઈ અભેચંદ ગો. કાયસ્થ મહોલ્લો	૩૨	૧૯૫૮	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૨	શ્રી ખાન્તિશ્રીજી	શ્રી પરસનબેન નવલચંદ	શ્રી નવલચંદ ઉદેચંદ	૨૨	૧૯૫૮	,, ,,
૩	શ્રી જતનશ્રીજી	શ્રી હીરાકોરબેન કાળિદાસ	શ્રી ડાહ્યાભાઈ કાળિદાસ દેશાઈ પોળ			,, ,, ,, ,,
૪	શ્રી જયંતીશ્રીજી	,, ખીમકોરબેન અભેચંદ	,, અભેચંદ મૂળચંદ દેશાઈ પોળ	૩૫	૧૯૭૧	,, ,,
૫	શ્રી અશોકશ્રીજી	,, પરસનબેન પ્રેમચંદ	,, પ્રેમચંદ કાળિદાસ ગોપીપુરા		૧૯૮૦ પહેલાં	,, ,,
૬	,, હેમશ્રીજી	,, ડાહીબેન કલ્યાણચંદ	,, કલ્યાણચંદ સૌભાગ્યચંદ ગોપીપુરા		૧૯૮૦ પહેલાં	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૭	,, ખાન્તિશ્રીજી	,, કાન્તાબેન ચુનીભાઈ	,, ચુનીલાલ ખુશાલચંદ ગોપીપુરા	૨૧	૧૯૭૯	,, ,,
૮	,, ધરમશ્રીજી	,, પ્રફુલ્લકોરબેન ફકીરચંદ	,, ફકીરચંદ નેમચંદ ગો. માળી ફળિયા	૫૦	૧૯૮૬	,, ,,
૯	,, વિદ્યુત્શ્રીજી	,, વિમલાબેન મૂળચંદ	,, મૂળચંદ કેશરીચંદ ગો. જૂની અદાલત	૧૮	૧૯૮૬	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૧૦	,, નિર્મલાશ્રીજી	,, નેમકોરબેન નગીનચંદ	,, નગીનચંદ ખુશાલચંદ વખારવાળા, ગોપીપુરા	૩૫	૧૯૮૭	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૧૧	,, કમલશ્રીજી	,, કંચનબેન હીરાચંદ	,, હીરાભાઈ મંછુભાઈ ગો. મોટી પોળ	૨૦	૧૯૮૮	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૧૨	,, ચંદ્રાશ્રીજી	,, રુક્ષ્મણીબેન કલ્યાણચંદ	,, કલ્યાણચંદ નગીનચંદ ગોપીપુરા	૪૨	૧૯૯૦	આ. સાગરાનંદસૂરીશ્વરજી

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આજ્ઞાવર્તી
૧૩	,, મનોરમાશ્રીજી	,, મગનબેન ગણુભાઈ ભણુશાલી	,, ગણુભાઈ દીપચંદ ભણુશાલી	૫૦	૧૯૯૨	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૧૪	,, જયપ્રભાશ્રીજી	,, જસવંતીબેન જીવણુચંદ	,, જીવણુચંદ નવલચંદ ગો. ઝવેરીબજાર	૨૦	૧૯૯૬	આ. નીતિસૂરીશ્વરજી
૧૫	,, દીનેન્દ્રશ્રીજી	,, વીજકોરબેન છગનભાઈ	,, છગનભાઈ મંછુભાઈ ગો. મોટી પોળ	૩૫	૧૯૯૬	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૧૬	,, સૂર્યપ્રભાશ્રીજી	,, મંજુલાબેન હીરાચંદ	,, હીરાચંદ અમીચંદ ગો. કાયચ મહેલ્લો	૧૮	૧૯૯૯	,, ,,
૧૭	શ્રી જ્યેષ્ઠાશ્રીજી	શ્રી જયા રૂપચંદ	શ્રી રૂપચંદ ફકીરચંદ ગો. માળી ફળિયા	૧૮	૨૦૦૪	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૧૮	,, પ્રશમશ્રીજી	,, પદ્માવતી ઝવેરચંદ	,, ઝવેરચંદ પ્રેમચંદ ગોપીપુરા	૩૦	૨૦૦૪	,, ,,
૧૯	,, નિર્વેદશ્રીજી	,, નવલખી લલ્લુભાઈ	,, લલ્લુભાઈ ઘેલાભાઈ ગો. જૂની અદાલત	૧૮	૨૦૦૪	,, ,,
૨૦	,, સુલક્ષણાશ્રીજી	,, શારદાબેન રૂપચંદ	,, રૂપચંદ અભેચંદ ગો. માળી ફળિયાં	૧૫	૨૦૦૫	,, ,,
૨૧	,, મનોગુપ્તાશ્રીજી	,, મંજુલાબેન નવલચંદ	,, નવલચંદ ખીમચંદ ગો. જૂની અદાલત	૨૦	૨૦૦૫	,, ,,
૨૨	,, શુભોદયાશ્રીજી	,, જયા જીવણુચંદ	,, જીવણુચંદ દયાચંદમલજી ગો. મેઇનરોડ	૧૬	૨૦૦૫	,, ,,
૨૩	,, મયણાશ્રીજી	,, મીનાક્ષી જીવણુચંદ	,, ,, ,,	૧૪	૨૦૦૫	,, ,,
૨૪	,, કારુણ્યશ્રીજી	,, ચંદ્રાવતીબેન	,, ભગુભાઈ દીપચંદ ગો. ભૂતિયાવાસ	૪૦	૨૦૦૫	,, ,,
૨૫	,, પ્રભાશ્રીજી	,, પ્રભાવતીબેન ભગુભાઈ	,, ,, ,,	૨૫	૨૦૦૫	,, ,,
૨૬	,, મૃદુલાશ્રીજી	,, મંજુલાબેન નાનાભાઈ	,, નાનાભાઈ હીરાચંદ ગો. ગેટ સામે	૧૯	૨૦૦૬	,, ,,
૨૭	,, ઇંદ્રપ્રભાશ્રીજી	,, ઈંદીરાબેન ફકીરચંદ	,, ફકીરચંદ પ્રતાપચંદ ગો. ઓસવાલ મહેલ્લો	૧૮	૨૦૦૭	,, ,,
૨૮	,, વીરભદ્રાશ્રીજી	,, વીરમતીબેન જીવણુચંદ	,, હીરાભાઈ મંછુભાઈ ગો. મોટીપોળ	૨૦	૨૦૧૧	,, ,,
૨૯	,, સગુણાશ્રીજી	,, શાન્તાબેન નેમચંદ	,, મોતીચંદ ગુલાબચંદ ગો. કાજીમેદાન	૪૦	૨૦૧૧	,, ,,

—: શ્રી વીશાશ્રીમાળી (સુરતી) જ્ઞાતિ :—સાધુસંખ્યા

અનુક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા વેળા ઉંમર	દીક્ષા સંવત	સમયના મુખ્ય આચાર્ય
૧	શ્રી પ્રતાપમુનિજી				૧૯૮૫ પહેલાં	
૨	" કીર્તિવિજયજી	" કસ્તુરચંદ ડાહ્યાભાઈ	" હેમચંદ નેમચંદ	૧૨	૧૯૮૭	આ. વિજયલબ્ધિ-સૂરીશ્વરજી
૩	" ધર્મવિજયજી	" ડાહ્યાભાઈ હેમચંદ	" " "	૫૨	૧૯૮૯	" "
૪	" સુદીપવિજયજી	" ફકીરચંદ મગનભાઈ	" મગનભાઈ પરશોત્તમદાસ	૨૦	૧૯૯૮	" "
૫	" મહાબલવિજયજી	" ચુનીલાલ સોમનાથ	" ભીખચંદ ઉત્તમચંદ ઝવેરી	૧૬	૨૦૦૦	આ. વિજ્ઞાનસૂરી-શ્વરજી
૬	" શુભંકરવિજયજી	" નવીનચંદ ભાયચંદભાઈ	" હેમચંદ નેમચંદ	૨૦	૨૦૦૧	આ. વિજયલબ્ધિ-સૂરીશ્વરજી
૭	" નંદીવર્ધન સાગરજી	" નગીનચંદ માણેકચંદ	" માનચંદ ઝવેરચંદ ઝવેરી	૨૦	૨૦૦૩	આ. માણેકસાગર-સૂરીશ્વરજી
૮	" અભયચંદ્ર વિજયજી	" અમરચંદ મગનભાઈ	" ખૂબચંદ ઉત્તમચંદ ઝવેરી	૨૫	૨૦૦૩	આ. વિજ્ઞાનસૂરી-શ્વરજી
૯	" ધર્મનંદવિજયજી	" ફતેચંદ મગનલાલ	" હીરાચંદ મુળચંદ	૨૧	૨૦૦૩	આ. પ્રેમસૂરીશ્વરજી
૧૦	" જયશેખર વિજયજી	" જયંતીલાલ સોમાભાઈ	" "	૨૦	૨૦૦૩	" "
૧૧	" નાગદત્તવિજયજી	" જ્યોતીલાલ ચંપકભાઈ	" નવલચંદ દીપચંદ	૧૬	૨૦૦૮	" "
૧૨	" પ્રેમચંદ વિજયજી	" સોમનભાઈ ભીખચંદ	" ભીખચંદ ઉત્તમચંદ ઝવેરી	૧૮	૨૦૧૪	આ. વિજ્ઞાનસૂરી-શ્વરજી

—: શ્રી વીશાશ્રીમાળી (સુરતી) જ્ઞાતિ સાધ્વી-સંખ્યા :—

૧	પૂ. મણીશ્રીજી				૧૯૮૫ પહેલાં	
૨	પૂ. સુનંદાશ્રીજી	શ્રી સુરજબેન ઝવેરચંદ	શ્રી નવીનભાઈ પરશોત્તમભાઈ	૧૭	૧૯૮૫	આ. વિજયલબ્ધિ સૂરીશ્વરજી
૩	" અંજનાશ્રીજી	" મંગળાબેન ડાહ્યાભાઈ	" ડાહ્યાભાઈ નાનચંદ	૪૫	૧૯૮૫	" "
૪	" દમશ્રીજી	" સુભદ્રાબેન રૂપચંદ	" ખેમચંદ દલસુખચંદ જરીવાળા	૪૦	૧૯૮૬	આ. સાગરાનંદ સૂરીશ્વરજી
૫	" સુમિત્રાશ્રીજી	" રતનબેન હેમચંદ	" મૂળચંદ ભાઈચંદ	૪૫	૧૯૮૮	" "
૬	" ઉમંગશ્રીજી	" વિલાસબેન નેમચંદભાઈ	" હેમચંદ નેમચંદ	૨૪	૧૯૮૯	આ. વિજયલબ્ધિ સૂરીશ્વરજી

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આજ્ઞાવર્તી
૭	શ્રી ત્રૈલોક્ય પ્રભાશ્રીજી	,, ચંદ્રાવતીબેન ઝવેરચંદ	,, ઝવેરભાઈ અમીચંદ	૩૫	૧૯૯૬	આ. સાગરાનંદ સૂરીશ્વરજી
૮	,, સદ્‌ગુણાશ્રીજી	,, સુભદ્રાબેન છોટુભાઇ	,, હીરાચંદ મલુકચંદ	૨૦	૨૦૦૦	,, ,,
૯	,, ધ્વજપ્રભાશ્રીજી	,, લીલાવંતીબેન મોતીચંદ	,, દયાચંદ પાનાચંદ	૪૬	૨૦૦૨	આ. વિજયલબ્ધિ-સૂરીશ્વરજી
૧૦	,, આત્મપ્રભાશ્રીજી	,, નિર્મલાબેન ચુનીલાલ	,, ચુનીલાલ વીરચંદ	૨૦	૨૦૦૪	,, ,,
૧૧	,, દિવ્યપ્રભાશ્રીજી	,, કાન્તાબેન ચુનીલાલ	,, ચુનીલાલ વીરચંદ	૧૮	૨૦૦૪	,, ,,
૧૨	,, હર્ષપ્રભાશ્રીજી	,, જશવંતી ચંપકલાલ	,, નવલચંદ દીપચંદ	૧૮	૨૦૦૫	,, ,,
૧૩	,, નક્ષાશ્રીજી	,, પુષ્પાબેન હીરાભાઈ	,, હીરાભાઈ ઘેલાભાઈ	૨૦	૨૦૦૫	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૧૪	,, કારણશ્રીજી	,, કુસુમબેન બબુભાઈ	,, મગનલાલ દેવચંદ	૨૦	૨૦૦૫	
૧૫	શ્રી પ્રિયંકરાશ્રીજી	શ્રી કુસુમબેન સુંદરલાલ	શ્રી ઉત્તમચંદ ડાહ્યાભાઈ	૨૭	૨૦૦૭	આ. સાગરાનંદ-સૂરીશ્વરજી
૧૬	,, જિનેન્દ્રશ્રીજી	,, કાન્તાબેન બાપુભાઈ	,, ઉત્તમચંદ રૂપચંદ	૧૮	૨૦૦૮	આ. લબ્ધિસૂરી-શ્વરજી
૧૭	,, નયાનંદશ્રીજી	,, રમીલાબેન ચીમનલાલ	,, હીરાચંદ મલુકચંદ	૨૦	૨૦૦૭	આ. સિદ્ધીસૂરી-શ્વરજી
૧૮	,, જયાનંદશ્રીજી	,, જયવંતીબેન ચીમનલાલ	,, ,, ,,	૧૨	૨૦૦૭	,, ,,
૧૯	,, મધુરકલાશ્રીજી	,, કાન્તાબેન છોટુભાઈ	,, ,, ,,	૧૮	૨૦૦૯	,, ,,
૨૦	,, મહાનંદશ્રીજી	,, મોતીકોરબેન ચીમનભાઈ	,, ,, ,,	૫૨	૨૦૧૦	,, ,,
૨૧	,, કીર્તિસેવાશ્રીજી	,, કોકિલાબેન ચીમનભાઈ	,, ,, ,,	૧૮	૨૦૧૦	,, ,,
૨૨	,, જયસેવાશ્રીજી	,, જયાબેન ચીમનભાઈ	,, ,, ,,	૧૬	૨૦૧૦	,, ,,
૨૩	,, પ્રજ્ઞાતાશ્રીજી	,, પ્રમીલાબેન ખીમચંદ	,, ખીમચંદ ચુનીલાલ	૧૯	૨૦૧૧	આ. સાગરાનંદ-સૂરીશ્વરજી

—: શ્રી વીશાપોરવાડ (સુરતી-ગોપીપુરા) સાધુ-સંખ્યા :—

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આચાર્ય
૧	પં. જિનસાગરજી	શ્રી જવેરચંદ નાથચંદ	શ્રી નાથચંદ પ્રેમચંદ બંગડીવાળા ગોપીપુરા	૪૫	૧૯૮૩	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૨	શ્રી હર્ષવિજયજી	„ હીરાભાઈ સાકરચંદ	„ સાકરચંદ ધરમચંદ બંગડીવાળા	૨૮	૧૯૮૭	આ. પ્રેમસૂરીશ્વરજી
૩	„ નેમવિજયજી	„ નેમચંદ ડાહ્યાભાઈ	„ ડાહ્યાભાઈ શિવચંદ	૧૯	૧૯૮૯	આ. લબ્ધિસૂરીશ્વરજી
૪	„ જ્ઞાનંદવિજયજી	„ ફુલચંદ રમણલાલ	„ રમણલાલ છોટાલાલ સુતરિયા	૧૮	૨૦૦૦	આ. પ્રેમસૂરીશ્વરજી
૫	„ ગુણપાળવિજયજી	„ કેશરીચંદ ચંપકલાલ	„ ચંપકલાલ જવેરચંદ	૨૧	૨૦૦૮	„ „

—: સાધ્વી-સમુદાય :—

અનુ-ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આચાર્ય
૧	શ્રી હરખશ્રીજી	„ હેમકોરબેન દેવચંદ	„ દેવચંદ ખીમચંદ	૨૮	૧૯૫૦ પહેલાં	
૨	„ તિલકશ્રીજી	„ રતનબેન ધરમચંદ	„ ધરમચંદ મોહનચંદ બંગડીવાળા	૩૪	૧૯૫૦ પહેલાં	
૩	„ તારાશ્રીજી	„ કમલાબેન નાથુભાઈ	„ નાથુભાઈ દેવચંદ	૧૬	૧૯૬૦	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૪	„ ઉત્તમશ્રીજી	„ વીજકોરબેન રતનચંદ	„ રતનચંદ ફુલચંદ બંગડીવાળા	૨૯	૧૯૬૨	
૫	„ લલીતાશ્રીજી	„ લાડુબેન સાકરચંદ	„ સાકરચંદ ધોળીદાસ		૧૯૮૦ પહેલાં	આ. લબ્ધિસૂરીશ્વરજી
૬	„ ગજેન્દ્રશ્રીજી	„ રમણબેન છોટુભાઈ	„ છોટુભાઈ મંછુભાઈ	૪૦	૧૯૯૬	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૭	„ ચંદ્રપ્રભાશ્રીજી	„ કુસુમબેન ચંપકલાલ	„ ચંપકલાલ જવેરચંદ	૨૧	૨૦૦૬	„ „
૮	„ હીરચંદ્રાશ્રીજી	„ દમયંતી મોહનલાલ	„ મોહનલાલ ઘેલાભાઈ	૨૪	૨૦૦૬	„ „
૯	„ દક્ષાશ્રીજી	„ નંદના મોહનલાલ	„ મગનલાલ દીપચંદ સુપડિયા	૧૯	૨૦૦૭	„ „
૧૦	„ જયપૂર્ણાશ્રીજી	„ કુસુમબેન મોહનલાલ	„ „ „ „	૪૦	૨૦૧૨	„ „
૧૧	„ જિનપૂર્ણાશ્રીજી	„ ભાનુમતી સરૂપચંદ	„ સરૂપચંદ દીપચંદ	૨૨	૨૦૧૩	„ „

શ્રી વીશાશ્રીમાલી (તલપદા) સાધુસંખ્યા

અનુક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષ નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડા મુખ્ય આજ્ઞાવર્તી
૧	શ્રી મોહનવિજયજી	શ્રી મોતીલાલ ભાઈદાસ	શ્રી ભાઈદાસ વડાચૌટા		૧૯૮૦ પહેલાં	
૨	,, સુરેન્દ્રસાગરજી	,, બાબુભાઈ માણેકચંદ	,, માણેકચંદ મેલાપચંદ દીવાન વડાચૌટા	૩૪	૧૯૮૮	આ. શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજી
૩	,, ધરણેન્દ્રસાગરજી	,, ધીરજલાલ હેરખચંદ	,, હરખચંદ તારાચંદ વડાચૌટા	૪૫	૨૦૦૩	,,
૪	,, સદ્‌ગુણાનંદવિજયજી	,, ગુલાબચંદ વજેચંદ	,, વજેચંદ તારાચંદ	૫૫	૨૦૧૦	આ. શ્રી. પ્રતાપસૂરીશ્વરજી

—: સાધ્વીસમુદાય :—

અનુક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષ નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડા મુખ્ય આજ્ઞાવર્તી
૧	શ્રી મણીશ્રીજી	શ્રી ફીકીબેન હેમચંદ	શ્રી હેમચંદ શિવચંદ વડાચૌટા		૧૯૫૮	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૨	,, નિધાનશ્રીજી	,, માણેકબેન ડાહ્યાભાઈ	,, ડાહ્યાભાઈ શિવચંદ વડાચૌટા		૧૯૬૩	,,
૩	,, કમળશ્રીજી		,, મગનલાલ શંકરલાલ વડાચૌટા		૧૯૮૦ પહેલાં	આ. કમલસૂરીશ્વરજી (બારડોલીવાળા)
૪	,, વીજકોરશ્રીજી		,, મેલાપભાઈ બજાજભાઈ		,,	
૫	,, કુમુદશ્રીજી	,, કંચનગૌરી બાપુભાઈ	,, માણેકચંદ મેળાપચંદ દીવાન	૩૦	૧૯૮૮	આ. ધર્મસૂરીશ્વરજી ડહેલાવાળા
૬	,, રત્નપ્રભાશ્રીજી	,, રમણબેન ખૂબચંદ	,, ખૂબચંદ ધરમચંદ	૨૦	૨૦૦૩	આ. કમલસુરીશ્વરજી
૭	,, રાજેન્દ્રશ્રીજી	,, રમણબેન પ્રેમચંદ	,, પ્રેમચંદ સાકરચંદ વડાચૌટા	૨૨	૨૦૦૩	આ. શ્રી કમળસૂરીશ્વરજી બારડોલીવાળા
૮	,, જિનેંદ્રશ્રીજી	,, તારાબેન નેમચંદ	,, નેમચંદ નવલચંદ	૩૦	૨૦૦૩	,,
૯	,, નિરંજનાશ્રીજી	,, નિર્મળાબેન નેમચંદ	,, નેમચંદ ધરમચંદ	૨૨	૨૦૦૫	,,
૧૦	,, જિતેન્દ્રશ્રીજી	,, શર્મીષ્ઠા પ્રેમચંદ	,, પ્રેમચંદ સવાઈચંદ	૧૨	૨૦૦૬	આ. લબ્ધીસૂરીશ્વરજી
૧૧	,, ચંદ્રપ્રભાશ્રીજી	,, ચંદ્રકળા ગુલાબચંદ	,, ગુલાબચંદ વજેચંદ	૯	૨૦૦૫	આ. નેમિસૂરીશ્વરજી
૧૨	,, કનકપ્રભાશ્રીજી	,, કાન્તાબેન ગુલાબચંદ	,, ,, ,,	૧૪	૨૦૦૭	,,

અનુ ક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સમુદાયના મુખ્ય આચાર્ય
૧૩	,, શુભંકરાશ્રીજી	,, સુલોચના પ્રેમચંદ	શ્રી પ્રેમચંદ સવાઈચંદ	૧૩	૨૦૦૮	આ. લબ્ધિસૂરીશ્વરજી
૧૪	,, જયપ્રજ્ઞાશ્રીજી	,, વીણાબેન બાબુભાઈ	,, બાબુભાઈ ઉત્તમચંદ	૧૬	૨૦૧૧	આ. વલ્લભસૂરીશ્વરજી
૧૫	,, વિનયધર્મશ્રીજી	,, વાસંતી પ્રેમચંદ	,, પ્રેમચંદ નાનાભાઈ	૧૯	૨૦૧૨	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૧૬	,, પ્રિયધર્મશ્રીજી	,, પ્રેમલતા પ્રેમચંદ	,, પ્રેમચંદ નાનાભાઈ	૧૭	૨૦૧૨	,,

—: શ્રી દશાઓસવાલ નાણાવટી (મુન્શી) જ્ઞાતિ સાધુસંખ્યા :—

૧	પં. નીતિવિજયજી		શ્રી નારણદાસ મહેતાજી		૧૯૧૩	શ્રી મણિવિજયજી મ.જીના શિ.
૨	શ્રી સિદ્ધિવિજયજી મુન્શી	,, મગનભાઈ નાગરચંદ	,, નાગરચંદ ખુશાલદાસ	૪૦	૧૯૫૦ પહેલાં	
૩	,, મોતીસાગરજી	,, નથુભાઈ ડાહ્યાભાઈ	,, ડાહ્યાભાઈ		,,	
૪	,, ચન્દ્રવિજયજી	,, ચંદુલાલ નહાલચંદ	,, નહાલચંદ નેમચંદ નગોરી	૨૫	૧૯૮૪	આ. પ્રેમસૂરીશ્વરજી
૫	,, પૂર્ણાનંદવિજયજી	,, જગદીશ હીરાભાઈ	,, હીરાભાઈ છગનલાલ	૨૫	૨૦૦૪	શ્રી પૂર્ણાનંદવિજયજી

—: સાધ્વીસમુદાય :—

૧	,, ઉત્તમશ્રીજી	,, ઉજમબેન અમરચંદ	,, અમરચંદ વખતચંદ		૧૯૫૦ પહેલાં	
૨	,, ચતુરશ્રીજી	,, નવલબેન તુલસીદાસ	,, તુલસીદાસ મેતીચંદ		,,	
૩	,, ક્ષેમશ્રીજી	,, મણિબેન મગનભાઈ	,, નાગરચંદ ખુશાલદાસ	૩૮	,,	
૪	,, સુભદ્રાશ્રીજી	,, તેજકોરબેન હીરાભાઈ	,, હીરાભાઈ કલ્યાણચંદ	૨૩	૧૯૫૭	
૫	,, મગનશ્રીજી	,, મંગળાબેન નવલચંદ	,, ઘેલાભાઈ અમરચંદ ટોપીવાળા	૨૫	૧૯૭૯	

—: શ્રી લાડવા શ્રીમાળી (હરિપુરા) જ્ઞાતિ સાધુસંખ્યા :—

૧	શ્રી શાંતિપ્રભવિજયજી	શ્રી ગુલાબચંદ નાથુભાઈ	શ્રી નાથુભાઈ	૬૫	૧૯૯૭	આ. દર્શનસૂરીશ્વરજી
			સાધ્વીસમુદાય			
૧	શ્રી પ્રમોદશ્રીજી	શ્રી ચંદનબેન વજેચંદ	શ્રી વજેચંદ લાલચંદ	૭૧	૧૯૭૭	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૨	,, તરુણપ્રભાશ્રીજી	,, ચમનબેન નાનચંદ	,, નાનચંદ હીરાભાઈ	૩૮	૨૦૦૨	આ. કેશરસૂરીશ્વરજી
૩	,, સુલસાશ્રીજી	,, સવીતાબેન તારાચંદ	,, તારાચંદ હીરાભાઈ	૬૦	૨૦૦૪	,,
૪	,, મનોહરશ્રીજી	,, મધુબેન હઠીસંગભાઈ	,, હઠીસંગદાસ નગીનદાસ કણિયા	૩૦	૨૦૦૪	શ્રી ભક્તિસૂરીશ્વરજી

શ્રી દશાશ્રીમાળી–છાપરિયા શેરી (અમદાવાદી) સાધુસંખ્યા

અનુક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનાર નામનું	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આજ્ઞાવર્તી
૧	શ્રી વિશાલવિજયજી	શ્રી ફીકાભાઈ ચીમનલાલ	શ્રી ચીમનલાલ ધરમચંદ	૫૦	૨૦૦૬	આ. નીતિસૂરીશ્વરજી
૨	,, સદાનંદવિજયજી	,, હીરાલાલ કાળિદાસ	,, કાળિદાસ રતનચંદ	૫૦	૨૦૦૭	આ. પ્રેમસૂરીશ્વરજી
૩	,, હીરણ્યપ્રભવિજયજી	,, ભુપેન્દ્રકુમાર બાપુજી	,, બાપુભાઈ પરસોતમદાસ	૧૯	૨૦૦૩	,,
૪	,, નંદીઘોષસાગરજી	,, નટવરલાલ હરકીશનદાસ	,, હરકીશનદાસ કલાણદાસ	૨૯	૨૦૦૮	આ. સાગરાનંદ સૂરીશ્વરજી

—: સાધ્વીસંખ્યા :—

૧	શ્રી કલ્યાણશ્રીજી	શ્રી કાન્તાબેન ઠાકોરદાસ	શ્રી ઠાકોરદાસ જેચંદભાઈ	૩૦	૧૯૬૪	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૨	,, સ્થાનકવાસીમાં દીક્ષા લીધી છે.	,, પાર્વતીબેન સાંકરચંદ	,, સાંકરચંદ ઝવેરચંદ	૩૫	૧૯૯૪	
૩	,, મહીમાશ્રીજી	,, મોંઘીબેન છોટાલાલ	,, છોટાલાલ ચુનીલાલ	૫૫	૧૯૯૯	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૪	,, પ્રિયલતાશ્રીજી	,, વીરમતી બાબુભાઈ	,, બાબુભાઈ કલાણચંદ	૧૯	૨૦૦૧	,,
૫	,, હેમપ્રભાશ્રીજી	,, ઈંદીરાબેન પ્રેમચંદ	,, પ્રેમચંદ કસ્તુરચંદ	૧૮	૨૦૦૨	,,
૬	,, મૃગેંદ્રશ્રીજી	,, વિમળાબેન રતિલાલ	,, રતિલાલ કસ્તુરચંદ	૫૦	૨૦૦૪	આ. નંતિસૂરીશ્વરજી
૭	,, ત્રૈલોકયપ્રભાશ્રીજી	,, નયનબાળા મણીલાલ	,, મણીલાલ મગનલાલ	૨૦	૨૦૦૮	આ. સિદ્ધિસૂરીશ્વરજી

—: શ્રી દશાશ્રીમાળી (વોરાશાત) સાધ્વીસંખ્યા :—

૧	શ્રી હેમશ્રીજી	શ્રી કમળાબેન કલાણચંદ	શ્રી કલાણચંદ નારણભાઈ	૪૦	૧૯૫૨	શ્રી મોહનલાલજી મહારાજ
૨	,, સુજ્ઞાતાશ્રીજી	,, સુશીલાબેન સુરચંદ	,, સુરચંદ હીરાચંદ	૨૫	૨૦૧૧	આ. સાગરાનંદસૂરીશ્વરજી
૩	,, ચંદ્રપૂર્ણાશ્રીજી	,, જયા છગ્ગુભાઈ	,, છગ્ગુભાઈ નેમચંદ	૨૦	૨૦૧૪	આ. સિદ્ધિસૂરીશ્વરજી

:— શ્રી દશાશ્રીમાળી (ઈડરિયા) સાધ્વીસંખ્યા :—

૧	શ્રી સૌભાગ્યશ્રીજી	શ્રી શિવકોરબેન રૂપચંદ	શ્રી રૂપચંદ પાનાચંદ	૧૨	૧૯૬૦	શ્રી મોહનલાલજી
૨	,, લલીતાશ્રીજી	,, કમલાબેન જેચંદભાઈ	,, જેચંદભાઈ ઝવેરચંદ	૩૦	૧૯૮૧	,,

—: શ્રી વીશાશ્રીમાળી (ગોહીલવાડી) જ્ઞાતિ સાધુસંખ્યા :—

અનુક્રમ	દીક્ષાનું નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉંમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય આજ્ઞાવર્તી
૧	શ્રીદેવસાગરજી	શ્રી દેવચંદભાઈ પરષોત્તમદાસ	શ્રી પરષોત્તમદાસ દોશી ગોપીપુરા	૫૧	૧૯૮૧	આ. સાગરચંદ્રસૂરિજી
૨	આ. શ્રી હેમસાગરજી	,, હીરાચંદ દેવચંદ	,, દેવચંદ પરષોત્તમદાસ		૧૯૮૪	,, ,,
૩	શ્રી અમરચંદ્રસાગરજી	,, અમરચંદ દેવચંદ	,, ,, ,,		૧૯૮૪	,, ,,
૪	,, અભિનંદનસાગરજી	,, લખમીચંદ બેચરદાસ	,, બેચરદાસ માણેકચંદ	૪૬	૨૦૦૭	,, ,,

—: સાધ્વીસમુદાય :—

૧	,, ધર્મપ્રભાશ્રીજી	,, ઉર્મીલા ભાવચંદ	,, ભાવચંદ ઝવેરચંદ વડાચૌટા	૧૯	૨૦૧૪	આ. મોહનસૂરિજી

—: શ્રી દશાશ્રીમાળી (ઝાલાવાડી) સાધુસંખ્યા :—

૧	,, સિદ્ધિચંદ્રવિજયજી	,, ગોવીંદજી કસ્તુરચંદ	,, કસ્તુરચંદ રતનશી ગોપીપુરા	૫૦	૨૦૦૭	આ. વિજ્ઞાનસૂરિજી

—: શ્રી વીશાપોરવાડ (મારવાડી) જ્ઞાતિ સાધ્વીસંખ્યા :—

અનુક્રમ	દીક્ષા નામ	દીક્ષા લેનારનું નામ	કુટુંબના મુખ્ય પુરુષનું નામ	દીક્ષા ઉમર	દીક્ષા સંવત	સંઘાડાના મુખ્ય પુરુષનું નામ
૧	શ્રી રંજનશ્રીજી	,, મનબેન રણછોડજી	,, રણછોડભાઈ દેવાજી સગરામપુરા	૫૦	૧૯૭૮	આ. કમળવિજયજી
૨	,, દર્શનશ્રીજી	,, ડાહીબેન જીવણભાઈ	,, જીવણભાઈ દેવાજી સગરામપુરા	૫૦	૧૯૮૫	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૩	,, રમણીકશ્રીજી	,, રૂખમણીબેન	,, દાલાભાઈ ચનાજી સગરામપુરા	૩૫	૧૯૯૭	શ્રી મોહનલાલજી મહારાજ
૪	,, કનકપ્રભાશ્રીજી	,, કમળાબેન	,, રણછોડ ગુલાબચંદ	૩૫	૨૦૦૦	પહેલાં
૫	,, ગુણશ્રીજી	,, ગુલાબબેન	,, પીરચંદ રામજી નવાપુરા	૫૦	૧૯૮૫	,, મોહનલાલજી મહારાજ
૬		,, ગજરાબેન	,, છગનલાલ ફકીરચંદ સગરામપુરા	૪૨	૧૯૯૭	
૭	શ્રી વિનોદશ્રીજી	,, સુરજબેન નાનચંદ	,, નાનચંદ પ્રેમચંદ		૧૯૯૫	
૮	,, જયંતશ્રીજી	,, જડાવબેન	,, છગનલાલ ઝવેરચંદ નવાપુરા	૫૫	૧૯૯૫	આ. સિદ્ધિસૂરીશ્વરજી
૯	,, કનકપ્રભાશ્રીજી	,, કુંવરબેન પાનાજી	,, પાનાજી સગરામપુરા		૨૦૦૦	

અજિત–શાંતિ–સ્તવ–વાચના
ઉર્ફે રચનાની શૈલી



★ લેખક : શાહ ગોરધનભાઈ વીરચંદ : મુંબઈ ★

મુંબઈ–ગુજરાતી સાહિત્ય–પરિષદની એક બેઠક વખતે પ્રો. બર્વેએ ' શાર્દુલ વિક્રિડિત ' છંદને કલ્યાણ રાગમાં ગાયો. શ્રી નરસિંહરાવ દીવેટિયાએ પાસે બેઠેલા એક એમ. એ. થયેલા વિદ્વાનને પૂછયું: ' આ કયો રાગ ગાયો ? ' ઉત્તર મળ્યો: ' શાર્દુલ વિક્રિડિત ! ' આમાં કેવી ગેરસમજ હતી તેનું નિરાકરણ શ્રી દીવેટિયા કરે છે.

આવી જ જાતની ગેરસમજ આપણી પ્રતિક્રમણ–ક્રિયા અંગેના સૂત્રોમાં ચાલતી આવી છે. એ સૂત્રોમાંના ગદ્યપદ્ય વિભાગનાંના કોઈ અંશની આપણને સાચી માહિતી નથી, તેમ તે માટે કોઈ જાગૃતિ નથી. એટલે શબ્દોને ગમે તેમ ગોખી, ફાવે તેમ ઉચ્ચારીએ છીએ. ગદ્યને પદનું રૂપ આપી અને પદ્યને ગદ્યનું યા રાગનું રૂપ આપી ઉચ્ચાર–બંધારણના સુશ્લિષ્ટ નિયમનો ભંગ કરી આપણે કોઈ મહાસિદ્ધિ પ્રાપ્ત કરવાનો ગર્વ અનુભવીએ છીએ. પણ તજ્જન્ય શાસ્ત્રોનો અભ્યાસ જો આપણે કરીએ તો પોતાની વાસ્તવિકતાની પ્રતીતિ આપ મેળે થઈ જાય અને ગર્વ ઓગળી જાય!

અમેળ રચના એ ગદ્ય અને મેળબદ્ધ રચના એ પદ્ય; આ વ્યાખ્યા છંદશાસ્ત્રના અસાધારણ વિદ્વાન સ્વ. શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે એલ્ફિન્સ્ટન કૉલેજમાંની ઠક્કર વ્યાખ્યાનમાળાના આશ્રયે આપેલાં " પદ્ય રચનાની ઐતિહાસિક સમાલોચના " નામનાં વ્યાખ્યાનો જે પુસ્તકાકારે છપાયાં છે, તેમાં કરી છે. અને ગદ્ય લાગતી પંક્તિઓ અસલમાં કેવી પદ્ય રૂપે છે, તે પણ આ પીઢ પંડિતે દાખલા દલીલોથી સમજાવ્યું છે.

પદ્યનો ઉપયોગ, વિષયને સંક્ષિપ્તમાં ઘટાવવા તથા તેમાંના યમકાદિ કારણોને લઈ મૂખપાઠ કરવામાં સુગમતા હોવાથી દરેક જાતના લખાણો માટે તેના લેખકો કરતા આવ્યા છે. પણ કાવ્યરચના માટે—તેમાં કાવ્યત્વના ગુણો લાવવા માટે—પદ્યનો જ આશ્રય મુખ્ય છે. આમ છતાં ગદ્યને પણ કોઈ કોઈ વખત પસંદગી મળે છે. અને તેનો દાખલો બાણભટ્ટની કાદંબરી જાણીતો છે. અને સંગીતને પણ આ સ્થાન માફક છે. જયદેવ કવિનું ગીત–ગોવીંદ એ પંક્તિનું કાવ્ય છે. અને જેનું રસપાન શ્રી કેશવલાલ ધ્રુવ જેવા રસજ્ઞ કવિએ એ કૃતિને ગૂજરાતીમાં અનુવાદિત કરી કરાવ્યું છે.

अजित–शांति–स्तव એ એક પદ્ય કાવ્ય કૃતિ હોઈ તે વિવિધ છંદોમાં વિભક્ત થયેલી છે. કર્તાએ સ્તવમાં છંદનાં નામો આપેલાં છે. પણ પઠનપાઠન કરવાવાળા અને બોલનારાઓ આ વસ્તુસ્થિતિ ન સમજતાં અજ્ઞાન તથા અવગણનાથી આ પદ્યોને મનસ્વીપણે તે તે પદ્યોનાં નામોને તેમાં ભેળવીને–ઉચ્ચારી ગાહા, સિલોગો, વેઢ્ઢઓ, રયણમાલા વગેરે વગેરે અનેક છંદોના ભંડાર રૂપ તેની સમૃદ્ધિનો, તેમાંના અર્થનો, શબ્દ માધુર્યનો, પદલાલિત્યનો, રસપ્રવાહનો અને રમણીય રૂપનો નાશ કરે છે ત્યારે સમજદારના હૃદયને આઘાત થયા સિવાય રહેતો નથી.

શબ્દોના લઘુ, ગુરુ ઉચ્ચાર પૂર્વક નિયત યતિ (વિશ્રામ) સ્થાનવાળી રચના તે છંદ અને सा, रि, ग, म, प, घ, नि આ સાત સ્વરોને લંબાવવા ટૂંકાવવાથી બનતી રચના તે રાગ: આ રીતે આ બે વચ્ચેનો ભેદ નહિ સમજવાનું આ પરિણામ છે.

છંદોના ઉચ્ચારણ વખતે છંદનું નામ બોલવામાં આવે તો જો તે અક્ષર-મેળ છંદ હોય તો અક્ષરો વધે છે અને માત્રા-મેળ હોય તો માત્રાઓ વધે છે. આથી છંદોભંગ થાય છે, ખોટે સ્થાને યતિ પડે છે, અર્થમાં વિક્ષેપ કરે છે, રસક્ષતિના પ્રસંગો વારંવાર આડા આવી ઊભા રહે છે અને ઉચ્ચાર-શુદ્ધિ જે આનું મૂળ છે, તે સચવાતું નથી. આ દોષપરંપરાઓ સામાન્ય જન તો શું પણ જેઓ વિદ્વાનો તેમના લક્ષ ઉપર લાવવા છતાં તેઓના લક્ષમાં આવતી નથી.

આની પ્રતીતિ એ રીતે થઈ કે, આ વાત મેં એક મુગ્ધ મુનિથી આગળ પ્રસંગવશાત્ મૂકી. તેઓનો અભિપ્રાય થયો કે આચાર્યથી આદેશ થવો જોઈએ. આ ઉપરથી મેં સારા આગમાદિ શાસ્ત્રોના પંડિત અને સરળ પ્રકૃતિના તે વખતના ઉપાધ્યાયશ્રીને જિજ્ઞાસા ભાવે આ વિષે પૂછ્યું. શાંતિથી સાંભળી તેમણે ઉત્તર આપ્યો કે, 'અજિત-શાંતિ-સ્તવ એ મંત્રમય રચના છે. એટલે આ નામો મંત્રમય કેમ ના હોય!' એક બહુશ્રુત અગ્રગણ્ય આચાર્ય આગળ આ વાત કાઢી તો તેમનું કહેવું થયું કે, 'જે રૂઢ થયું છે તે યથાવત્ જ રહેવું જોઈએ.' એટલે મે કહ્યું કે, 'જે તે સ્થિતિમાં પડી રહેવું તે જડતા છે, તો તમો નાક, કાન કાપી બીજે ચોંટાડો તે સુધારો ના કહેવાય?' કેટલાકોએ જેઓ તેમાં પારંગત છે, તેઓએ જે તે બરાબર છે એમ ભારપૂર્વક કહ્યું. એક આચાર્ય છંદ એ રાગ જ છે બીજું શું છે! એમ એક પાસે બેઠેલા ભાઈ સામું જોઈ બોલ્યા. તે ભાઈ મારા સામુ જોઈ હસવા લાગ્યા!

સ્વતંત્ર વિચાર કરી વસ્તુના યથાર્થ સ્વરૂપને તારવનાર વિદ્વાનો આ ઉપર શો પ્રકાશ પાડે છે તે જાણવાના હેતુથી જાણીતા પુરાતત્ત્વના વિદ્વાન આગળ આ વાત કાઢી, તો કહે, જે રૂઢી છે તે છે. આ વાતનું કાંઈ મહત્ત્વ નથી. છંદો, તેની માત્રાઓ, રાગો એ બધો ગણતરીનો વિષય છે, ગણિતાનુયોગ છે. આ સામે કહેવાનું કે સ્વ. શ્રી કેશવલાલ ધ્રુવે, કવિ કાળિદાસના વિક્રમોર્વશીય નાટકનું 'પરાક્રમની પ્રસાદી' નામ આપી ગુજરાતીમાં પરિવર્તન કર્યું છે, તેમાં કાળિદાસના દેશ, કાળના નિર્ણયની ગવેષણા કરતો જે નિબંધ જોડ્યો છે, તેમાં કાળિદાસના રઘુવંશ અને બુદ્ધ અશ્વઘોષના બુદ્ધ ચરિતમાંના અનુષ્ટુપની માત્રાઓ અંગે જે વિચારપરંપરા કાળિદાસના કાળ-નિર્ણય અંગે રજૂ કરી છે, તે આ માત્રાગણતરી પુરાતન શોધખોળ માટે કેટલું અગત્યનું સાધન હોઈ શકે છે તે તરફ લક્ષ પહોંચાડવું જોઈએ. ટૂંકામાં મેં આ વિષે જાણીતા આચાર્યો, મુનિઓ સાથે વિચાર-વિનિમય કર્યો. ખુલાસો એમ મળ્યો કે જે રૂઢી છે તેમ ચાલવા દેવી. એમાં માત્ર શ્રી ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજી અપવાદ હોઈ મારા મતને અનુકૂળ વિચાર પ્રદર્શિત કર્યો કે હું વર્ષારંભે માંગલિક સંભળાવતાં અજિત-શાંતિ-સ્તવમાંના છંદોનાં નામ બાદ કરી તે સ્તોત્ર બોલું છું. વાચકોને અહીં યાદ દેવડાવવાની જરૂર છે કે મુનિશ્રી સંસ્કૃત ભાષાના શ્રેષ્ઠ કવિ છે. ભાષા અને કાવ્ય તથા છંદશાસ્ત્રના અસાધારણ પંડિત શ્રી નરસિંહરાવ દીવેટિયાએ એમના સ્મરણ-મુકુરમાં એ મુનિશ્રીનું પ્રતિબિંબ ઝીલતાં એમના તરફથી તેમને મળેલી અધ્યાત્મતત્ત્વાવલોકની કૃતિમાંના કાવ્યત્વને પ્રતિબિંબિત કર્યું છે. તે ઉપર નજર નાખવાથી પુરવાર થશે.

હવે આપણે આપણા શાસ્ત્રો તરફ વળીએ. શ્રી વિશેષ આવશ્યક મહાભાષ્ય જે મહાશાસ્ત્ર છે, જેના રચયિતા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે, તેઓ શ્રુતાધિકારમાં છંદ શું છે? તેની શુદ્ધિનું મહત્ત્વ કેટલું છે? તે માટે જે કહે છે તે જુઓ:

> अक्खर लंभेण समाऊण छिया होंति मईविसेसेहिं ।
> तेऽविय मई विसेसे सुयनाणब्भंतरे जाण ॥ गाथा. १४३ ॥

જેમ અંગ તે અંગની અભ્યંતર ગણાય છે તેમ શ્રુત પણ શ્રુતની અભ્યંતર જ કહેવાય છે. એ કારણથી **અભ્યંતર** શબ્દ મૂળમાં ગ્રહણ કર્યો છે અથવા તો **છંદોભંગ** ન થાય તે માટે ગ્રહણ કર્યો છે.

मन्ताइ नियमाणं पडिपुण्णं छंदसाऽइवऽन्थेणं ।
ना कंखाइ सदोसं पुण्ण मुदताइ घोसेहिं ॥ ગાથા ૮૫૬ ॥

"છંદવડે માત્રાદિ નિયત માનયુક્ત" હોય તે સૂત્રથી પરિપૂર્ણ – પૂર્વે શિક્ષાકાળે અધ્યાપકે કરેલા ઘોષયુક્તનો – શીખ્યા પછી પુનરાવૃત્તિ કરતાં પણ **તેવા જ ઘોષથી બોલે.**

શ્રુતજ્ઞાનાધિકાર ગાથા ૯૯૯ નું વિવરણ:–૩૨ દોષ રહિત શ્રુત તે લક્ષણસૂત્ર કહેવાય. તેમાં દોષ ૧૬મો એ કે જ્યાં **આર્યાછંદનું પદ** કહેવાનું હોય ત્યાં **વૈતાલીયનું** કહે તો **અપદોષ.**

તો આપણું મનસ્વીપણે પદ્યોચ્ચારણ કેવી રીતે ઉચીત કોટીમાં ગણી શકાય? વસંતતિલકા વૃત્ત હોય અને તેની જાણ માટે વસંતતિલકા સાથે લખ્યું હોય તે પદ્યમાં ભેળવી બોલીએ તો તેનું કેવું હાસ્યજનક રૂપ પ્રગટ થાય! વિશેષ આવશ્યકમાંના ગણધરવાદના અનુવાદમાં પંડિત દલસુખભાઈ માલવણિયાએ શ્રીજિનભદ્રાચાર્યનો પરિચય આપતાં પુરાતત્ત્વવેત્તા શ્રીજિનવિજયજીની 'જીતકલ્પસૂત્ર'ની પ્રસ્તાવનામાંથી તેમના અભ્યાસનો ઉતારો આપ્યો છે, તેમાં તેમનામાં અનેક શાસ્ત્રો સાથે છંદશાસ્ત્રમાં અનુપમ પાંડિત્ય હોવાનું કહ્યું છે. વડોદરામાં રહેતા પંડિત શ્રી લાલચંદભાઈ આગળ બનેલી વાત કરતાં શ્રી સાગરાનંદસૂરિએ શોધેલી છંદાનુશાસનની છાપેલી પ્રત તેમણે મને બતાવી. છંદોનો શાસ્ત્રીય અભ્યાસ પરાપૂર્વથી થતો આવ્યો છે તે શ્રી યશોવિજયોપાધ્યાયની છંદ ચૂડામણિ ટીકા ઉપરથી પ્રસિદ્ધ થાય છે. તે પછીના શ્રીવિજયલક્ષ્મી-સૂરિના ભણેલા શાસ્ત્રોની નામાવલીમાં છંદશાસ્ત્રનું પણ નામ છે. શ્રીપદ્મવિજયગણિ, પંડિત વીરવિજયજી વગેરેની કૃતિઓમાં પણ તેમની છંદોમાં નિપુણતાની પ્રતીતિ થાય છે.

છંદો, તેનું બંધારણ અને ઉચ્ચારણ અંગે આધુનિક ઘણી ચર્ચાઓ થઈ છે. નવા નવા છંદપ્રયોગો થયા છે. શ્રી કેશવલાલ ધ્રુવે છઠ્ઠી ગૂજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદની બેઠકમાં તેમણે રચેલા વનવેલી છંદને મોહક રીતે ઉચ્ચારી બતાવ્યો હતો. તેમણે પદ્યરચનાના પ્રકારની પુસ્તિકા લખી આ વિષયના જ્ઞાનમાં સારી પૂરતી કરી છે. શ્રી બલવંતરાય ઠાકોરે નવો પૃથ્વીછંદ વગેરે રચી લિરિક ઉર્મિકાવ્યની તેમને લખેલી ચોપડીમાં અભ્યાસપૂર્ણ ચર્ચા કરી છે. શ્રી મગનભાઈ પટેલે 'અભિજ્ઞાન શાંકુતલ' નાટકના અનુવાદમાં રચેલી ગીતિઓ ઉપર ચર્ચાપત્ર લખી અનાર્યે (તે અરદેશર ખબરદાર હોવા જોઈએ) જગાડેલી ચર્ચા, તે ઉપરથી ગીતિનું સ્વરૂપ શ્રી નરસિંહરાવે બહાર લાવવું અને ગુલબંકાવલી છંદસોનેટ; વળી મહાકવિ શ્રી નાનાલાલની અપદ્યાગદ્ય શૈલી; આ બધા ઉપર વિચાર કરીશું તો પદ્ય, તેનું બંધારણ અને ઉચ્ચારણની ખરી દિશાનું જ્ઞાન તેમાંથી પ્રાપ્ત થશે અને છંદ અને રાગ એક છે તે ભ્રમણા દૂર થશે.

આપણે આ પ્રમાણે ઉચ્ચારના નિયમની વાત કરીને હ્રસ્વ, દીર્ઘ, વર્ણોચ્ચાર–શુદ્ધિ શું છે? અને તેના ઉપર જે ખાસ લક્ષ આપવામાં આવ્યું છે, તેનું કારણ; તે જાણવા માટે મહર્ષિ શ્રી હરિભદ્રની યોગ-વિંશિકા અને તે ઉપરની ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજીની ટીકામાં નજર કરીએ.

ગાથા ૨માં યોગના સ્થાન, ऊर्ण, अर्थ, सालंवन અને अनालंवन આમ યોગના પાંચ ભેદ જોયા પછી

अरिहंत चेइयाणं करेमि उस्सग्ग एवमाइयं ।
सद्धा जुत्तस्स तहा होइ जहत्थं **पयन्नाणं** ॥ १० ॥

एयं चऽत्थालंबण-जोगवओ पायम विवरीयं तु ।
इयरेसिं ठाणाइसु, जत्त पराणं परं सेयं ॥ ११ ॥

इहरा उ कायवासिय पायं अहवा महामुसावाओ ।
ता अणुरूवाणं चिय, कायव्वो एय विन्नासो ॥ १२ ॥

व्याख्या-(टीका)...तथा तेन प्रकारेणोच्चार्यमाण स्वरसंपन्मात्रादि शुद्ध स्फुट वर्णानुपूर्वी लक्षणेन-'यथार्थं' **अभ्रान्त पदज्ञानं भवति, परिशुद्धपदोच्चारे दोषाभावे सति परिशुद्धपदज्ञानस्य** कारण सामग्री मात्राधीनत्वादिति भावः ॥ १० ॥ ... .'इतरेषां' अर्थालम्बन योगाभाववतामेवस्थानवन्दनसूत्रदर्शिनां, 'स्थानादिषु यत्नवतां' गुरूपदेशानुसारेण विशुद्धस्थानवर्णोच्चारणयत्नानामर्थालम्बनयोगयोश्च तीव्रस्पृहावतां 'परं' केवलं श्रेयं, अर्थालम्बनयोगाभावे वाचनायां प्रच्छनायां परावर्तनायां चानन्वदपरिज्ञानस्यानुप्रेक्षाऽसंभवित्वेन "अनुपयोगो द्रव्यम्" ॥ ११ ॥ ......इहराउत्ति । 'इतरथा तु' अर्थालम्बनयोगाभाववतां स्थानादि यत्नाभावे तु तत् चैत्यवन्दनानुष्ठान (આ એક દ્રષ્ટાંત છે) 'कायवासितप्रायं' सम्मूर्च्छनज प्रवृत्ति तुल्य कायचेष्टन प्राय......यत एव स्यादि यत्नाभाव यतोऽनुष्ठानं महादोषः......॥ १२ ॥

(૧) કાયોત્સર્ગ, પર્યંકાસન, પદ્માસન આદિ સ્થાન કહેવાય છે (૨) પ્રત્યેક ક્રિયા આદિ સમયે જે સૂત્ર બોલવામાં આવે છે, અર્થાત્ વર્ણ યા શબ્દ તેને વર્ણ કહે છે અને (૩) અર્થ તે સૂત્રના અર્થનું જ્ઞાન· સ્વર (ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત) સંપદા (વિશ્રાન્તિસ્થાન) માત્રા (હ્રસ્વ, દીર્ઘ, પ્લુત) આદિના નિયમથી શુદ્ધ વર્ણોનું સ્પષ્ટ ઉચ્ચારણ એ વર્ણયોગ છે. જે વર્ણયોગનું ફલ યથાર્થ પદજ્ઞાન છે. આ જ વાત ન્યાયાચાર્યે પોતાના જ્ઞાનસાર અષ્ટક ૨૭, યોગાષ્ટક શ્લોક ૧ થી ૮માં કહી છે. એટલે જ્યારે કોઈ શ્રદ્ધાવાન વ્યક્તિ ' અરિહંત ચેઇયાણં કરેમિ કાઉસ્સગ્ગં ' ઇત્યાદિ ચૈત્યવંદન સૂત્રનો યથાવિધિ (શુદ્ધ) ઉચ્ચાર કરે છે ત્યારે તેના શુદ્ધ ઉચ્ચારથી સૂત્રના પદોનું યથાર્થ જ્ઞાન થાય છે. (૧૦) એ યથાર્થ પદજ્ઞાન અર્થ તથા આલંબન યોગવાળાને ઘણું કરીને અવિપરિત (સાક્ષાત્ મોક્ષ આપવા) હોય છે તેમ અર્થ તથા આલંબન યોગરહિત કિંતુ સ્થાનવર્ણ યોગવાળાને કેવળ શ્રેય (પરંપરાએ) મોક્ષ દેવાવાળું હોય છે (૧૧) જે વ્યક્તિ અર્થ, આલંબન, આ બે યોગથી શૂન્ય કોઈ સ્થાન તથા વર્ણયોગથી પણ શૂન્ય હોય તેનું અનુષ્ઠાન કાયિક ચેષ્ટામાત્ર – અર્થાત્ નિષ્ફળ છે...(૧૨)

આટલા વિવેચન પછી નક્કી એ થયું કે પદોને મનસ્વીપણે ઉચ્ચારવા એ ખોટી – અજ્ઞાન મૂલક – રીત છે. આ રીતને માન્ય – ચાલુ રાખવા કરતાં :

मुत्तूण लोगसन्नं, उड्ढूण य साहु समयसब्भावं ।
सम्मं पयट्टियव्वं, बुहेण मइनिउण बुद्धि ए ॥ १६ ॥

टीका:-'मुत्तूण' त्ति । मुक्त्वा । लोक संज्ञां । "लोक एव प्रमाणं" इत्येवं रूपां शास्त्रनिरपेक्षां मतिं 'उड्ढूणय'त्तिोत्ता' શાસ્ત્રની પરવા ન કરતાં ગતાનુગતિક લોકપ્રવાહને પ્રમાણભૂત માનવી તે લોક સંજ્ઞા એવી લોકસંજ્ઞાને છોડી શાસ્ત્રના શુદ્ધ રહસ્યને સમજી વિચારશીલ લોકોએ અત્યંત સૂક્ષ્મ બુદ્ધિથી શુદ્ધ પ્રવૃત્તિ કરવી જોઈએ (योगविंशिका કાર અને તેના ટીકાકાર)

— તો પછી —

यच्चासमञ्जसमिह छन्दः शब्दसमयार्थतो मयाभिहितम् ।
पुत्रापराधवत्तन्मर्षयितव्यं बुधैः सर्वम् ॥ ३१२ ॥

[જુઓ અનુસંધાન પાન ૭૮ પર]

જૈન ધર્મની વિશેષતા



લેખક : કેશવલાલ મો. શાહ એલએલ. બી. મુંબઈ

[શ્રી ધાર્મિક શિક્ષણસંઘ યોજિત વક્તૃત્વ-હરીફાઈમાં આ નિબંધના વક્તા શ્રી બાલચંદ્ર અમૃતલાલે ત્રીજું ઇનામ મેળવ્યું હતું.]

धम्मो मंगल मुक्टिं अहिसा संजमो तवो ।
देवावि तं नमसंति जस्स धम्मे सयामणो ॥

આ દુનિયામાં દરેક જીવ સુખ ઇચ્છે છે અને તે માટે દુઃખનિવારણ કરી દષ્ટિપ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે. અનાદિકાળથી જીવમાત્રની આ પ્રવૃત્તિ અવિરત, અસ્ખલિત ગતિએ ચાલતી આવી છે. પરંતુ પ્રત્યેક જીવને આ સુખરૂપી ધ્યેય સિદ્ધ શી રીતે કરવું અને સાચું સુખ કયું તેનું જ્ઞાન ન હોવાથી પાંચ ઇંદ્રિયોના ૨૬ વિષયો પાછળ દીપકમાં પતંગિયું, કમળમાં ભ્રમર, કાગળની માયાવી હાથણી પાછળ કામવિહ્વળ બની આલિંગન લેવા દોડતો હાથી, મોરલીના નાદ પાછળ સાપ યા હરણિયું અને માછીમારની જાળમાં લટકતા મીઠાઈના ટુકડા પાછળ દોડતું માછલું; આ બધાની જેમ સુખની ભ્રાન્તિમાં દોડી છેવટે દારુણ દુઃખને ભેટે છે.

સાચું સુખ કયું? શી રીતે મળે? કોણે મેળવ્યું?

સાચું સુખ તે જ કે જે આવ્યા પછી જાય નહિ. જેની પ્રાપ્તિ, ભોગવટો કે પરિણામમાં સુખ જ હોય. આવું અમર સુખ, અમર આત્મા જ મેળવી શકે. નહિ કે ક્ષણીક નાશવંત શરીર.

સુખ 'મંગલ'થી જ મળી શકે. મંગલ દુઃખનો નાશ કરી સુખને શીઘ્ર મેળવી આપે છે. અહિંસા, સંયમ અને તપથી સુશોભિત ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે અને તે પણ ૨×૨=૪, ૪×૪=૧૬, ૧૬×૧૬=૨૫૬ની જેમ ગુણોત્તર વૃદ્ધિ પામતું મંગલ. આવા ધર્મનું પાલન જેમ વધે તેમ સુખ પણ ગુણોત્તર દૃષ્ટિએ વધે અને દુઃખમાં સુરંગ સુકાય. આવો ધર્મ જેના હૃદયમાં વસ્યો તેને દેવો પણ નમસ્કાર કરે છે. ઉપરનો "માંગલિક" શ્લોક એ જ જૈન ધર્મની સર્વોત્તમ વિશિષ્ટતા છે. આ છે જીવમાત્રની ધ્યેય સુખની ખૂબ સહેલી અને શીઘ્ર સિદ્ધિ.

સાચા માર્ગના જ્ઞાન પછી, અનેક ભવોની આરાધના પછી, ઉન્નતિના પંથે આગળ વધતા જીવ આ અહિંસા, સંયમ અને તપના અવલંબનથી શુદ્ધ નિર્મળ આત્મા પરમાત્મા–રાગદ્વેષ રહિત તીર્થંકર પરમાત્મા–બન્યા અને ઉત્કૃષ્ટ અમર સુખ પ્રાપ્ત કર્યું અને જગતના જીવમાત્રને પોતાના જેવા સુખી અને સ્વતંત્ર બનાવવાની ભાવનાથી માર્ગ બતાવ્યો. આ છે જૈન ધર્મ, જ્યાં નથી નાત, જાત, બાળ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષના ભેદભાવ.

પૂર્વપુરુષોએ કહ્યું તે જ સાચું હોય તેમ આ વૈજ્ઞાનિક જમાનામાં કેમ મનાય? શી ખાતરી કે જૈન ધર્મના પ્રરૂપકોએ પોતાના જ ધર્મ પ્રત્યે પક્ષપાત–રાગ દાખવી પોતાના જ ધર્મનાં વખાણ કર્યાં નહિ હોય?

શંકા બરાબર છે. જૈન ધર્મના પ્રરૂપકો રાગદ્વેષ રહિત હતા, વીતરાગ હતા અને સાધના દ્વારા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય તથા કેવળજ્ઞાન–સર્વોત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી સર્વજ્ઞ બનેલા હતા. હાથમાં રહેલા

આયનાની જેમ સ્પષ્ટપણે જગતનું અવલોકન કરી નિષ્પક્ષ રીતે સકળ વિશ્વને સુખી કરવાની શુભ ભાવનાથી ધર્મ પ્રરૂપ્યો, તેથી ઉપરની શંકાને સ્થાન રહેતું નથી.

આમ છતાં વ્યવહારમાં બજારમાં સોનું ખરીદવા નીકળીએ ત્યારે તેને કસી, છેદી, તપાવીને બધી રીતે કસોટી કરીને ખરીદીએ છીએ. જૈનધર્મ પણ શા માટે આ બધી કસોટીમાંથી પસાર ન થાય! સુવર્ણને સુવર્ણ કહેવા માત્રથી તે સુવર્ણ બની જતું નથી. પણ સુવર્ણ કસોટીમાંથી પસાર થાય તો જ તેને સુવર્ણ કહેવાય. તેમ જૈન ધર્મ પણ વિધિપ્રતિષેધ વાક્યોરૂપ કસ, તેને અનુકૂળ ક્રિયાઓ રૂપ છેદન, અને જીવનનું નિત્ય-અનિત્ય સ્વરૂપ સમજાવવા રૂપી તાપ; આ ત્રણે કસોટીમાંથી પસાર થાય છે. અને તેથી જ જૈનધર્મ એ સૌથી મહાન યુક્તિમય અને વૈજ્ઞાનિક ધર્મ છે. જ્યાં દરેક કાર્ય માટે કારણ હોય જ. જ્યાં અંધશ્રદ્ધાને જરાપણ સ્થાન નથી.

આ છે જૈનધર્મની મુખ્ય વિશિષ્ટતાઓ. હવે આપણે વિગતવાર તેની વિશિષ્ટતાઓ જોઈએ.

અહિંસા:—જગતના તમામ ધર્મોએ અહિંસા સ્વીકારી છે, પણ તે નીતિરૂપે. "હું કોઈનું ખરાબ કરીશ તો તે મારું પણ ખરાબ કરશે' તે દષ્ટિથી અને તે પણ મર્યાદિત ક્ષેત્ર સુધી. જ્યારે જૈન ધર્મે અહિંસાને નિઃસ્વાર્થભાવ આવા ઉદાર કરુણાભાવથી સ્વીકારી છે અને જૈન તીર્થંકરોની સર્વજ્ઞતા, પરિપૂર્ણ જ્ઞાનને લીધે અતિ સૂક્ષ્મતમ જીવવિજ્ઞાન પ્રરુપાયું. જ્યાં હિંસાનો નિષેધ કેવળ માનવ પૂરતો મર્યાદિત નથી પણ અતિ સૂક્ષ્મ નિગોદથી માંડી એકેન્દ્રિય (પૃથ્વી, પાણી વનસ્પતિ, વાયુ, અગ્નિ) પંચેન્દ્રિય (નારકી. પશુ, દેવ, મનુષ્ય) સુધી વિધેયાત્મક અને નિષેધાત્મકરૂપે મન, વચન અને કાયાથી કરું નહિ, કરાવું નહિ અને કરનારને અનુમોદુ નહિ આમ ત્રિકરણ યોગે પ્રરૂપ્યો.

આ જીવવિજ્ઞાનને આજે આધુનિક વિજ્ઞાન પણ પૂરવાર કરતું આવે છે. જેથી હવે પ્રત્યક્ષરૂપે પણ જૈન તીર્થંકરોની સર્વજ્ઞતા પૂરવાર થતી જાય છે.

આવો વ્યાપક કરુણાભાવ બીજે ક્યાંય જોવા મળશે? આવું જીવન જીવવા માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આદર્શ જીવવાની કળા બતાવી, અભક્ષ્ય-ભક્ષ્ય, પેયાપેય, કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક બતાવ્યો અને આ અહિંસાને વ્યવહારુ બનાવી.

કર્મવાદ : "કાર્ય હોય ત્યાં કારણ હોવું જ જોઈએ " Every effect have must a Cause " વિજ્ઞાનનો આ નિયમ જૈનદર્શને તો પહેલેથી જ સ્વીકાર્યો છે.

જગતની અનેકવિધ વિચિત્રતાઓ દા. ત.—એક જ્ઞાની બુદ્ધિશાળી, બીજો મૂર્ખ; એક વસ્તુનું સ્વરૂપ તુરત જ જોઈ શકે, બીજામાં જરાપણ શ્રદ્ધા જ ન હોય; એક શ્રદ્ધા-ચારિત્રમાં ઊંચે જ પ્રગતિ કરતો હોય અને બીજો તેનાથી ઊલટી દિશામાં જ જાય; એકને સુખ કે દુઃખ બન્નેમાં શાંતિ, બીજાને સુખ કે દુઃખમાં ભયંકર અશાંતિ; એક શ્રીમંત, સ્વરૂપા, સુમધુર કંઠવાળો, બીજો દીન-ગરીબ, રોગી કુરૂપા, કર્કશ કંઠવાળો; એક ઉચ્ચ કુટુંબમાં જન્મે બીજો નીચ કુળમાં જન્મે; એક લાંબું આયુષ્ય ભોગવનાર, બીજો બાળ યા યુવાવસ્થામાં જ મૃત્યુને ભેટનાર; એકનો જીવનમાર્ગ સરળ, બીજાને વારંવાર વિઘ્નો. આ બધી વિચિત્રતાઓનાં કારણો શું? જૈનદર્શને આનો જવાબ અનુક્રમે કર્મના આઠ પ્રકાર (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) નામ (૬) આયુ (૭) ગોત્ર (૮) અંતરાય અને તેની ઉત્તર પ્રકૃતિઓ, સ્થિતિ, રસ, પ્રદેશ અને પ્રકૃતિ આ ચાર રીતે થતો આત્માનો બંધ આ કર્મવિજ્ઞાનથી સચોટ રીતે આપ્યો છે. આત્માને કર્મનો બંધ મનના પરિણામ પર-રાગદ્વેષ પર જ છે. અને તેથી જ મનશુદ્ધિ પર ખૂબ ભાર

મૂક્યો છે. આનંદઘનજી મહારાજના કહેવા પ્રમાણે "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું" તે સાચું જ છે. આ કર્મવિજ્ઞાનના જ્ઞાનથી માનવી પોતાના સુખદુઃખનો કર્તા પોતે જ છે, બીજા તો માત્ર નિમિત્ત માત્ર છે, એ સમજે છે. આથી વૈરભાવ નાશ પામે છે–મૈત્રીભાવ વૃદ્ધિ પામે છે. પુણ્યથી સુખ, પાપથી દુઃખ; આ સમજથી સુખી થવા માટે સદાચાર વધે છે, દુઃખથી બચવા દુરાચાર ઘટે છે. આર્ત, રૌદ્ર ધ્યાનથી બચવા આ લોકમાં પરમશાંતિ, સંતોષ અને પરલોકમાં દેવલોકનાં અને યાવત્ મોક્ષરૂપી સુખ મળે છે. અને આની પ્રાપ્તિ માટે નિરાશાવાદ દૂર થતાં પ્રચંડ પુરુષાર્થવાદ પ્રગટે છે.

ઈશ્વરદશાએ પહોંચતાં પહેલાં તેમના છેલ્લા ભવમાં તીર્થંકર પરમાત્માઓને પણ કર્મે છોડ્યા નથી. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સંગીતના તાનમાં મસ્ત બનેલા શૈયા-પાલકોના કાનમાં સીસું રેડાવનારને પ્રભુ મહાવીરના ભવમાં કાનમાં ખીલા ઠોક્યા. "હે ઇંદ્ર! ચક્રવર્તી કે તીર્થંકર પણ આયુષ્યની એક પણ ક્ષણ વધારવાને સમર્થ નથી." પ્રભુ મહાવીરના આ શબ્દો કર્મની કેવી નિષ્પક્ષતા પૂરવાર કરે છે!

જગતનું સાચું સ્વરૂપદર્શન જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રય, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષરૂપી નવ તત્ત્વો તેમજ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ અને કાળ રૂપી ષડ્દ્રવ્યોમાં મળે છે.

મોક્ષ એટલે શું? મોક્ષ એટલે, આત્માને પાપરૂપી લોખંડની બેડી, યા પુણ્યરૂપી સોનાની જંજીરમાંથી મુક્ત કરી શાશ્વત સુખ, જ્યાં નથી દેહ અને જન્મ, જરા, મરણરૂપી વિષચક્ર, જંજીરોથી પૂર્ણ સ્વતંત્રતા અને અનંત જ્ઞાન, દર્શન ચારિત્રમાં સ્વરૂપ રમણતા એક જ જેની વિશિષ્ટતા છે–તે પરમ શાંતિ.

ચૌદ ગુણસ્થાનકો:—પણ આવું સ્થાન મેળવવું શી રીતે? જૈન દર્શન માત્ર આદર્શ બતાવીને ચૂપ રહ્યું નથી પણ તેને સિદ્ધ કરવા વ્યવહારિક માર્ગો પણ બતાવ્યા છે. આત્માને મોક્ષરૂપી ધ્યેય સિદ્ધ કરવા ચૌદગુણસ્થાનકો રૂપી ચૌદ પગથિયાંવાળી સીડી જૈનદર્શને બતાવી છે. આત્માની ગુણયોગ્યતા વધતાં પાત્રતા વધે છે, અને તે મુજબ તે આગેકૂચ કરતો જાય છે. પ્રથમ ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકે પહોંચી તે નિર્મળ પરમાત્મા–સિદ્ધ બને છે.

ઈશ્વર:—જૈનદર્શનમાં સરમુખ્યતારશાહીને-ઈજારાને સ્થાન નથી. અહીં તો સંપૂર્ણ લોકશાહી–સમાજવાદ–સામ્યવાદ પ્રવર્તે છે. અને તેથી જ ઈશ્વરને અહીં કર્તા તરીકે સ્વીકાર્યો નથી. કારણ કે જો ઈશ્વર કર્તા હોય તો કર્તાનો કર્તા કોણ? કર્તુત્વનું કારણ શું? એકને સુખી ને બીજાને દુઃખી બનાવવામાં ઈશ્વરને શું પ્રયોજન? જો કુતૂહળ--રાગદ્વેષ બુદ્ધિ હોય તો તેને ઈશ્વર કહેવાય શી રીતે? આમ પ્રશ્નોની પરંપરા ઊઠે છે. અર્થાત્ ઈશ્વરનું કર્તૃત્વ વૈજ્ઞાનિક અને યુક્તિમય નથી.

દરેક જીવ સ્વપુરુષાર્થ દ્વારા કર્મમુક્ત થઈ સ્વયં ઈશ્વર બની શકે છે, એ જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. આથી જ જૈનદર્શનમાં ઈશ્વર એ માર્ગદર્શક ભોમિયો, પ્રેરક આત્માનો આદર્શ અરિસો છે. તેમના અવલંબનથી- ગુણરાગથી સ્વયંગુણ પ્રગટે અને આત્મા ઈશ્વર બને તે પૂરતી જ ભક્તિ છે.

આ ઉપરાંત જૈનસાહિત્યના (૧) કથાનુયોગ (૨) દ્રવ્યાનુયોગ (૩) ચરણ--કરણાનુયોગ (૪) ગણિતાનુયોગ પણ ખૂબ બુદ્ધિગમ્ય અને યુક્તિતર્ક સંમત છે.

જૈનધર્મની સૌથી મોટી વિશેષતા તેની વિશાળતા છે અને તે છે તેનો સ્યાદ્વાદ. સ્યાદ્વાદ એટલે વસ્તુના અનેક ધર્મોના પરસ્પર વિરોધ બતાવ્યા વિના સમન્વય કરી તેને અનેક અપેક્ષાઓથી જોવું તે. તેનું સંપૂર્ણ સ્વરૂપ સમજી શકાય તે માટે સાત આંધળા અને હાથી અને ઢાલની બે બાજુ આ બધા ઉદાહરણો પ્રખ્યાત છે.

સ્યાદ્વાદને લીધે જ જૈનદર્શન સાગર જેવું છે. જે જગતની અન્ય બધી દર્શનરૂપી નદીઓને પોતાનામાં

સમાવી શકે છે. આ દૃષ્ટિબિંદુનો સ્વીકાર થાય તો વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે સમસ્ત વિશ્વમાંથી ક્લેશ, કંકાસ, ઝઘડા, યુદ્ધ અદૃશ્ય થાય. અશાંતિની હોળી હોલવાઈ જાય. અને રોગ શોક, ચિંતારૂપી દાઝણને કાયમનો દેશવટો હોય.

જૈનદર્શનની વિશેષતા, વિશાળતા–ઉદારતા તેના ગુણાનુરાગ અને નહિ કે વ્યક્તિરાગ પર સર્વોત્કૃષ્ટ શીખરે પહોંચી છે. અને તે ઉદારતા મહામંત્ર નવકારમાંથી મળે છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પંચ પરમેષ્ઠિઓ ગુણને લીધે જ છે, નહિ કે વ્યક્તિને લીધે. ચંડાળ મેતારજ ગુણપ્રાપ્તિને લીધે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ બની શકે. સ્ત્રી હોવા છતાં મલ્લિકુંવરી તીર્થંકર બની શકે છે. ક્યાં છે આમાં ન્યાત, જાત કે લિંગના ભેદ!

જૈનધર્મમાં દેવ, ગુરુ, ધર્મની વ્યાખ્યા પણ જુઓ, દેવ તે જ કે જે:

सर्वज्ञो जितरागादि दोषस्त्रैलोक्य पूजितः
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥

ભાષાંતર:—જે સર્વજ્ઞ છે, જેણે રાગાદિ દોષોને જીત્યા છે, જે ત્રણ લોકમાં પૂજ્ય છે, જે પદાર્થોને જેવા છે તેવા રૂપે કહે છે તે દેવ, 'અર્હત્' પરમેશ્વર કહેવાય છે.

ગુરુ તે જ કે જે:

महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥

પંચમહાવ્રતધારી, ધીર, માત્ર ભિક્ષાથી જ નિર્વાહ કરનારા, સમભાવમાં સ્થિત, સાચા ધર્મના ઉપદેશક છે તેઓ જ ગુરુ કહેવાય.

ધર્મ તે જ કે જે:—

दुर्गतिप्रपतत् प्राणिधारणा धर्म उच्यते ।
संयमादिदशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥

દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરે–બચાવે તે અને મોક્ષ પ્રાપ્તિ માટે સર્વજ્ઞોએ બનાવેલો સંયમાદિ દશ પ્રકારનો ધર્મ છે.

સાચો જૈન તે જ કે જેણે ભૂતકાળમાં વિષય–કષાયરૂપી આંતરશત્રુઓને દમ્યા છે, યા પ્રયત્ન કર્યો છે, યા આકાંક્ષા સેવી છે, યા વર્તમાનમાં તેવો પ્રયત્ન કરે છે, યા આકાંક્ષા સેવે છે, યા ભાવિમાં પ્રયત્ન કરવા મહેચ્છા સેવે છે

આ સર્વ વ્યાખ્યાઓમાં ગુણવત્તા એ એક જ પારાશીશી છે.

શ્રાવક "अभंगदुवारा" રખેને કોઈ અતિથિ પાછો જાય ન તે અર્થે શ્રાવક બારણાં ખુલ્લાં રાખીને જમે. અતિ ગરમ ઘીથી ચોપડેલી રોટલી અને વગર ફાટેલું વસ્ત્ર મળે એટલે શ્રાવક સંતોષ માને, કારણ કે 'પરિગ્રહ ત્યાં જ પાપ' જૈનદર્શનનો આ મુખ્ય સિદ્ધાંત કેટલો વ્યાપક અને કરુણાવાળો છે!

खामेमि सव्वजीवे सव्वे जिवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणई ॥

[જુઓ અનુસંધાન પાન ૭૮ પર]

જૈન સાહિત્યના પ્રકાશનનોની મુખ્ય પ્રકાશક સંસ્થાઓની યાદી અને માહિતી

★ ★ ★

[નીચે જણાવેલી સંસ્થાઓ ઉપરાંત અનેક પ્રકાશન સંસ્થાઓ અને સીરીઝો અસ્તિત્વમાં હશે. અમારી જાણમાં જેટલી જેટલી સંસ્થાઓ છે તેના નામો નીચે રજૂ કરવામાં આવ્યાં છે. જે વાચકો અને વિદ્વાનોને વધુ નામોનો ખ્યાલ આવે તેઓ અમોને જણાવશે તો તેથી એક સંપૂર્ણ યાદિ તૈયાર થશે. " કેશરી "]

સંસ્થાઓનાં નામ	ગામ
શ્રી ગુજરાત વિદ્યાસભા	અમદાવાદ
શ્રી પુંજાભાઈ હીરાચંદ જિનાગમ સીરીઝ હા. શ્રી. ગુજરાત વિદ્યાપીઠ	"
શ્રી સારાભાઈ નવાબ પ્રકાશન સીરીઝ	"
શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા	"
શ્રી નેમિ વિજ્ઞાન પાઠમાલા	"
શ્રી સાહિત્ય વર્ધક સભા	"
શ્રી સિદ્ધિસૂરિ ગ્રંથમાળા	"
શ્રી પાર્શ્વચંદ્ર ગ્રંથમાળા	"
શ્રી જૈન સિદ્ધાંત સોસાયટી	"
શ્રી નેમિ પદ્મ ગ્રંથમાળા	"
શ્રી કથા ભારતી કાર્યાલય	"
શ્રી વલ્લભવિજય ગ્રંથમાળા	"
શ્રી નેમિ અમૃત ખાન્તિ નિરંજન ગ્રંથમાળા	"
શ્રી નેમિ જીત વિદ્યાનંદ	"
શ્રી દિવ્યદર્શન કાર્યાલય	"
શ્રી આગમોદ્ધારક જ્ઞાનશાળા	સાબરમતી—અમદાવાદ
શ્રી રાજચંદ્ર જૈન ગ્રંથમાળા	અગાસ
શ્રી આત્માનંદ જૈન મહાસભા પ્રકાશન વિભાગ	અંબાલા
શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ	આગ્રા
શ્રી જૈન શ્વેતામ્બર સંઘની પેઢી પ્રકાશન વિભાગ	ઇન્દોર
શ્રી ભુવનસૂરિ ગ્રંથમાળા	ઉદેપુર
શ્રી અનોપ જૈન જ્ઞાન મંદિર પ્રકાશન વિભાગ	"
શ્રી સિદ્ધચક્ર આરાધક મંડળ	ઉજ્જૈન
શ્રી ઋષભદેવજી છગનીરામની પેઢી પ્રકાશન વિભાગ	"
શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા	"
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા મીઠાભાઈ કલ્યાણચંદની પેઢી	કપડવંજ
શ્રી મણીસાગર ગ્રંથમાલા	કોટા
શ્રી રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય	ખુડાલા (રાજસ્થાન)
શ્રી ગુલાબ કાર્યાલય	ગારીઆધાર
શ્રી નવજીવન ગ્રંથમાળા	"
શ્રી લબ્ધિસૂરિ ગ્રંથમાળા	છાણી
શ્રી રાજસ્થાન પુરાતત્ત્વ મંદિર	જયપુર
શ્રી હંસસાગર સીરીઝ	ઠલીઆ
શ્રી આત્મ કમળ દાન પ્રેમ જંબૂસૂરિ ગ્રંથમાળા	ડભોઈ
શ્રી આત્માનંદ જૈન સભા	દિલ્હી
શ્રી હેમચંદ્રાચાર્ય સભા	પાટણ
શ્રી જિનાગમ પ્રકાશન સંસ્થા	"
શ્રી કમળસૂરિ ગ્રંથમાળા C/o કેશરબાઈ ગ્રંથમાળા	"
શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર	પાલીતાણા
પંડિત અમૃતલાલ અમરચંદ સલોટ હસ્તક પ્રકાશન વિભાગ	"
શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ	પુના
શ્રી ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ	"
શ્રી રત્નપ્રભાકર પુષ્પમાલા	ફલોદી
શ્રી સંભવનાથ જૈન પુસ્તકાલય	"

સંસ્થાઓનાં નામ	ગામ
શ્રી જૈન સંસ્કૃતિ મંડળ	બનારસ
શ્રી પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી	,,
શ્રી અભય જૈન ગ્રંથમાળા	બીકાનેર
શ્રી નેમિસૂરિ ગ્રંથમાળા	બોટાદ
શ્રી જૈન આત્માનંદ સભા	ભાવનગર
શ્રી જૈન ધર્મપ્રચારક સભા	,,
શ્રી જૈન સસ્તી વાચનમાળા	,,
શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા	,,
શ્રી જૈન પત્ર ઓફિસ પ્રકાશન વિભાગ	,,
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ પ્રકાશન વિભાગ	મહેસાણા
શ્રી સિંધી (જૈન ગ્રંથમાળા) સીરીઝ (ભારતીય વિદ્યાભવન)	મુંબઈ
શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ	,,
શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનમંદિર (મહાવીરસ્વામી દેરાસર)	,,
શ્રી જૈન આત્માનંદ સભા	,,
શ્રી નિર્ણયસાગર કાવ્યમાળા	,,
શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ-અંધેરી	,,
શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ-પ્રકાશન વિભાગ	,,
શ્રી ફાર્બસ સભા	,,
શ્રી શ્રાવક ભીમશી માણેક પુસ્તકના પ્રકાશનો	,,
શ્રી મેઘજી હીરજી	,,
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ પ્રકાશન વિભાગ	,,
શ્રી મહાવીર વિદ્યાલય ,,	,,
શ્રી ગોડીજી જૈન સમિતિ ,,	,,
શ્રી આત્મકમલ લબ્ધિસૂરિ જૈન ગ્રંથમાળા પ્રકાશન વિભાગ	દાદર-મુંબઈ

સંસ્થાઓનાં નામ	ગામ
શ્રી જૈન સાહિત્ય કાર્યાલય (ઝવેરીવાળું બંધ થયું છે.)	ચાપુ-મુંબઈ
શ્રી પ્રાકૃત જૈન વિદ્યાપીઠ	મુઝફ્ફરપુર (બિહાર)
શ્રી ગજેન્દ્ર પ્રવચન કાર્યાલય	રતલામ
શ્રી પં. મણિવિજયજી ગણિ ગ્રંથમાળા	લીંચ
શ્રી મહાવીર શાસન કાર્યાલય પ્રકાશન વિભાગ	લાખાબાવળ
શ્રી જિનહરિ સાગર ગ્રંથમાળા	લોહાવટ
શ્રી ગાયકવાડ સીરીઝ	વડોદરા
શ્રી મુક્તિકમળ મોહનમાળા, યશોભારતી પ્રકાશન	,,
શ્રી સંસ્કૃતિ રક્ષક સંઘ સાહિત્ય કાર્યાલય ઠા. ડૉ. ત્રીભોવનદાસ	વડોદરા
શ્રી ચંદનસાગર જ્ઞાનભંડાર-પ્રકાશન વિભાગ	વેજલપુર (પંચમહાલ)
શ્રી દાનસૂરિ સ્મારક ગ્રંથમાળા	સાવરકુંડલા
શેઠ ઋષભદેવજી કેશરીમલજી (પહેલા રતલામમાં)	સુરત
શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકાલય ફંડ	,,
શ્રી જૈન આનંદ પુસ્તકાલય ઠે. પુસ્તક પ્રચારક સંસ્થા	,,
શ્રી આગમોદય સમિતિ સંસ્થા	,,
શ્રી જૈન સાહિત્ય ફંડ	,,
શ્રી જિન દત્તસૂરિ જ્ઞાનમંદિર પ્રકાશન વિભાગ	,,
શ્રી દાનસૂરિ ગ્રંથમાળા	,,
શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ	,,
શ્રી જૈન આનંદ જ્ઞાનમંદિર (વીરપુત્ર આનંદસાગરજી)	સૈલાના

★

લંડનમાં આદર્શ ગ્રંથાગાર



ફોઈલનો ગ્રંથાગાર : પૈસા કરતાં વ્યાપારમાં ખેલદિલીનું મહત્ત્વ : ત્રીસ માઈલની અભરાઈ

લંડનમાં ફોઈલની દુકાન કદાચ દુનિયામાં સૌથી મોટી પુસ્તકોની દુકાન છે. જૂનાં પુસ્તકો ખરીદવા–વેચવામાં ફોઈલનું નામ સુવિખ્યાત છે. ફોઇલની દુકાનમાં આજે ત્રીસ લાખથી વધુ પુસ્તકો છે.

સવારથી માંડી સાંજ સુધીમાં સેંકડો સ્ત્રી–પુરુષો ફોઈલને ત્યાં પુસ્તકો વેચવા માટે આવે છે. લંડનમાં ફોઈલની ગાડીઓ પુસ્તકો ખરીદવા ફરે છે. પૃથ્વીના જુદા જુદા ભાગોમાંથી વેચવા માટે પુસ્તકોની પેટીઓ દરરોજ ઊતરે છે. કોઈ પણ પુસ્તક ગમે તે વિષયનું હોય, ગમે તે સ્થિતિમાં હોય તોપણ ખરીદવામાં આવે છે. જો ફોઈલની અભરાઈઓનું માપ કાઢીએ તો કદાચ ત્રીસ માઈલ જેટલું થાય.

દરરોજ આસરે વીસથી ત્રીસ હજાર કાગળો આવે છે, જેમાંના કેટલાક દૂર દૂરથી આવે છે. સ્ટોર રૂમમાં ઢગલાબંધ પુસ્તકો છૂટા પાડવા માટે પડેલા હોય છે. સ્ટોરના સાતસો માણસો વેચાવા આવતા પુસ્તકોના ધસારાને પહોંચી શકતા નથી.

ખરીદવું હોય તો જ ખરીદો

અહીં વર્ષે આશરે પચીસ લાખ ડોલરના પુસ્તકો ખપે છે. યુદ્ધ દરમિયાન દરરોજ દશ હજાર ડોલરના ખપતા, પરંતુ ફોઈલના સ્ટોરની નવાઈ જેવી વાત એ છે કે અહીં પુસ્તકો ખરીદવા માટે કોઈને કશુંય કહેવામાં આવતું નથી. તમારે ખરીદવું હોય તો જ ખરીદો, ન ખરીદવું હોય તો નહિ. કેટલાક ભાતાનો ડબો પોતાની સાથે લેતા આવે છે અને અઠવાડિયાઓ સુધી કોઈની દખલ વગર અહીં જ વાંચે છે. અભ્યાસના પુસ્તકો ન ખરીદી શકનાર કોલેજના વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ અહીં જ કરે છે. ઈંગ્લંડના મજૂર પક્ષના વડા હરબર્ટ મોરિસ જ્યારે પોતે ગરીબ હતા ત્યારે આ સગવડથી અહીં અભ્યાસ કર્યો હતો. તે માટે આભાર માનતો એક પત્ર તેમણે ફોઈલને લખ્યો હતો.

મહાન ગ્રંથાગાર

લંડનમાં ચેરીંગ ક્રોસ રોડ ઉપર અગિયાર જૂના મકાનોમાં ફોઈલનો સ્ટોર આવેલો છે. જેને પુસ્તક વાંચવાનો સહેજ પણ રસ છે, એવું કોઈ અહીં નહિ આવ્યું હોય એવું નથી. બન્યું ક્યારેક ઈંગ્લંડના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અહીં દેખાય છે. ક્યારેય રાણી માતા મેરી પણ આવે છે.

સુવિખ્યાત ચિત્ર "કૅવેલકેડ" જેણે ઉતાર્યું તે ડાયરેક્ટર નોએલ કોવાર્ડ જણાવે છે કે, 'આ ચિત્ર ઊતારવાનો વિચાર ફોઈલના જૂના મેગેઝીનોની ફાઈલો ઉથલાવતા તેને આવેલો.'

એક વાર ફોઈલના સ્ટોરમાં એક ગૃહસ્થ આવ્યા. ટ્રેનની મુસાફરીમાં વાંચવા માટે એકાદ પુસ્તક તેમને જોઈતું હતું. વેચાણ ખાતાની બાઈએ "ધી ફોરસાઈટ સાગા" The Forsyte saga—ની એક પ્રત ખરીદવા માટે ખૂબ આગ્રહ કર્યો. બાઈએ કહ્યું કે, 'પોતે જાતે એ પુસ્તક વાંચ્યું હતું અને તેને ઘણું જ ગમ્યું હતું.' પેલા ગૃહસ્થે તે પુસ્તક વેચાતું લીધું અને થોડી મિનિટ પછી પેલી બાઈને પાછું આપ્યું. બાઈએ જોયું કે તે ગૃહસ્થે પુસ્તકના પહેલા પાના ઉપર લખ્યું હતું:

" જેણે મારું પુસ્તક ખૂબ રસપૂર્વક વાંચ્યું છે, તે માયાળુ સ્ત્રીને સપ્રેમ ભેટ.—" જોન ગેલ્સવર્ધી.

તે ગૃહસ્થ " ધી ફોર્સાઇટ સાગા "નો ગ્રંથ લખવા માટે જેમને નોબલ પુરસ્કાર મળ્યો તે જોન ગેલ્સવર્ધી પોતે જ હતા.

ફોઈલ ભાઈઓ

જ્યારે સત્તર વર્ષનો હતો, ત્યારે વીલીયમ ફોઇલ તેના ભાઈ ગીલબર્ટ ફોઈલ સાથે સિવિલ સર્વિસની પરીક્ષા માટે પદર વીસ પુસ્તકો ખરીદી લાવ્યો. બેઉ ભાઈઓ પરીક્ષામાં નાપાસ થયા. ખરીદેલા પુસ્તકોનું કઈક વળતર મેળવવા માટે એક છાપામાં પુસ્તકો વેચવા તેમણે જાહેર ખબર આપી ત્યારે અભ્યાસના જૂના પુસ્તકોની કોઈ દુકાનો નહોતી. ફોઇલ ભાઈઓ ઉપર ઘણા કાગળો આવ્યા. તેમણે પોતાનાં પુસ્તકો વેચ્યાં. ઉપરાંત શહેરમાં ફરી મળી શકે તેટલા પુસ્તકો લાવીને પણ વેચ્યાં બે ભાઈઓ પોત–પોતાનો ધધો તો કરતા હતા જ, એટલે પુસ્તકોનુ કામ ફુરસદના સમયમાં થતું. પછી પુસ્તકો રાખવા માટે રસોડું પણ નાનું પડ્યુ. ભાડેથી બીજે જગ્યા લેવા પડી એક નાની દુકાન ઉઘાડી. ૪૫ વર્ષ પહેલાં આ રીતે ફોઈલના ધંધાની શરૂઆત થઈ. આજે તો ફોઈલના દુકાનોની હારની હાર છે, ખંત, ચીવટ અને પ્રમાણિકતા વડે ફોઈલ બધુઓએ પોતાનો ધધો વિકસાવ્યો છે

ફોઈલે વિશેષ અભ્યાસ કર્યો નથી. તે સ્વભાવે રમુજી છે, પોતાના ધંધામાં ખૂબ હોશિયાર છે. જ્યારે હિટલર પુસ્તકો સળગાવતો હતો, ત્યારે ફોઈલે પોતે સારી કિંમતે પુસ્તકો ખરીદી લેશે એ પ્રકારનો તાર કર્યો હતો.

ફોઈલનું "સેલ"

એક વાર તેણે કોઈ પણ વિષયના કોઈ પણ વિભાગના એક એક પાઉન્ડની કિંમતના પુસ્તકો બે બે પેન્સે વેચવાનુ "સેલ" જાહેર કર્યું. ફોઈલના ધધાદારી હરીફો ખીજાયા અને કહેવા લાગ્યા કે ફોઈલની રીતો ભાજીપાલા વેચનાર જેવી છે. ફોઈલે કહ્યું કે, " એ રીતોમાં શું ખોટું છે ! મારા પિતા પણ ભાજીપાલો વેચનાર જ હતા. "

તમારે જરૂરના એવા એકાદ પુસ્તકની કિંમત તમે ફોઇલને પૂછાવો તો પત્રનો જવાબ નહિ મળે, પુસ્તક જ તમને મળી જશે. પોતાની આવી રીતોથી વિલિયમ ફોઈલ ઇગ્લંડનો સૌથી સમૃદ્ધ પુસ્તક વિક્રેતા થયો છે.

ફોઈલની પુસ્તક વેચવાની દુકાનમાં વિશિષ્ટતા તરીકે પૂર્વની સર્વ ભાષાના પુસ્તકોનો વિભાગ છે. વૈદકીય ગ્રથો, અલભ્ય પુસ્તકો, હસ્તલિખિત પ્રતો તથા હસ્તાક્ષરો Autograph ના વિભાગો વખણાય છે. અહીં એક પિક્ચર ગેલેરી, લેક્ચર હોલ, સગીતની રેકર્ડોની લાયબ્રેરી તથા પુસ્તકોની લાયબ્રેરી છે.

અલભ્ય ગ્રંથો

ફોઈલના પુસ્તક ભંડારમાં અલભ્ય પુસ્તકો શોધનારા માટે એક સારું સ્થાન છે. એક વાર " Boyds colored views of London ' ની એક પ્રત એક ખરીદનારને દસ સેંટમાં ફોઈલને ત્યાંથી મળી. એક અઠવાડિયા પછી તેણે તે કોપી પાંચસો ડોલરમાં વેચી. આવી જ રીતે ફોઈલને પણ એક વાર થોડા પેન્સમાં પુસ્તકોનું એક બંડલ મળી આવ્યું, જેમાં ફીટ્ઝ જીરાલ્ડની ભાષાંતર કરેલી ઉમ્મર ખૈયામની રુબાઇયતની પ્રથમ આવૃત્તિ હતી. જે. ફોઈલે કેટલાક હજાર ડોલરમાં વેચી.

એક વાર ' બર્નાડ શૉનો પત્રવ્યવહાર ફોઈલે આઠસો ડોલરમાં વેચ્યો : ખરીદનારે શોધી કાઢ્યું કે,

'પત્રવ્યવહાર બનાવટી હતો.' ફ્રોઈલે તરત જ પૈસા પાછા આપ્યા અને પત્રવ્યવહાર જ્યોર્જ બર્નાડ શૉ ઉપર મોકલી આપ્યો. પ્રત્યુત્તરમાં બર્નાડ શૉએ કઈ રીતે ક્યાં ક્યાં પોતાના લખાણથી આ લખાણ જુદું પડતું હતું, તેની સવિસ્તૃત નોંધ લખી મોકલી. ફ્રોઇલિને બર્નાડ શૉની નોંધ સાથેના આ બનાવટી પત્રવ્યવહારના એક હજાર ડોલર ઊપજ્યા.

થોડા સમય પહેલાં કેટલાક વેપારીઓએ દશ લાખ ડોલરમાં તેની પુસ્તકોની દુકાન ખરીદવાની ફ્રોઇલ પાસે માગણી કરી. પ્રત્યુત્તરમાં ફ્રોઇલે કહ્યું;

"અરે, મારા પુસ્તકો સિવાય હું શું કરું?"

યુરોપના લોકોનો આ વિદ્યાવ્યાસંગ આજે આપણે જીવનમાં અપનાવવા જેવો છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના જ્ઞાનમાં એટલું ઊંડાણ નથી, સાચી ધ્યેયનિષ્ઠા નથી, જીવનની આધ્યાત્મિક દૃષ્ટિ નથી, છતાં તે લોકો આટ-આટલા નિષ્ઠાવાન, પ્રામાણિક તથા વ્યાપારમાં પૈસા કરતાં વ્યવહારશુદ્ધિ ને સહૃદયતાની ખેલદિલી તથા સજ્જનતાને કેટ–કેટલું મહત્ત્વ આપે છે, તે દર્શાવવા માટે જે એક પ્રસંગ મારા અનુભવમાં આવ્યો છે તે હું જણાવું: એક વાર એક અલભ્ય અંગ્રેજી પુસ્તકની મારા એક મિત્રને જરૂર હતી. ભારતમાં મલતું નહોતું. પરદેશના પ્રસિદ્ધ કર્તા પ્રકાશક પાસે તે સ્ટોકમાં ન હતું. કોઈકે કહ્યું: 'લંડનમાં ફ્રોઇલને લખો!' મારા મિત્રે ફ્રોઇલને એ પુસ્તકની કિંમત પૂછાવી. કારણ કે, આમે તે પુસ્તક કીમતી હતું, અને મલતું નથી તો એની કિંમત એથીયે વધુ હોય!

આશ્ચર્ય વચ્ચે થોડા સમયમાં લંડનથી ફ્રોઈલે પુસ્તક મોકલ્યું અને એક પત્ર મળ્યો; તેમાં લખેલું કે, 'પસંદ આવે તો રાખજો, અને જરૂર ન હોય તો પાછું મોકલજો.' મને આપણા પુસ્તકવિક્રેતાઓની સંકુચિત દશા માટે દુઃખ થયું અને વિશ્વાસથી પૈસા મળ્યા વિના પુસ્તક મોકલનાર ફ્રોઇલ માટે આશ્ચર્ય થયું.

અને ત્યારબાદ તપાસ કરતાં ફ્રોઇલ વિષે જાણવા મળ્યું, તે અહીં જ નોંધીને મૂક્યું છે,

—શ્રી 'પથિક'

[કલ્યાણ : મે ૧૯૫૮ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત]

